

Page 05

# સિટી ન્યૂઝ

સૌરાષ્ટ્રનો ધબકાર...

Digital Editions

2002-2026 25 વર્ષ લગાતાર પ્રજાનો વિશ્વાસ

**Year :** 04, **Issue :** 130, Dt. 02-10-2026 (FRIDAY) Rs. 02/- **Page :** 35, RNI No. GUJGUJ/2023/84789

## ગુજરાતમાં UCCને રાષ્ટ્રપતિની મંજૂરી

# લિવ-ઈનમાં જન્મેલા બાળકો કાયદેસર ગણાશે

## વસિયત ના હોય તો સંપત્તિમાં પેરેન્ટ્સનો ભાગ લાગશેઃ અમલની તારીખ હવે રાજ્ય સરકાર નક્કી કરશે

**સિટી ન્યૂઝ@ગાંધીનગર**

રાષ્ટ્રપતિની મંજૂરી બાદ ગુજરાત સરકારે ગુજરાત યુનિફોર્મ સિવિલ કોડ, ૨૦૨૬ને ૧ ઓક્ટોબરના અસાધારણ ગેઝેટમાં ગુજરાત એક્ટ નં. ૧૫ તરીકે પ્રસિદ્ધ કર્યો છે. આ સાથે રાજ્યમાં UCCના અમલનો માર્ગ સત્તાવાર રીતે ખુલ્યો છે. કાયદો લગ્ન, છૂટાછેડા, વારસો, લિવ-ઈન સંબંધો અને પરિવાર સંબંધિત અનેક કાનૂની બાબતો માટે એકરૂપ જોગવાઈઓ કરે છે.

UCCની સૌથી ચર્ચાસ્પદ જોગવાઈઓમાં લિવ-ઈન સંબંધો અને તેમાંથી જન્મેલા બાળકોના કાનૂની અધિકારોનો સમાવેશ થાય છે. લિવ-ઈન સંબંધોની નોંધણી અને સંબંધિત કાનૂની પ્રક્રિયા માટે જોગવાઈ કરવામાં આવી છે. સંબંધ તૂટે ત્યારે મહિલાના ભરણપોષણ અને અન્ય કાનૂની હક્ક અંગે પણ જોગવાઈઓ કરવામાં આવી છે. આ સાથે લિવ-ઈનમાં જન્મેલા બાળકના અધિકારોને કાયદાકીય સુરક્ષા આપવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.

UCC હેઠળ વસિયત વિના વ્યક્તિનું મૃત્યુ થાય ત્યારે મિલકતના વારસાગત હક્ક માટે એકરૂપ નિયમો લાગુ થશે. પુત્ર અને પુત્રીને વારસામાં સમાન અધિકાર આપવાની જોગવાઈ છે. પત્ની, બાળકો તથા કાયદા મુજબના અન્ય વારસદારોના હક્ક પણ નિર્ધારિત કરવામાં આવ્યા છે. એટલે હવે માત્ર વસિયત ન હોવાને કારણે પરિવારના સભ્યોના વારસાગત હક્ક અનિશ્ચિત રહે તેવી સ્થિતિ ઘટાડવાનો હેતુ છે.




UCC હેઠળ લગ્નની નોંધણી ફરજિયાત બનાવવામાં આવી છે, જેથી લગ્નનો સત્તાવાર રેકોર્ડ ઉપલબ્ધ રહે અને ભરણપોષણ, મિલકત તથા અન્ય કાનૂની વિવાદોમાં પુરાવા તરીકે ઉપયોગ થઈ શકે. કાયદામાં બહુપત્નીત્વ પર પણ પ્રતિબંધની જોગવાઈ છે. બાળલગ્ન અટકાવવા અને લગ્ન સંબંધિત છેતરપિંડી સામે કાર્યવાહી માટે પણ જોગવાઈઓ કરવામાં આવી છે.

કાયદા હેઠળ છૂટાછેડા માટે એકરૂપ પ્રક્રિયા નક્કી કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. સંબંધ તૂટ્યા બાદ ભરણપોષણ અને આર્થિક સુરક્ષા સંબંધિત જોગવાઈઓ પણ કરવામાં આવી છે. બાળકોની કસ્ટડી નક્કી કરતી વખતે બાળકના હિતને ધ્યાનમાં રાખીને માતા-પિતા બંનેના અધિકારોને કાનૂની માળખામાં આવરી લેવામાં આવ્યા છે. UCC સમગ્ર ગુજરાતમાં લાગુ થશે, પરંતુ બંધારણની કલમ ૩૪૨ હેઠળની અનુસૂચિત જનજાતિઓને કાયદાની જોગવાઈઓમાંથી બાકાત રાખવામાં આવી છે.

## કોના પર UCC લાગુ નહીં પડે?

**અનુસૂચિત જનજાતિઓઃ** બંધારણની કલમ ૩૪૨ હેઠળ આવતી અનુસૂચિત જનજાતિઓને UCCમાંથી બાકાત રાખવામાં આવી છે. પરંપરાગત અધિકારો ધરાવતા સમુદાયોઃ બંધારણના ભાગ XXI હેઠળ જેમના પરંપરાગત અધિકારો સુરક્ષિત છે, એવા કેટલાક વ્યક્તિઓ અને સમુદાયો માટે પણ કાયદામાં અપવાદ રાખવામાં આવ્યો છે.

## UCCના 15 મોટા ફેરફાર

- **લગ્ન નોંધણી ફરજિયાતઃ** દરેક લગ્નનો સરકારી રેકોર્ડ રહેશે.
- **બાળલગ્ન પર કડકાઈઃ** બાળલગ્ન રોકવા નિયમો અને સજા વધુ કડક.
- **બહુપત્નીત્વ પર પ્રતિબંધઃ** એકથી વધુ લગ્ન પર રોક.
- **નકલી લગ્નો પર નિયંત્રણઃ** નોંધણી અને ચકાસણીથી છેતરપિંડી પર લગામ.
- **લિવ-ઈનને કાનૂની માળખુંઃ** લિવ-ઈન સંબંધોની નોંધણી અને અધિકારો નક્કી.
- **સંબંધ તૂટે તો સુરક્ષાઃ** મહિલાના ભરણપોષણ સહિતના હક્કોની જોગવાઈ.
- **સમાન છૂટાછેડા પ્રક્રિયાઃ** તમામ માટે એકરૂપ કાનૂની માળખું.
- **સમાન ભરણપોષણઃ** સંબંધ તૂટ્યા બાદ આર્થિક સુરક્ષા માટે જોગવાઈ.
- **મનસ્વી છૂટાછેડા પર રોકઃ** એકપક્ષીય રીતે સંબંધ તોડવા સામે કાનૂની સુરક્ષા.
- **કસ્ટડીમાં માતાના હક્કઃ** બાળકની કસ્ટડીમાં માતા-પિતાના અધિકારો માટે જોગવાઈ.
- **સમાન વારસાગત હકઃ** દીકરી અને દીકરાને સમાન મિલકત અધિકાર.
- **પત્નીનો મિલકત હકઃ** પતિની મિલકતમાં કાયદાકીય વારસાગત હક.
- **વસિયત ન હોય તો પણ હકઃ** કાયદા મુજબ વારસદારોનો હિસ્સો નક્કી થશે.
- **વિધવા-છૂટાછેડા લીધેલી મહિલાની સુરક્ષાઃ** આર્થિક અધિકારો માટે કાનૂની જોગવાઈ.
- **ધર્મ આધારિત ભેદમાં ઘટાડોઃ** લગ્ન, છૂટાછેડા અને વારસામાં એકરૂપ કાનૂની માળખું.

# QR કોડ પર કાળું કપડું, બજારમાં NO UPI DAY

## રાજકોટમાં વેપારીઓનો ઉગ્ર વિરોધ

### વધારાના MDR ચાર્જ અને ટ્રાન્ઝેક્શન લિમિટ હટાવવાની માગ સાથે મુખ્ય બજારોમાં વિરોધ



**સિટી ન્યૂઝ@રાજકોટ**

UPI ટ્રાન્ઝેક્શન પરના વધારાના ચાર્જ અને ટ્રાન્ઝેક્શન લિમિટના વિરોધમાં રાજકોટ સહિત સમગ્ર ગુજરાતમાં આજે વેપારીઓ દ્વારા NO UPI DAY પાળવામાં આવ્યો હતો. રાજકોટની વિવિધ બજારોમાં વેપારીઓએ પોતાની દુકાનોમાં મૂકેલા UPI QR કોડ પર કાળું કપડું ઢાંકી વિરોધ નોંધાવ્યો હતો. ધર્મેન્દ્ર રોડ, ઘીકાંટા રોડ, પેલેસ રોડ અને પરા બજાર સહિતના મુખ્ય વેપારી વિસ્તારોમાં સવારથી જ વિરોધની અસર જોવા મળી હતી.

આ વિરોધને રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ સહિત વિવિધ વેપારી સંગઠનો અને ટેક્સટાઇલ એસોસિએશનોનું સમર્થન મળ્યું હતું. વેપારીઓએ આજે UPI મારફતે પેમેન્ટ સ્વીકારવાનું બંધ રાખ્યું હતું. વેપારીઓના જણાવ્યા મુજબ સામાન્ય દિવસોમાં કુલ વેપારમાં ૬૦થી ૭૦ ટકા જેટલા વ્યવહારો UPI સહિતના ડિજિટલ માધ્યમથી થાય છે. આજે UPI પેમેન્ટ બંધ રહેતા મોટી સંખ્યામાં ગ્રાહકોએ રોકડમાં વ્યવહાર કરવો પડ્યો હતો.

રાજકોટ ટેક્સટાઇલ એસોસિએશનના પ્રમુખ હિતેશ અનડકટે જણાવ્યું હતું કે રાજકોટના તમામ મુખ્ય વેપારી એસોસિએશનો ચેમ્બર ઓફ કોમર્સ સાથે મળીને આ વિરોધ કરી રહ્યા છે. તેમના જણાવ્યા મુજબ ઓનલાઈન પેમેન્ટ અને ટ્રાન્ઝેક્શન પર લગાવવામાં આવેલા નવા MDR ચાર્જ સામે સમગ્ર વેપારી આલમમાં નારાજગી છે. વેપારીઓની માગ છે કે ટ્રાન્ઝેક્શન પરના વધારાના ચાર્જ તાત્કાલિક દૂર કરવામાં આવે.

હિતેશ અનડકટના જણાવ્યા મુજબ દરરોજના રૂ.૨,૦૦૦ના ટ્રાન્ઝેક્શન સાથે જોડાયેલી મર્યાદા અને ટેક્સમાં પણ ફેરફાર કરી લિમિટ વધારવામાં આવે. સાથે જ માસિક રૂ.૧ લાખ સુધીના ટ્રાન્ઝેક્શનની મર્યાદામાં પણ યોગ્ય વધારો કરવાની માગ વેપારીઓ દ્વારા કરવામાં આવી છે. તેમના જણાવ્યા મુજબ નવા ચાર્જનો બોજ વેપારીઓ પર પડી રહ્યો છે અને નાના-મોટા તમામ વેપારીઓને તેની અસર થઈ શકે છે.

વેપારી સંગઠનોએ સરકાર અને સંબંધિત સત્તાવાળાઓ સમક્ષ વધારાના ચાર્જ તાત્કાલિક દૂર કરવાની માગ કરી છે. વેપારીઓનું કહેવું છે કે તેમની રજૂઆતોનો ઉકેલ નહીં આવે તો આગામી દિવસોમાં આંદોલનને વધુ ઉગ્ર બનાવવામાં આવશે. NO UPI DAYના કારણે રાજકોટની મુખ્ય બજારોમાં આજે ડિજિટલ પેમેન્ટની જગ્યાએ રોકડ વ્યવહારોનું પ્રમાણ વધ્યું હતું.

UPIના વધારાના ચાર્જ અને ટ્રાન્ઝેક્શન લિમિટના વિરોધમાં વેપારીઓએ અનોખી રીતે QR કોડ ઢાંકીને વિરોધ નોંધાવ્યો હતો. વેપારી સંગઠનોની માગ છે કે વધારાના MDR ચાર્જ દૂર કરવામાં આવે, રૂ.૨,૦૦૦ના ટ્રાન્ઝેક્શન સંબંધિત મર્યાદામાં ફેરફાર થાય અને માસિક રૂ.૧ લાખની મર્યાદામાં પણ વધારો કરવામાં આવે. રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ સહિત વિવિધ સંગઠનોએ NO UPI DAYને સમર્થન આપ્યું હતું.




# સ્માર્ટ સિટીના દાવાઓ ગટરમાં

# નાગેશ્વર બન્યું ગટરનગર! 5 દિવસથી રસ્તા પર ગટરના ગંદા પાણીનો કબજો

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકાના 'સ્માર્ટ સિટી'ના બણગાં ફૂંકતા દાવાઓની ભયાનક વાસ્તવિકતા નાગેશ્વર વિસ્તારમાં ગટરના ગંદા પાણીમાં તરતી જોવા મળી રહી છે. પટેલ ચોક પાસે આવેલ પરમેશ્વર હાઇટ્સની આસપાસના રસ્તાઓ પર ગટરના દુર્ગંધ મારતા પાણી ફરી વળ્યા છે અને સમગ્ર માર્ગ અસહ્ય કાદવ-કીચડમાં ફેરવાઈ ગયો છે. ગંદકીનું પ્રમાણ એટલું હદે વકરી ગયું છે કે લોકોને શુદ્ધ હવા તો દૂર, પણ વાહન ચલાવવું કે ઘરની બહાર પગ મુકવો પણ દોહ્યલો બની ગયો છે.

એક તરફ સ્વચ્છતા અભિયાનના મોટા બણગાં ફૂંકવામાં આવે છે, તો બીજી તરફ અહીંના સ્થાનિકો ગંદકીના આ નરકમાં શ્વાસ લેવા મજબૂર બન્યા છે.

## પરમેશ્વર હાઇટ્સના રહીશોનું જીવવું હરામ, રસ્તાઓ કાદવ-કીચડથી ખદબદી ઊઠ્યા

સ્થાનિક રહીશોની પીડા માત્ર ગંદકી પૂરતી સીમિત નથી, પરંતુ તંત્રની આળસ અને ઘોર ઉદાસીનતાએ લોકોના આક્રોશમાં ઘી હોમવાનું કામ કર્યું છે.

છેલ્લા પાંચ-પાંચ દિવસથી ગટર ઉભરાવાની આ ગંભીર સમસ્યા હોવા છતાં અને લાગતા-વળગતા વિભાગોમાં વારંવાર ફરિયાદો કરવા છતાં, આજદિન સુધી કોર્પોરેશનનો એક પણ અધિકારી આ સમસ્યાની સુધ લેવા ફરક્યો નથી. તંત્રની આ નિંભરતા અને બેજવાબદારી સ્પષ્ટપણે સાબિત કરે છે કે તેમને કરવેરા ભરતી પ્રજાની હાલાકી સાથે કોઈ જ સ્નાન-સૂતકનો સંબંધ રહ્યો નથી.હાલમાં આ વિસ્તારના રસ્તાઓ પર ગંદા પાણીનું સામ્રાજ્ય સ્થપાઈ ગયું છે, જે ગમે ત્યારે મોટી હોનારત સર્જી શકે છે. આટલી હદે ગંદકી અને કાદવ જમા થવાથી મચ્છરો અને જીવાતોનો ઉપદ્રવ વધ્યો છે, જેના કારણે વિસ્તારમાં ડેન્ગ્યુ કે મેલેરિયા જેવો ભયંકર રોગચાળો ફાટી નીકળવાની પૂરી દહેશત છે.

શું તંત્ર કોઈ નિર્દોષ લોકોના જીવ જવાની અને મોટી બીમારી ફેલાવાની રાહ જોઈ રહ્યું છે? સ્થાનિકોમાં હવે એવો જ્વાળામુખી સમો રોષ ભભૂકી ઉઠ્યો છે કે જો તાત્કાલિક ધોરણે યુદ્ધના ધોરણે સફાઈ કામગીરી શરૂ નહીં થાય, તો આગામી દિવસોમાં રસ્તા પર ઉતરીને ઉગ્ર આંદોલન કરવાની ફરજ પડશે.

## આમ આદમી પાર્ટી દ્વારા ગાંધી જયંતીએ પૂજ્ય બાપુને સૂતરની આંટી અર્પણ કરી જ્ઞાનેશ કુમારને પદભ્રષ્ટ કરવા કેન્દ્ર સરકારને અપીલ કરી




# ભાજપ સરકારે ચૂંટણી પંચને હાઈજેક કરી બંધારણ ખતરામાં મૂક્યું : ધર્મેશ ભંડેરી

- જ્ઞાનેશ કુમાર નહીં, લોકશાહીને નુકસાન કરનાર અ–જ્ઞાનેશ કુમાર
- ચૂંટણી પંચના વડાએ લોકશાહી સામે અધમ કૃત્ય કર્યું, તેમણે પદ પરથી તુરંત રાજીનામું આપવું જોઈએ

## ચૂંટણી પંચમાં જનતાનો વિશ્વાસ પુનસ્થાપિત કરવા માટે મુખ્ય ચૂંટણી કમિશનરે પદ છોડવું જ પડશે




**સિટી ન્યૂઝ@રાજકોટ**

ગાંધી જયંતીના પવિત્ર દિવસે સુરતમાં આમ આદમી પાર્ટીના નેતાઓ અને કાર્યકરોએ મહાત્મા ગાંધીજીની પ્રતિમાને સૂતરની આંટી અર્પણ કરી, વંદન કરીને ચૂંટણી પંચના મુખ્ય વડા જ્ઞાનેશ કુમારના તાત્કાલિક રાજીનામાની ઉગ્ર માંગ કરી હતી. આ કાર્યક્રમમાં આમ આદમી પાર્ટીના કોર્પોરેટર અને પ્રદેશ સંગઠન મંત્રી ધર્મેશ ભંડેરી, પૂર્વ કોર્પોરેટર અને પ્રદેશ સંગઠન મંત્રી મહેશ અણઘણ, સુરત શહેર પ્રમુખ પંકજ આંબલીયા, પૂર્વ કોર્પોરેટર અને સુરત લોકસભા પ્રમુખ વિપુલ સુહાગીયા, સુરત લોકસભા સંગઠન મંત્રી તુલસી લાલૈયા, કોર્પોરેટર પંકજ ચાવડા, વરાછા વિધાનસભા પ્રભારી રજનીકાંત વાઘાણી, લિંબાયત વિધાનસભા પ્રભારી પંકજ તાયડે, નવસારી લોકસભા પ્રમુખ ભરત પ્રજાપતિ સહિત પ્રદેશ અને શહેરના હોદ્દેદારો તથા મોટી સંખ્યામાં કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા. AAP નેતા ધર્મેશ ભંડેરીએ આક્રોશ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, ભાજપ સરકારે ચૂંટણી પંચ સાથે મળીને સમગ્ર તંત્રને હાઈજેક કરી લીધું છે અને ભારતીય લોકશાહી તથા બંધારણ અત્યારે સંપૂર્ણપણે ખતરામાં આવી ગયા હોય તેવું દેખાઈ રહ્યું છે.



આપ’ નેતા અને કોર્પોરેટર ધર્મેશ ભંડેરીએ વધુમાં ઉમેર્યું હતું કે જ્ઞાનેશ કુમારે દેશની લોકશાહી અને બંધારણને નુકસાન પહોંચાડવાનું અધમ કૃત્ય કર્યું છે, તેથી તેઓ ’જ્ઞાનેશ’ નહીં પણ લોકશાહી માટે ’અ-જ્ઞાનેશ કુમાર’ સાબિત થયા છે. દેશના ૯૦% થી વધુ રાજકીય પક્ષો, તમામ પક્ષોના વડાઓ, નેતાઓ અને સામાન્ય નાગરિકો એકસૂરે તેમને હોદ્દા પરથી તાત્કાલિક બરખાસ્ત કે પદભ્રષ્ટ કરવાની માંગ કરી રહ્યા છે.

મહાત્મા ગાંધીજીના જન્મદિવસે દેશના બંધારણને અખંડ રાખવા અને ચૂંટણી પંચ પ્રત્યે જનતાની આસ્થા પુનસ્થાપિત કરવા માટે આમ આદમી પાર્ટીની સમગ્ર સુરત ટીમે ગાંધી બાપુ અને ઈશ્વરના ચરણોમાં પ્રાર્થના કરી હતી. સાથે જ કેન્દ્ર સરકારને સ્પષ્ટ અપીલ કરી હતી કે જ્ઞાનેશ કુમારનું તાત્કાલિક રાજીનામું લેવામાં આવે અને "જ્ઞાનેશ કુમાર રાજીનામું આપો" ના સૂત્રોચ્ચાર સાથે દેશમાં લોકશાહીના રક્ષણ માટે દાખલો બેસાડવામાં આવે.



# એશિયન ગેમ્સમાં ભારતનો ગોલ્ડન પંચ

## અંકુશ, સુજીત, પરવીન અને લવલીના ચેમ્પિયન; મહિલા રિકર્વ ટીમે પણ જીત્યું સોનું



સુજીત



અંકુશ



પરવીન



લવલીના

**સિટી ન્યૂઝ@ટોક્યો**

એશિયન ગેમ્સ ૨૦૨૬માં શુક્રવારે ભારતે શાનદાર પ્રદર્શન કરતા માત્ર એક મિનિટના અંતરમાં બે ગોલ્ડ મેડલ જીત્યા હતા. બપોરે ૩:૦૮ વાગ્યે બોક્સિંગની મેન્સ ૮૦ કિગ્રા કેટેગરીમાં અંકુશ પંઘાલે ગોલ્ડ જીત્યો, જ્યારે તેના બરાબર એક મિનિટ પહેલાં રેસલિંગની મેન્સ ૬૫ કિગ્રા ફ્રીસ્ટાઇલમાં સુજીત કલકલે સુવર્ણ ચંદ્રક પોતાના નામે કર્યો હતો.

સુજીતે ફાઇનલમાં કુદિયેવ સામે જબરદસ્ત કમબેક કર્યું હતું. એક સમયે તે ૨-૯થી પાછળ હતો અને માત્ર ૧ મિનિટ ૪૦ સેકન્ડનો સમય બાકી હતો. ત્યારબાદ તેણે સતત ટેકડાઉન કરીને સ્કોર ૮-૯ કર્યો હતો. અંતિમ ૧૧ સેકન્ડમાં વધુ એક ટેકડાઉન કરીને બે પોઇન્ટ મેળવતાં સુજીતે ૧૦-૯થી જીત મેળવી ગોલ્ડ પોતાના નામે કર્યો હતો.

ત્યારબાદ બોક્સિંગમાં અંકુશ પંઘાલે મેન્સ ૮૦ કિગ્રા ફાઇનલમાં સાઉથ કોરિયાના કિમ મિન-સિયોંગને ૪-૦થી હરાવી ગોલ્ડ જીત્યો હતો. અંકુશ ૨૦૧૮માં અમિત પંઘાલ બાદ એશિયન ગેમ્સમાં બોક્સિંગમાં ગોલ્ડ જીતનાર પ્રથમ ભારતીય પુરુષ બન્યો છે. આ પહેલાં મહિલા બોક્સિંગમાં પરવીન હુડાએ ૬૫ કિગ્રા અને લવલીના બોરગોહેને ૭૫ કિગ્રામાં ગોલ્ડ જીતી ભારતને બે વધુ સુવર્ણ ચંદ્રક અપાવ્યા હતા.



ભારતીય મહિલા રિકર્વ તીરંદાજી ટીમ

પરવીન હુડાએ ફાઇનલમાં ચાઇનીઝ તાઇપેની ચેન નિએન-ચિનને ૩-૨ના સ્પ્લિટ ડિસિઝનથી હરાવી હતી. હાંગઝોઉ એશિયન ગેમ્સમાં ડોપિંગ સંબંધિત નિયમોના ભંગને કારણે પોતાનો બ્રોન્ઝ મેડલ ગુમાવ્યા બાદ પરવીને શાનદાર વાપસી કરી છે. બીજી તરફ લવલીના બોરગોહેને પણ ગોલ્ડ જીત્યો હતો. આ સાથે પહેલીવાર ભારતની બે મહિલા બોક્સરોએ એક જ એશિયન ગેમ્સમાં ગોલ્ડ મેડલ જીત્યા છે.

શુક્રવારે સવારે ભારતીય મહિલા રિકર્વ તીરંદાજી ટીમે પણ ગોલ્ડ મેડલ જીત્યો હતો. પુરુષ રિકર્વ ટીમને સાઉથ કોરિયા સામે ફાઇનલમાં હાર મળતાં સિલ્વરથી સંતોષ માનવો પડ્યો. સેપકટકરાની મેન્સ ક્વાડ્રન્ટ ટીમને જાપાન સામે સેમિફાઇનલમાં ૦-૨થી હાર મળતાં બ્રોન્ઝ મેડલ મળ્યો હતો. દિવસના આ પરિણામો બાદ ભારતના કુલ ગોલ્ડ મેડલની સંખ્યા ૧૫ થઈ ગઈ છે અને ભારત મેડલ ટેલીમાં પાંચમા સ્થાને પહોંચ્યું છે.

એશિયન ગેમ્સ ૨૦૨૬માં ભારતીય બોક્સરોએ ગોલ્ડ મેડલની સંખ્યાની દૃષ્ટિએ અત્યાર સુધીનું શ્રેષ્ઠ પ્રદર્શન કર્યું છે. ભારતે બોક્સિંગમાં ૩ ગોલ્ડ અને ૩ બ્રોન્ઝ સહિત કુલ ૬ મેડલ જીત્યા છે. ૨૦૧૦ એશિયન ગેમ્સમાં ભારતે ૨ ગોલ્ડ સહિત કુલ ૯ મેડલ જીત્યા હતા, જ્યારે ૨૦૨૨માં ૧ સિલ્વર અને ૩ બ્રોન્ઝ સહિત કુલ ૪ મેડલ મળ્યા હતા.

# અરવલ્લીમાં પોલીસ અને બિશ્નોઈ ગેંગ વચ્ચે ફાયરિંગ

## 10 દિવસમા બીજી ઘટનાઃ પોશડોડા લઈને જતી સ્કોર્પિયોને રોકતા આરોપીએ બે રાઉન્ડ ફાયરિંગ કર્યું, પોલીસે પગમાં ગોળી મારી



**સિટી ન્યૂઝ@રાજકોટ**

આજે ૨ ઓક્ટોમ્બરની વહેલી પરોઢે અરવલ્લી જિલ્લામાં નશાના કારોબારીઓ સામે પોલીસની આક્રમક ઝુંબેશ વચ્ચે માલપુરના મોરડુંગરી નજીક LCB પોલીસ અને પોશડોડાની ગેરકાયદે હેરાફેરી કરતા બિશ્નોઈ ગેંગના બે આરોપી વચ્ચે સામસામે ગોળીબારની ઘટના સામે આવી છે. ૧૦ દિવસમાં અરવલ્લીમાં ફાયરિંગ અને પોલીસ ઓપરેશનની આ બીજી ઘટના બનતાં અસામાજિક તત્વોમાં ફફડાટ વ્યાપી ગયો છે. મળતી પ્રાથમિક માહિતી મુજબ, અરવલ્લી LCBની ટીમને પોશડોડા ભરેલી એક સ્કોર્પિયો કાર પસાર થવાની માહિતી મળતાં માલપુર નજીક મોરડુંગરી પાસે વોચ ગોઠવવામાં આવી હતી. પોલીસે પોશડોડા ભરેલી સ્કોર્પિયો કારને રોકવાનો પ્રયાસ કરતા જ કારમાં સવાર બે આરોપીએ પોલીસ ટીમ પર ૨ રાઉન્ડ પોઈન્ટ બ્લેન્ક ફાયરિંગ કરી દીધું હતું.

આરોપીઓના અચાનક આક્રમક વલણ બાદ LCB ટીમે પણ સાહસિક જવાબી કાર્યવાહી કરતા ૪ રાઉન્ડ ફાયરિંગ કર્યું હતું. આ અથડામણમાં એક આરોપીના પગના ભાગે ગોળી વાગતાં તે ઈજાગ્રસ્ત થયો હતો, જેને પોલીસે તુરંત ઝડપી પાડ્યો હતો, જ્યારે બીજો આરોપી ફરાર છે.ઓપરેશન દરમિયાન ઝડપાયેલા આરોપી પાસેથી એક માઉઝર પિસ્તોલ મળી આવી હતી.

ત્યાર બાદ સ્કોર્પિયો કારની તલાશી લેતાં તેમાંથી વધુ એક માઉઝર પિસ્તોલ મળી આવતાં પોલીસે કુલ બે પિસ્તોલ કબજે કરી છે. આ દિલધડક ફાયરિંગ અને અથડામણ દરમિયાન અરવલ્લી LCBના અધિકારીઓ એમ.એચ. ઝાલા (LCB PI), પી.પી. સોલંકી (PSI), કલ્પેશસિંહ (ASI) પણ ઈજાગ્રસ્ત થયા છે.



### ગાડી મધ્યપ્રદેશથી રાજસ્થાન તરફ જઈ રહીં હતીઃ મનોહરસિંહ જાડેજા (SP)

મનોહરસિંહ જાડેજા (એસપી અરવલ્લી)એ જણાવ્યું હતું કે, ગઇકાલે રાત્રે LCB PI ઝાલા અને એમની ટીમને બાતમી હતી કે, મધ્યપ્રદેશથી રાજસ્થાન તરફ એક ગાડી નીકળવાની છે, જેમાં નાર્કોટિક્સ ભરેલું છે. એ બાતમીના આધારે અમે વોચ રાખેલી અને એ અનુસંધાને રાત્રે ૩ વાગ્યે એક શંકાસ્પદ ગાડી નીકળી. જેને રોકવાનો પ્રયત્ન કરતાં તેણે યુ-ટર્ન મારી અને રોંગ સાઇડ પર પરત આવી.

### ગાડીમાંથી 500 કિલોથી વધારે પોશડોડા મળ્યા

એ જ સમયે પોલીસની ગાડી સામે મળતાં તેની ઉપર હુમલો કરવાનો પ્રયત્ન કર્યો એટલે બંન્ને ગાડી સામસામે અથડાઈ. જે બાદ આરોપીએ પોલીસ પર હુમલો કરવાનો પ્રયત્ન કર્યો એટલે અમે આરોપી ઉપર ચાર રાઉન્ડ ફાયરિંગ પણ કર્યું છે.આ ગાડીમાંથી અમને ૫૦૦ કિલોથી વધારે પોશડોડા મળ્યા છે અને અંદરથી બે હથિયાર, એક મોબાઈલ પણ મળ્યા છે. અમે આગળની તપાસ કરી રહ્યા છીએ.

### બિશ્નોઈ ગેંગનું કનેક્શન અને 10 દિવસમાં સતત બીજી ઘટના

માદક પદાર્થોની ગેરકાયદે હેરાફેરીના આ સમગ્ર મામલામાં ફરી એકવાર બિશ્નોઈ ગેંગનું નામ સામે આવી રહ્યું છે. બિશ્નોઈ ગેંગ દ્વારા પોશડોડાની હેરાફેરી વધુ ઘાતક બની રહી હોવાનું પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે.નોંધનીય છે કે, અરવલ્લીમાં ગત ૨૨ સપ્ટેમ્બરે પણ સ્કોર્પિયો કાર પર ફાયરિંગની ઘટના બની હતી. (વાંચો સંપૂર્ણ અહેવાલ) ૧૦ દિવસમાં સતત બીજીવાર બનેલી આ ઘટનાથી NDPS હેઠળ કાર્યવાહી કરતી અરવલ્લી પોલીસ વધુ આક્રમક બની છે. હાલ પોલીસે આરોપીઓ, પોશડોડાનો જથ્થો અને હથિયારો ક્યાંથી લાવવામાં આવ્યા હતા તે દિશામાં ઘનન તપાસ શરૂ કરી છે.

## વિદેશમંત્રી એસ જયશંકરે અમેરિકામાં આપેલી ચેતવણીથી ખળભળાટ

# દેશમાં સૌથી મોટા અનાજ સંકટના ભણકારા ?




**સિટી ન્યૂઝ@નવીદિલ્હી**

વિદેશમંત્રી એસ જયશંકરે અમેરિકામાં એક કાર્યક્રમ દરમિયાન વિશ્વ સામેના પડકારોનો ઉલ્લેખ કરતા ભારતના સંદર્ભમાં ખાદ્યાન્ન સંકટ અંગે વાત કરી. જેમા ઊર્જા અને ફર્ટિલાઈઝર્સ (ખાતરો) ની સાથે-સાથે અનાજના સંકટનો પણ ઉલ્લેખ કર્યો. જે બાદ દેશમાં અનેક આશંકાઓ વ્યક્ત કરાઈ રહી છે. એકતરફ કૃષિમંત્રી શિવરાજસિંહ ચૌહાણ કહી ચુક્યા છે કે ક્યાંક ભારે વરસાદ તો ક્યાંક દુષ્કાળને કારણે પહેલેથી જ પાક નુકસાનની સ્થિતિ બનેલી છે.

વિદેશમંત્રી એસ જયશંકરે કહ્યુ કે અમે સુપર અલ નિનોની ગતિવિધિ પર નજર રાખી રહ્યા છીએ. જેને જોતા ભારત પર સૌથી મોટુ ખાદ્યાન્ન સંકટ આવવાનું જોવાઈ રહ્યુ છે. સમગ્ર દુનિયા અત્યારે એક મોટા સંકટનો સામનો કરી રહ્યુ છે. પશ્ચિમ એશિયામાં તણાવને પગલે પહેલેથી જ વિશ્વમાં ઊર્જાનું સંકટ છે. આંતરરાષ્ટ્રીય માર્કેટમાં તેલની કિંમતોએ તમામ રેકોર્ડ તોડી નાખ્યા છે. રશિયા- યુક્રેન યુદ્ધને કારણે રાસાયણિક ખાતર સંકટ પણ ચાલી રહ્યુ છે.

ભારતમાં વિષમ વાતાવરણને કારણે ક્યાંક અતિ ભારે વરસાદ તો ક્યાંક સાવ દુષ્કાળની સ્થિતિને કારણે પાક નાશ પામ્યો છે. ઉપરથી અલ નિનોની ચેતવણીએ ચિંતા વધારી દીધી છે. આ સમયે વિદેશમંત્રી એસ જયશંકરે ખળભળાટ મચાવી દીધો છે. અમેરિકામાં એક કાર્યક્રમમાં જયશંકરે મધ્ય-પૂર્વ અને બ્લેક સીમાં ચાલી રહેલા યુદ્ધોને કારણે દુનિયામાં આવી રહેલી કટોકટી પર ચિંતા વ્યક્ત કરી. જયશંકરે ભારતમાં ખાદ્યાન્ન અને ખાતરની અછત અંગેનો ઉલ્લેખ કર્યો તો સહુ ચોંકી ગયા છે.

મધ્ય એશિયા અને રશિયા-યુક્રેન વચ્ચે છેડાયેલા યુદ્ધને કારણે જયશંકરે તેમની ચિંતા વ્યક્ત કરી. પરંતુ ભારતની સમસ્યા આ ઉપરાંત હવામાન પણ છે. હાલ મહારાષ્ટ્રમાં દુષ્કાળની સ્થિતિ બનેલી જોઈ શકાય છે. ઉભા પાકને જો પાણી ન મળ્યુ તે પાક બળી જવાની ભીતિ છે. બીજી તરફ અનેક એવા રાજ્યો છે જ્યાં ભારે વરસાદને કારણે પાક બર્બાદ થઈ ગયો. ખેતરોમાં લહેરાતા ઘઉંના પાક પૂરના પાણીમાં તણાઈ ગયો. ખુદ કૃષિમંત્રી સ્વીકારી ચુક્યા છે કે આ વર્ષે ૧૨% વરસાદ ઓછો થયો છે. વરસાદી ઘટને કારણે ખરીફ પાકોમાં ઓછુ વાવેતર નોંધાયુ છે.ખાદ્યાન્ન સંકટને લઈને ચિંતા એ વાતને લઈને પણ છે કે આ વખતે ખરીફ પાકોનું વાવેતર ક્ષેત્રફળ ગત વર્ષ કરતા એક ટકા ઓછુ રહ્યુ છે. જેનાથી અનાજનું ક્ષેત્રફળ લગભગ ૧૬.૩૨ લાખ હેક્ટર ઘટ્યુ છે. જેનાથી મકાઈ, સોયાબિન અને કપાસનું ઉત્પાદન ઘટ્યુ છે. જો કે અડદ, બાજરી, જુવાર, તુવેર, તેલ, સુરજમુખીનું ઉત્પાદન વધ્યુ છે પરંતુ ભારે વરસાદને કારણે આવેલા પૂરથી ૬.૧૧ લાખ હેક્ટરમાં પાક પ્રભાવિત થયો છે.

વરસાદને કારણે કર્ણાટક, મહારાષ્ટ્ર, આંધ્ર પ્રદેશ, તેલંગાણા અને રાજસ્થાનના કેટલાક હિસ્સામાં નુકસાનની જાણકારી મળી છે. મહારાષ્ટ્રના અનેક જિલ્લા દુષ્કાળગ્રસ્ત જાહેર કરાયા છે. અહીંના ખેડૂતો ચોમાસાની રાહ જોતા જ રહી ગયા અને ખેતરમાં સોયાબિન અને કપાસ સહિતના પાકો પાણીની અછતને કારણે બર્બાદ થઈ ગયા. હાલ સ્થિતિ એ છે કે દુષ્કાળે ખેડૂતોને ક્યાંય ના નથી રહેવા દીધા.

વરસાદના ડેટા જણાવે છે કે મહારાષ્ટ્રના અનેક જિલ્લા દુષ્કાળથી પ્રભાવિત છે. આ જિલ્લાઓમાં અમરાવતી, નાગપુર, વર્ધા, અકોલા, બુલઢાણા, વાશીમ, યવતમાલ, ચંદ્રપુર, હિંગોળી, પરભણી, બીડ, સોલાપુર, સાંગલી અને સતારા સામેલ છે. રાજ્યના રિપોર્ટ અનુસાર અનેક જિલ્લાઓમાં વરસાદમાં મોટો ઘટાડો નોંધાયો છે. સોલાપુર સૌથી વધુ દુષ્કાળથી પ્રભાવિત છે. જ્યાં ૫૬% વરસાદની અછત રહી.

### રવિ પાક પર પણ મૌસમનો માર પડવાની આશંકા

ખરીફ પાક સંપૂર્ણપણે બર્બાદ થઈ ગયો છે. હજુ રવિપાક પર પણ સંકટ તોળાઈ રહ્યુ છે. અલનિનોને કારણે રવિ પાક પર પણ બર્બાદીનું સંકટ તોળાઈ રહ્યુ છે. પર્યાવરણ પર નજર રાખી રહેલી વૈશ્વિક સંસ્થાઓએ ચેતવ્યા છે કે અલનિનોના સક્રિય થયા બાદ હવામાન માં વ્યાપક પ્રમાણમાં ફેરફાર જોવા મળશે. ક્યાંક અતિશય વરસાદ તો ક્યાંક બહુ ગરમી પડશે. ભારતના કેન્દ્રમાં રાખીને જોઈએ તો ઓક્ટોબર-નવેમ્બર બાદ ઠંડી વધે છે, પરંતુ અલનિનોની અસરને કારણે તાપમાનમાં વધારો થશે. ગરમી વધુ પડશે જેના કારણે હવામાન ભેજ ઘટશે, મોઈશ્ચર નહીં જળવાય. જેની સીધી અસર રવિ પાક પર જોવા મળશે. ખાસ કરીને ઘઉંના પાક પર તેની સીધી અસર જોવા મળશે. એશિયાઈ દેશો પહેલેથી જ વૈશ્વિક સંકટનો સામનો કરી રહ્યા છે. આપણી સમક્ષ ઊર્જા સંકટ તો મોં ફાડીને ઉભુ જ છે. એવા સમયે અનાજના વાવેતર અને પાકની ગુણવત્તા અને ઉત્પાદન પર પણ તેની અસર જોવા મળશે.

# વર્ક ફ્રોમ હોમની આડમાં દેશભરમાં સેક્સ રેકેટનો ભંડાફોડ

## 30થી વધુ યુવતીઓના વીડિયો-ચેટ મળ્યા; 200થી વધુ યુવતીઓનો સંપર્ક, જોધપુરની યુવતીને બ્લેકમેલ કરી હોટલમાં બોલાવી બળાત્કારનો આરોપ




## મુંબઈથી ચલાવી રહ્યા હતા દેશભરમાં સેક્સ રેકેટ




**સિટી ન્યૂઝ@જોધપુર**

વર્ક ફ્રોમ હોમના નામે યુવતીઓને ઓનલાઈન કામની લાલચ આપી તેમની અંગત માહિતી અને વાંધાજનક વીડિયો મેળવી બ્લેકમેલ કરવાના કથિત રેકેટનો જોધપુર ગ્રામીણ પોલીસે પર્દાફાશ કર્યો છે. પોલીસ તપાસમાં આરોપીઓના મોબાઈલમાંથી ૩૦થી વધુ યુવતીઓના વીડિયો અને ચેટ મળી આવ્યા હોવાનું સામે આવ્યું છે. ઉપરાંત ૨૦૦થી વધુ યુવતીઓ સાથે સંપર્ક થયાના રેકોર્ડ પણ પોલીસને મળ્યા છે.

પોલીસના જણાવ્યા મુજબ, આરોપીઓ સોશિયલ મીડિયા પર રીલ્સને લાઈક, શેર અને રિવ્યુ કરવા જેવા નાના-નાના ટાસ્ક આપીને યુવતીઓનો સંપર્ક કરતા હતા. ત્યારબાદ વર્ક ફ્રોમ હોમના નામે આઈડી પ્રૂફ અને અન્ય વિગતો મેળવવામાં આવતી હતી. ધીમે ધીમે યુવતીઓને અંગત તસવીરો અને વીડિયો મોકલવા માટે દબાણ કરવામાં આવતું અને ત્યારબાદ તેનો ઉપયોગ કથિત બ્લેકમેલ માટે કરવામાં આવતો હતો.

આ સમગ્ર મામલો જોધપુરની એક યુવતીની ફરિયાદ બાદ સામે આવ્યો. ફરિયાદ મુજબ, યુવતીએ ઓનલાઈન વર્ક ફ્રોમ હોમની જાહેરાત જોઈ હતી. જાહેરાત પર ક્લિક કર્યા બાદ આરોપીઓએ તેનો સંપર્ક કર્યો અને કામ આપવાના બહાને જરૂરી દસ્તાવેજો લીધા હતા. ત્યારબાદ તેને સોશિયલ મીડિયા ટાસ્ક આપવામાં આવ્યા અને પછી અંગત વીડિયો મેળવીને વાયરલ કરવાની ધમકી આપવામાં આવી હોવાનો આરોપ છે.

ફરિયાદમાં યુવતીએ આરોપ લગાવ્યો છે કે વીડિયો



વાયરલ કરવાની ધમકી આપીને તેની પાસેથી રૂપિયા પણ પડાવવામાં આવ્યા હતા. વધુમાં મુખ્ય આરોપી જોધપુર આવ્યો અને યુવતીને હોટલમાં બોલાવી તેની સાથે બળજબરી કરી હોવાનો આરોપ ફરિયાદમાં કરવામાં આવ્યો છે. આ મામલે પોલીસ દ્વારા અલગ-અલગ પાસાંની તપાસ કરવામાં આવી રહી છે. જોધપુર રેન્જના પોલીસ મહાનિરીક્ષક સત્યેન્દ્ર સિંહ અને જોધપુર ગ્રામીણ પોલીસ અધિક્ષક પંકજ યાદવના માર્ગદર્શન હેઠળ સાયબર સેલે તપાસ શરૂ કરી હતી. આરોપીઓની ઓનલાઈન ગતિવિધિઓ પર નજર રાખ્યા બાદ પોલીસની ટીમ મુંબઈ પહોંચી હતી. લગભગ બે દિવસની રેકી બાદ મુંબઈમાંથી ફૈજાન અહમદ અને તેના સાથીદાર આમીર હુસૈનની ધરપકડ કરવામાં આવી હતી.

પોલીસને તપાસ દરમિયાન એક કંપનીના નામે ચાલતી વર્ક ફ્રોમ હોમ સંબંધિત પ્રોફાઈલ અને તેમાં યુવતીઓના મોબાઈલ નંબર, ઈ-મેલ આઈડી તથા ટાસ્ક સંબંધિત વિગતો મળી હોવાનું જણાવાયું છે.

## LPG ડિસ્ટ્રિબ્યુટરો હવે રાષ્ટ્રીય સ્તરે લડતના મંડાણ કરશે

# નવી દિલ્હીમાં 26 ઓક્ટોબરે જંતર-મંતર રાષ્ટ્રીય ધરણાં




### ■ 200થી વધુ ડિસ્ટ્રિબ્યુટરો અને રાષ્ટ્રીય હોદ્દેદારોની હાજરીમાં લડતની આગામી રણનીતિ નક્કી થશે

### ■ કમિશન વધારાથી e-KYCના વળતર સુધીઃ દેશભરમાંથી 7,500થી વધુ રજીસ્ટ્રેશન

**સિટી ન્યૂઝ@રાજકોટ**

LPG ડિસ્ટ્રિબ્યુટરોના લાંબા સમયથી પડતર પ્રશ્નો, વધતા ઓપરેશનલ ખર્ચ, મર્યાદિત કમિશન તથા વિવિધ નીતિગત મુદ્દાઓ અંગે ચર્ચા કરવા રાજકોટ ખાતે રાષ્ટ્રીય કક્ષાની મહત્વપૂર્ણ બેઠક યોજાઈ રહી છે. આ બેઠકમાં IOCL, BPCl અને HPCl ના રાષ્ટ્રીય કક્ષાના LPG ડિસ્ટ્રિબ્યુટર એસોસિએશનના હોદ્દેદારો તથા પ્રતિનિધિઓ, ગુજરાત એસોસિએશનના કારોબારી સભ્યો તેમજ ગુજરાતના વિવિધ વિસ્તારોમાંથી આશરે ૨૦૦ જેટલા LPG ડિસ્ટ્રિબ્યુટરો ઉપસ્થિત રહીને પોતાના પ્રશ્નો અને સૂચનો રજૂ કરશે. રાજકોટ સહિત ગુજરાત ભરના દેશના અલગ અલગ રાજ્યોમાંથી પણ ડિસ્ટ્રીબ્યુટરો ઉપસ્થિત રહેશે.

ખાડી યુદ્ધ બાદ સમગ્ર દેશના ડિસ્ટ્રીબ્યુટોરોને સ્થિતિ કફોળી બની છે.ત્યારે તેમના અનેક પ્રશ્નોને લઈને રાજકોટમાં લડતના મંડાણશરૂ કરવામાં આવશે. ગુજરાત ભરના ગેસ એજન્સીઓના ડિસ્ટ્રીબ્યુટર ઓફ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેશે અને પોત પોતાના પ્રશ્નો આ બેઠકમાં રજૂ કરશે.. રાજકોટ ની ઠાકર હોટલ ખાતે આગામી ૨ તારીખે સવારે ૧૦:૦૦ વાગ્યાથી આ મહત્વપૂર્ણ બેઠક શરૂ થશે. જેમાં મોટી સંખ્યામાં સૌરાષ્ટ્રને ગુજરાત ભરમાંથી ડીસ્ટ્રિબ્યુટર તથા રાષ્ટ્રીય કક્ષાના હોદ્દેદારો ઉપસ્થિત રહેશે.

સરકાર સમક્ષ પોતાનો અવાજ બુલંદ બને તે માટે આ મહત્વપૂર્ણ બેઠકનું આયોજન કરવામાં આવ્યું છે.. માત્ર ગુજરાત જ નહીં પરંતુ સમગ્ર દેશના ડિસ્ટ્રીબ્યુટરરોમાં ઘણા સમયથી અનેક પ્રશ્નોને લઈને પરેશાની ચાલી રહી છે ત્યારે આ પરેશાની રજૂ કરવા માટે મોટી સંખ્યામાં ડિસ્ટ્રીબ્યુટર હાજર રહેશે અને પોતપોતાની વાત આ બેઠકમાં રજૂ કરશે.

સરકાર સુધી પોતાની વાત રજૂ કરવા માટે આગામી સમયમાં કઈ રીતે લડત ચલાવી અને પ્રશ્નોનું નિરાકરણ કઈ રીતે લાવવું તે બાબતે પણ આ બેઠકમાં ચર્ચા કરવામાં આવશે.

આ બેઠકમાં એલપીજી ડિસ્ટ્રીબ્યુટર એસોસિયેશન ઈન્ડિયા (લડાઈ) રાષ્ટ્રીય અધ્યક્ષ બી.એસ.શર્મા.નાયબ અધ્યક્ષ કે કે ધનોત્રયા ગુજરાતના પ્રમુખ રાજેન્દ્ર કુમાર રાઠોડ, રાષ્ટ્રીય કારોબારીના સદસ્ય સુરેશભાઈ પરમાર અને જોનલ અધ્યક્ષ કમલસિંગ તોમર સહિતના હોદ્દેદારો ખાસ ઉપસ્થિત રહેશે.

## જંતર-મંતર ધરણા

ડિસ્ટ્રિબ્યુટર એસોસિએશનો દ્વારા પ્રશ્નોના ઉકેલ માટે તબક્કાવાર અને શાંતિપૂર્ણ કાર્યક્રમો હાથ ધરવાની રણનીતિ નક્કી કરવામાં આવી છે. જંતર-મંતર કાર્યક્રમ બાદ સરકાર તથા ઓઈલ કંપનીઓ તરફથી મળતા પ્રતિસાદ અને માંગણીઓ અંગેની પ્રગતિના આધારે રાષ્ટ્રીય સંગઠનો દ્વારા આગળની સામૂહિક રણનીતિ નક્કી કરવામાં આવશે. આગામી સમયમાં પણ પ્રશ્નોનો ઉકેલ ન થાય ત્યાં સુધી લડત યથાવત રહેશે.

## જંતર-મંતર, નવી દિલ્હી ખાતે રાષ્ટ્રીય આંદોલન

ડિસ્ટ્રિબ્યુટરોના પ્રશ્નોને રાષ્ટ્રીય સ્તરે રજૂ કરવા માટે તા. ૨૬ ઓક્ટોબર ૨૦૨૬ના રોજ નવી દિલ્હી ખાતે જંતર-મંતર પર વિશાળ શાંતિપૂર્ણ ધરણા અને વિરોધ કાર્યક્રમ યોજાશે. આજની તારીખે આ કાર્યક્રમ માટે દેશભરમાંથી ૭,૫૦૦ જેટલા રજીસ્ટ્રેશન થઈ ચૂક્યા છે, જે ડિસ્ટ્રિબ્યુટર સમુદાયની વ્યાપક ભાગીદારી દર્શાવે છે. આ કાર્યક્રમમાં દેશભરના IOCL, BPCL અને HPCL LPG ડિસ્ટ્રિબ્યુટરો તથા રાષ્ટ્રીય અને રાજ્ય કક્ષાના એસોસિએશનના હોદ્દેદારો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી સરકાર અને સંબંધિત સત્તાધિકારીઓ સમક્ષ પોતાની માંગણીઓ રજૂ કરશે. ગુજરાતમાંથી પણ કારોબારી સભ્યો તથા આશરે ૨૦૦ જેટલા ડિસ્ટ્રિબ્યુટરો જંતર-મંતર કાર્યક્રમમાં જોડાઈને ગુજરાતના ડિસ્ટ્રિબ્યુટર સમુદાયનો એકસૂરો અવાજ રાષ્ટ્રીય સ્તરે રજૂ કરશે.

## મુખ્ય માંગણીઓ...

- **કમિશનમાં તાત્કાલિક વધારો :** વધતા વિતરણ ખર્ચને ધ્યાનમાં રાખીને વહીવટી ચાર્જ તથા હોમ ડિલિવરી ચાર્જમાં તાત્કાલિક રૂપિયા ૭૫ નો વધારો કરવામાં આવે તેમજ De Novo Studyની ભલામણો મુજબ યોગ્ય સુધારો કરવામાં આવે.વિતરકો ના કમિશન માં છેલ્લા ૪ વર્ષથી વધારો થયો નથી.
- **e-KYC માટે રૂપીયા ૨૩૬નું વળતર આપવામાં આવે :** OMCS દ્વારા LPG ડિસ્ટ્રિબ્યુટરો મારફતે કરવામાં આવતા દરેક e KYC માટે રુપિયા ૨૩૬નું યોગ્ય વળતર ચૂકવવામાં આવે.કારણ કે વિતરકો દ્વારા ગ્રાહકો ના e-kyc કરવા માટે ખુબજ મોટો વહીવટી ખર્ચ તેમજ મહેનત કરવા માં આવેલ છે.
- **PNG અંગે યોગ્ય નીતિ :** ગ્રાહકો ઉપર કોઈ એક વિકલ્પ લાદવામાં ન આવે. ગ્રાહકોને તેમની જરૂરિયાત અને પસંદગી મુજબ LPGનો વિકલ્પ ઉપલબ્ધ રહે તથા ભારત ગ્રાહક હિતોનું રક્ષણ થાય ૪.નવા Domestic LPG કનેક્શન અંગે સ્પષ્ટતા કરવામાં આવે.નવા Domestic LPG કનેક્શન અંગેની અનિશ્ચિતતા દૂર કરવામાં આવે અને જ્યાં જરૂરી હોય ત્યાં નવી કનેક્શન પ્રક્રિયા પુન શરૂ કરવામાં આવે. રાજકોટ ખાતે મળનારી બેઠકમાં રાષ્ટ્રીય કક્ષાના હોદ્દેદારો ઉપસ્થિત રહેશે સાથે જ ગુજરાતના હોદ્દેદારો પણ ઉપસ્થિત રહેશે રાજકોટની ટીમ દ્વારા આ મામલે તડામારમાં તૈયારીઓ શરૂ કરવામાં આવી છે.. વર્ષોથી પોતાના પ્રશ્નોને લઈને ડિસ્ટ્રીબ્યુટર ઓપરેશન છે ત્યારે આ પ્રશ્નીનું નિરાકરણ આવે અને સરકાર સુધી પોતાની વાત પહોંચે તે માટેના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. સમગ્ર દેશમાં એલપીજી ડિસ્ટ્રીબ્યુટર ની હાલત ઘણા વર્ષોથી પકોડી બની છે. અમુક ડિસ્ટ્રીબ્યુટરોને આ વ્યવસાયથી પોતાનું ઘર ચલાવવું પણ મુશ્કેલ બની ગયું છે ત્યારે આગામી સમયમાં પોતાના પ્રશ્નોનું નિરાકરણ આવે તે માટે આ લડતના મંડળ શરૂ કરવામાં આવ્યા છે... રાજકોટ ખાતે મળનારી ડિસ્ટ્રીબ્યુટરો ની બેઠકમાં લડોતના મંડાણ શરૂ કરવામાં આવ્યા છે અને આગામી સમયની રણનીતિ પણ નક્કી કરવામાં આવશે.

## સિયાસતઃ જાતીય અને ક્ષેત્રીય સમીકરણ સાધી રહી ભાજપ

# રાજ્યસભાની 10 સીટોમાં છુપાયેલો 2027નો યુપી પ્લાન



**સિટી ન્યૂઝ@નવીદિલ્હી**

ઉત્તર પ્રદેશમાં આવતા વર્ષે યોજાનારી વિધાનસભા ચૂંટણી પહેલા રાજ્યસભાની ૧૦ સીટોની ચૂંટણી ભાજપ માટે માત્ર ઉપલા ગૃહમાં સંખ્યા જાળવી રાખવાનો મામલો નથી. આ સીટો દ્વારા પાર્ટી ૨૦૨૭ માટે જાતીય, ક્ષેત્રીય અને રાજકીય સમીકરણો સાધીને ચૂંટણીલક્ષી સોશિયલ એન્જિનિયરિંગની મોટી તક તરીકે લઈ રહી છે. ખાસ કરીને બ્રાહ્મણ અને બિન-યાદવ પછાત વર્ગોને મજબૂત સંદેશ આપવા અને દલિત સામાજિક આધારમાં ગાબડું પાડવા પર નજર છે. નોંધનીય છે કે ૨૫ નવેમ્બરે જે ૧૦ રાજ્યસભા સભ્યોનો કાર્યકાળ પૂરો થઈ રહ્યો છે, તેમાં ભાજપના આઠ, સપા અને બસપાના એક-એક સભ્ય છે.ઉત્તર પ્રદેશમાં પાર્ટીની રણનીતિના જાણકારો જણાવે છે કે ત્યાં આ સમયે ભાજપની પહેલી પ્રાથમિકતા બ્રાહ્મણ મતદારોની નારાજગી દૂર કરવાની અને બીજી મોટી પ્રાથમિકતા બિન-યાદવ ઓબીસી (OBC) સામાજિક આધારને સાધવાની છે. લોધી, કુર્મી, મૌર્ય-શાક્ય-સૈની, નિષાદ અને રાજભર જેવા સમૂહોને સાધવામાં રાજ્યસભાની સીટો રાજકીય સંદેશનું માધ્યમ બની શકે છે.  સમાજવાદી પાર્ટીના ઉમેદવાર તરીકે રાજ્યસભા માટે ઉમેદવારી નોંધાવતા ધનરાજ નાથવાણી. તેમની સાથે હાજર સપાના રાષ્ટ્રીય અધ્યક્ષ અખિલેશ યાદવ અને રામગોપાલ યાદવ.

## સીટ અને વોટનું ગણિત

| 403 | 396 | 37 |
|---|---|---|
| કુલ સભ્યો | વર્તમાનમાં | આશરે એક સીટ માટે મત |

| 288 | 13 | 6 |
|---|---|---|
| એનડીએ (NDA) | અપના દળ (એસ) | સુભાસપા |
| 255 | 9 | 5 |
| ભાજપ | આરએલડી | નિષાદ પાર્ટી |

(જ્યારે જનસત્તા દળ લોકતાંત્રિકના બે અને ત્રણ અપક્ષ ધારાસભ્યોના સમર્થનની પણ અપેક્ષા – કુલ 293)

| ભાજપ | સપા | કોંગ્રેસ |
|---|---|---|
| 103 | 101 | 2 |

## આ નામો છે ચર્ચામાં

સંભવિત ઉમેદવારો તરીકે ચર્ચામાં પૂર્વ સાંસદ અને ભાજપ મહામંત્રી હરીશ દ્વિવેદી, ભાજપ મહામંત્રી સ્મૃતિ ઈરાની, કેન્દ્રીય મંત્રી બીએલ વર્મા, હરદીપ સિંહ પુરી, સત્યપાલ સિંહ, ડૉ. સંજીવ બાલિયાન, સુરેશ રાણા, રાજેન્દ્ર અગ્રવાલ, કૌશલ કિશોર, રાજવીર સિંહ, રાઘવેન્દ્ર સિંહ, પૂર્વ ડીજીપી બ્રિજ લાલ, ગીતા શાક્ય, સીમા દ્વિવેદી અને વિનય સહસ્ત્રબુદ્ધેના નામ ચર્ચામાં છે.

## એક સીટ માટે જોર-આજમાઈશ

ભાજપ સાત સીટો સરળતાથી જીતી શકે છે. જ્યારે સપા બે. ભાજપને આઠમા ઉમેદવાર માટે લગભગ પાંચ ધારાસભ્યોનું તો સપાને ત્રીજા ઉમેદવાર માટે ૮ નું વધારાનું સમર્થન જોઈશે.

**ડિજિટલ શોષણ** 93% વેબસાઇટ્સ ગૂગલ સર્ચ પર સરળતાથી ઉપલબ્ધ થઈ રહી છે

# બે વર્ષમાં 16 ગણો વધ્યો AI ડીપફેકનો 'કાળો ધંધો'




**સિટી ન્યૂઝ@નવીદિલ્હી**

સોશિયલ મીડિયા પર એક ફોટો હવે માત્ર ફોટો રહ્યો નથી. એઆઈના યુગમાં આ જ ફોટો કોઈ મહિલાની નકલી અશ્લીલ છબી અથવા વીડિયો બનાવવાનો કાચો માલ બની શકે છે. 'જર્નલ ઓફ ઓનલાઈન ટ્રસ્ટ એન્ડ સેફ્ટી'માં પ્રકાશિત નવા અભ્યાસ મુજબ, ૨૦૨૩ માં ઓનલાઈન લગભગ ૫ લાખ એઆઈ-જનિત ગેર-સહમતિ વાળા અંતરંગ વીડિયો હોવાનો અંદાજ હતો, જે ૨૦૨૫ સુધીમાં વધીને ૮૦ લાખ થઈ ગયા, એટલે કે ૧૬ ગણો ઉછાળો. આમાં મોટાભાગના નિશાના પર મહિલાઓ અને છોકરીઓ હતી. ભલે દુનિયાભરના દેશોમાં કાયદા બની રહ્યા હોય, પરંતુ જ્યાં સુધી પીડિતા જાતે આગળ આવીને ફરિયાદ નોંધાવે નહીં, ત્યાં સુધી આ વીડિયો ઓનલાઈન ફરતા રહે છે અને આવા કન્ટેન્ટથી જાહેરાતો અને સબસ્ક્રિપ્શન દ્વારા કમાણી થતી રહે છે.

## 88 સાઈટ્સ, 38નો આખો કારોબાર

સંશોધકોએ છ અઠવાડિયાની તપાસમાં ૪૦૦ શંકાસ્પદ યુઆરએલ (URL) ની તપાસ કરી અને ૮૮ વેબસાઇટ્સ એવી મળી, જે એઆઈ-જનિત ગેર-સહમતિ વાળી અંતરંગ સામગ્રી હોસ્ટ કરી રહી હતી. આમાંથી ૩૮ સાઇટ્સ સંપૂર્ણપણે આ જ સામગ્રી પર કેન્દ્રિત હતી. ૯૩% વેબસાઇટ્સ ગૂગલ સર્ચ પરથી સરળતાથી ઉપલબ્ધ થઈ ગઈ. તેમના કન્ટેન્ટમાં હોલીવુડ અને હિન્દી ફિલ્મ ઉદ્યોગની અભિનેત્રીઓની સાથે કે-પોપ સ્ટાર્સ, મહિલા એક્ટિવિસ્ટ્સ અને અન્ય ચર્ચિત મહિલાઓને નિશાન બનાવવામાં આવી.

## ટેકનિક સસ્તી, શિકાર સરળ

યુરોપિયન સંસદની રિસર્ચ સર્વિસ અનુસાર પહેલા ડીપફેક માટે તકનીકી કૌશલ્ય અને મોંઘા સંસાધનોની જરૂર હતી. હવે મફત અથવા સરળતાથી ઉપલબ્ધ એઆઈ ટૂલ્સ માત્ર એક તસવીરથી જ નકલી પોર્નોગ્રાફી કન્ટેન્ટ તૈયાર કરી શકે છે. ડીપફેક સુધી સરળ પહોંચ પણ એક સમસ્યા છે, કોઈ પણ સાધારણ ગૂગલ સર્ચથી આવી સામગ્રી સુધી પહોંચી શકે છે. એવામાં વેબસાઇટને હટાવવાની સાથે તેના સુધી પહોંચ આપનારા ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર પણ કડક જવાબદારી જરૂરી છે.

### જયપુરનાં ભરતપુર ગામમાં ચાલતો હતો નકલી દવાનો કારોબાર !

# સૂકા કૂવામાં 5 કરોડની દવાઓનો કાળો ખેલ !

## આગ્રાથી લવાયેલો જથ્થો ભરતપુરમાં સંતાડ્યો, માસ્ટરમાઈન્ડ સહિત 5ની ધરપકડ; 1 કરોડની લાંચના પ્રયાસનો પણ ખુલાસો




**સિટી ન્યૂઝ@નવીદિલ્હી**

ભરતપુરના એક ગામમાં સૂકા કૂવામાંથી ૫ કરોડની દવાઓ મળી આવવાના કેસમાં એક મોટો ખુલાસો થયો છે.

આ દવાઓ આગ્રાથી લાવવામાં આવી હતી અને ભરતપુરના બયાના તાલુકાના ખટનાવલી ગામમાં સૂકા કૂવામાં છુપાવવામાં આવી હતી. આ કેસના સંદર્ભમાં પાંચ લોકોની ધરપકડ કરવામાં આવી હતી.આ કેસમાં સૌથી મોટું નામ ફાર્માસ્યુટિકલ હોલસેલર હિમાંશુ અગ્રવાલનું છે. ૨૦૨૫ માં, હિમાંશુની નકલી દવાના કેસમાં પણ ધરપકડ કરવામાં આવી હતી.

પુડુચેરીમાં નકલી દવા રેકેટનો પણ પર્દાફાશ થયો હતો. ઉત્તર પ્રદેશમાં નકલી દવાઓ બનાવવા બદલ ધરપકડ ન થવાના બદલામાં હિમાંશુએ ૧ કરોડની લાંચ આપવાનો પ્રયાસ પણ કર્યો હતો. તપાસમાં બહાર આવ્યું છે કે ઉત્તર પ્રદેશમાં નકલી દવાઓ પર કડક કાર્યવાહી ટાળવા માટે તેણે રાજસ્થાનમાં દવાઓ છુપાવી હતી.

ભરતપુરના બયાનાના ખટનાવલી ગામમાં એક સૂકા કૂવામાંથી આશરે ૫ કરોડની કિંમતની દવાઓના ૨૭૪ કાર્ટન મળી આવ્યા હતા. આમાં મુખ્યત્વે હૃદય રોગ, ડાયાબિટીસ અને એલર્જી માટેની દવાઓનો સમાવેશ થતો હતો, જેમ કે લોસર-૫૦, જાનુમેટ, કેટોરોલ-એમ, એલેગ્રા-એમ અને જલરા. દવાઓની શોધ બાદ, તેમની અધિકૃતતા, ગુણવત્તા, બેચ નંબર, ઉત્પાદન તારીખ અને સમાપ્તિ તારીખ નક્કી કરવા માટે તપાસ શરૂ કરવામાં આવી છે.

આ પછી, યુપી ડ્રગ વિભાગે દવાઓ જપ્ત કરી અને માલપુરા પોલીસ સ્ટેશનમાં આરોપીઓ સામે એફઆઈઆર દાખલ કરી. આ દવાઓના સંગ્રહ, ખરીદી અથવા વેચાણ માટે કોઈ લાઇસન્સ મળ્યું નથી. આ કેસમાં ધરપકડ કરાયેલા સલુઆ ઉર્ફે મુકીમના મોબાઇલ ફોનમાંથી પણ ઘણા વીડિયો મળી આવ્યા હતા. ૨૭ સપ્ટેમ્બરની રાત્રે લેવાયેલા આ વીડિયોમાં કરિયાણાની દવાઓ પર ડીઝલ રેડીને નદીમાં બાળી નાખવામાં આવતું દેખાય છે.અત્યાર સુધીમાં, આ કેસમાં જથ્થાબંધ વેપારી હિમાંશુ અગ્રવાલ, ઇકરાર, શમીન, સલુઆ અને આશિષની ધરપકડ કરવામાં આવી છે.

આ કેસમાં યુપી પોલીસે હિમાંશુ અગ્રવાલની ધરપકડ કરી છે. હિમાંશુ સામે ઉત્તર પ્રદેશમાં એફઆઈઆર દાખલ થઈ ચૂકી છે.

તેના પિતા પાસે રગાઉ મેડિકલ લાઈસન્સ હતું.ડ્રગ વિભાગના અધિકારીઓના જણાવ્યા અનુસાર, હિમાંશુની ઉત્તર પ્રદેશમાં નકલી દવાઓ બનાવવાના આરોપમાં ધરપકડ કરવામાં આવી છે. તે સમયે તપાસમાં જાણવા મળ્યું હતું કે હિમાંશુએ પુડુચેરીમાં નકલી દવાઓ સપ્લાય કરી હતી.ગયા વર્ષે, નકલી દવાની હેરફેરના કેસમાં ધરપકડ ટાળવા માટે તેને ૧ કરોડ રૂપિયાની લાંચ આપવાના આરોપમાં જેલમાં ધકેલી દેવામાં આવ્યો હતો. ડિસેમ્બરમાં જેલમાંથી મુક્ત થયા પછી, તે ફરીથી આ રેકેટમાં જોડાયો.

### સૂકા કૂવામાં દવાઓ કેમ છુપાવવામાં આવી હતી?

ભરતપુર જિલ્લાના બયાના તહસીલના ખટનાવલી ગામમાં સૂકા કૂવામાં આ દવાઓ કેમ છુપાવવામાં આવી હતી? આગ્રાથી આવતા ટ્રક ડ્રાઈવરને કેવી રીતે ખબર પડી કે આ ગામમાં સૂકો કૂવો છે?વિભાગના સૂત્રો કહે છે કે જે કૂવામાં દવાઓ છુપાવવામાં આવી હતી તેનો વિસ્તારના કોઈ મેડિકલ સ્ટોર સાથે કોઈ સંબંધ હોઈ શકે છે.

### સમયસીમા સમાપ્ત થયેલી દવાઓ અંગે પણ તપાસ

સમાપ્તિ તારીખ બદલીને દવા ઉત્પાદક કંપનીને પરત કર્યા પછી સંપૂર્ણ દાવો પ્રાપ્ત થાય છે. એવી શંકા છે કે સમાપ્તિ તારીખ પૂરી થઈ ગયેલી દવાઓ પરત કરવામાં આવી હશે અને દાવો કરવામાં આવ્યો હશે. આ દવાઓ ચોરી કરવાની અને તેને ફરીથી વેચવા માટે સમાપ્તિ તારીખ ભૂંસી નાખવાની યોજના હોઈ શકે છે.




# ગાંધીના અધૂરા સપનાને સાકાર કરી શકે છે 'નવી હિન્દુસ્તાની' ભાષા

**ન ઉત્તરનું વર્ચસ્વ, ન મુઘલિયા પડછાયો કે ગુલામીની નિશાની; હિંગ્લિશ અને મિશ્રિત બોલીઓ બની શકે છે દેશની નવી સંપર્ક ભાષા**

**સિટી ન્યૂઝ@નવી દિલ્હી**

મહાત્મા ગાંધી એક એવા ભારતનું સપનું જોતા હતા જે પોતાની એક ભાષામાં વાત કરી શકે. આ ભાષામાં ન તો અંગ્રેજોની ગુલામીની નિશાની હોય, ન મુઘલોના દરબારની, કે ન તો કોઈ વિશેષ ક્ષેત્રનું વર્ચસ્વ હોય - આ ભાષા 'હિન્દુસ્તાની' હોવી જોઈએ, જે ગલી-મહોલ્લામાંથી નીકળે અને દરેક ભારતીયની જીભ પર સહજતાથી આવી જાય. આજના સમયમાં યુવાનો 'હિંગ્લિશ' (Hinglish) અને મિશ્રિત બોલીઓ દ્વારા અજાણતામાં જ 'નવી હિન્દુસ્તાની' અપનાવી રહ્યા છે, જે દેશમાં સંવાદનો સેતુ બની શકે છે.

## હિન્દુસ્તાની પ્રચાર–પ્રસારનો સંક્ષિપ્ત ઈતિહાસ

- મે ૧૯૪૨: અસહમતિ બાદ ગાંધીજીએ વર્ધામાં સ્વતંત્ર રૂપે 'હિન્દુસ્તાની પ્રચાર સભા' ની સ્થાપના કરી. દક્ષિણ અને પૂર્વોત્તર પર ખાસ ફોકસ: આ વિસ્તારોમાં હિન્દુસ્તાની ફેલાવવાની ખાસ જવાબદારી સોંપવામાં આવી હતી.
- મોટા નામોનું સમર્થન: આ વિચારને ડો. ઝાકિર હુસૈન, કાકા કાલેલકર અને મોરારજી દેસાઈ જેવા નેતાઓનું સમર્થન મળ્યું.
- ૧૯૪૯ માં નિર્ણાયક ફટકો: બંધારણ સભાએ માત્ર દેવનાગરી લિપિવાળી હિન્દીને રાજભાષા બનાવવાનો નિર્ણય લીધો, જેનાથી હિન્દુસ્તાનીને ફટકો પડ્યો.

## સમાવેશી–વ્યાવહારિક પહેલ ગાંધીના ફોર્મ્યુલાથી ઉકેલાઈ શકે છે સંપર્ક ભાષાની ગૂંચવણ

એક એવી ભાષા શોધવી જેને આખો દેશ સમાન ભાવે પોતાની માની શકે, તે ભારતની મોટી ચુનૌતી રહી છે. ગાંધીજીએ આનો ઉકેલ 'હિન્દુસ્તાની' ના રૂપમાં આપ્યો હતો. આ ભાષા ન તો શુદ્ધ સંસ્કૃતનિષ્ઠ હિન્દી હતી, ન તો સંપૂર્ણપણે ફારસી-અરબી શબ્દોથી ભરેલી ઉર્દૂ, પરંતુ ઉત્તર ભારતના બજારોમાં બોલાતું બંનેનું મિશ્રિત રૂપ હતું. ગાંધીજી ઈચ્છતા હતા કે આ ભાષા દેવનાગરી અને ઉર્દૂ બંને લિપિઓમાં લખી શકાય. જોકે, આઝાદી પછી બંધારણ સભામાં હિન્દુસ્તાનીનું આ ઉદાર રૂપ પાછળ રહી ગયું અને માત્ર હિન્દીને રાજભાષાનો દરજ્જો મળ્યો.

## આંકડાઓમાં ભાષા

છેલ્લી વસ્તી ગણતરીમાં દેશના નાગરિકો દ્વારા બોલાતી ભાષાઓ અને બોલીઓના ૧૯,૫૬૯ નામ નોંધાયા હતા. ઝીણવટભરી તપાસ બાદ ૧,૩૬૯ માતૃભાષાઓને વિશિષ્ટ માનીને આંકડાઓમાં સામેલ કરવામાં આવી, જેને ૧૨૧ મુખ્ય ભાષાઓમાં વહેંચવામાં આવી.આમાંથી ૨૨ ભાષાઓને બંધારણની આઠમી અનુસૂચિમાં સ્થાન મળ્યું છે, જ્યારે ૯૯ બિન-અનુસૂચિત ભાષાઓ છે.

## ભાષાકીય પિરામિડમાંથી નીકળશે સર્વસામાન્ય જીભ

ભારતની ભાષાકીય તસવીર એક પિરામિડ જેવી છે. ૨૦૧૧ ના આંકડા મુજબ દેશમાં હિન્દી બોલવાવાળાઓની સંખ્યા ૫૨.૮૩ કરોડ (કુલ વસ્તીના ૪૩.૬૩%) હતી, પરંતુ તેમાંથી માત્ર ૩૨.૨૨ કરોડ લોકો જ શુદ્ધ હિન્દીને પોતાની માતૃભાષા માને છે. બાકીના ૨૦.૬૧ કરોડ લોકો ભોજપુરી, રાજસ્થાની, છત્તીસગઢી, મારવાડી, હરિયાણવી વગેરે બોલીઓને પોતાની માતૃભાષા માને છે, જે હિન્દીના જ વિવિધ રૂપો છે. બંધારણ (અનુચ્છેદ ૩૫૧): બંધારણ કહે છે કે હિન્દી ભાષાને અન્ય પ્રાદેશિક ભાષાઓમાંથી શબ્દો લઈને સમૃદ્ધ કરવી જોઈએ.

## રાજ્યોમાં સંપર્ક ભાષા પિરામિડ

- ગુજરાતી: આશરે ૫.૫૫ કરોડ લોકો બોલે છે, જેમાં સૌરાષ્ટ્રી બોલવાવાળા ૨.૪૮ લાખ લોકો પણ સામેલ છે.
- દક્ષિણ ભારત: આંધ્ર પ્રદેશમાં ૮૩% વસ્તી તેલુગુ બોલે છે, તમિલનાડુમાં ૮૮% ની માતૃભાષા તમિલ છે, કર્ણાટકમાં ૬૬.૫૬% કન્નડ બોલે છે અને કેરળમાં ૯૭% લોકો મલયાલમ બોલે છે.
- પૂર્વોત્તર રાજ્યો: નાગાલેન્ડ, મિઝોરમ અને મેઘાલય જેવા રાજ્યોમાં મોટાભાગની વસ્તી બિન-અનુસૂચિત ભાષાઓ બોલે છે. જ્યારે અરુણાચલ પ્રદેશમાં ૭૨.૧૩% લોકો અનુસૂચિત ભાષાઓ બોલે છે.

## PM મોદી સાથે વાતમાં કેપ્ટન સ્મિતે સંભળાવી આપવીતી

# હું બધાને મરવા ન દઈ શકું કહી કોકપિટનો દરવાજો ખોલ્યો

### લોહીલુહાણ હોવા છતાં હિંમત ન હારી, મુશ્કેલીની ઘડીએ હનુમાન ચાલીસા બોલતો રહ્યો

**સિટી ન્યૂઝ@નવી દિલ્હી**





વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સાઉદી અરેબિયાની હોસ્પિટલમાં સારવાર લઈ રહેલા કેપ્ટન સ્મિત મચ્છર સાથે ફોન પર વાત કરી તેમના સ્વાસ્થ્યની માહિતી મેળવી હતી. આશરે ૧૦ મિનિટની વાતચીત દરમિયાન કેપ્ટન સ્મિતે ફ્લાઈટમાં સર્જાયેલી ગંભીર પરિસ્થિતિ, પોતાની ઈજાઓ છતાં કોકપિટનો દરવાજો ખોલવાનો નિર્ણય અને તે સમયે તેમને મળેલી હિંમત વિશે વડાપ્રધાનને જણાવ્યું હતું. PM મોદીએ કેપ્ટન સ્મિતની હિંમત, સમજદારી અને સંયમની પ્રશંસા કરી હતી.

કેપ્ટન સ્મિતે જણાવ્યું હતું કે તેઓ ૧૭ વર્ષથી ફ્લાઈટ ઉડાવી રહ્યા છે અને છેલ્લા ૧૧ વર્ષથી કેપ્ટન છે. મુશ્કેલીની ઘડીએ તેઓ ગંભીર રીતે ઈજાગ્રસ્ત થઈ નીચે પડી ગયા હતા, પરંતુ તેમને એરક્રાફ્ટની સ્થિતિનો અંદાજ હતો. તેમણે કહ્યું કે એક સમયે તેમને લાગ્યું કે આ કદાચ છેલ્લી ક્ષણ છે. ત્યારબાદ તેમણે કોકપિટનો દરવાજો ખોલ્યો. સ્મિતે કહ્યું કે તેમને ખબર હતી કે તેઓ બાકીના લોકોને મરવા ન દઈ શકે અને ત્યાર બાદ અન્ય લોકોની ભૂમિકા પણ ખૂબ મહત્વની રહી. વાતચીત દરમિયાન સ્મિતે જણાવ્યું કે મુશ્કેલીમાં હોય ત્યારે તેઓ હનુમાન ચાલીસાનો પાઠ કરે છે અને તે ઘટનાની ઘડીએ પણ તેઓ હનુમાન ચાલીસા બોલી રહ્યા હતા. તેમણે કહ્યું કે તેઓ ભગવાનને પોતાની સુરક્ષા માટે જવાબદાર માને છે. તેમણે વડાપ્રધાનને પોતાના પરિવાર વિશે પણ જણાવ્યું કે તેઓ દેશથી દૂર હોવા છતાં સંસ્કૃતિથી દૂર નથી. રોજ સવારે પૂજા કરતી વખતે તેઓ પોતાના બે વર્ષના પુત્રને પણ હનુમાન ચાલીસા સંભળાવે છે.

## PM મોદી અને કેપ્ટન સ્મિત વચ્ચેની સંપૂર્ણ વાતચીત

» **PM મોદી :** સ્મિત, મેં તમારી માતા ગીતાબેન અને તમારી પત્ની સોનલબેન સાથે વાત કરી છે. મેં ગીતાબેનને કહ્યું કે તમારું નામ ગીતા છે અને તમે સ્મિતને ભગવદ્ગીતાના સંસ્કારોથી ઉછેર્યો છે. આખો દેશ તમારા માટે પ્રાર્થના કરી રહ્યો છે. તમારા સ્વાસ્થ્ય માટે મહામૃત્યુંજયના જાપ થઈ રહ્યા છે. તમારા સાહસ, સમજદારી અને સંયમથી અનેક લોકોના જીવ બચ્યા છે. દેશ ગર્વથી કહી શકે છે કે ભારતીયો બીજાના જીવ લેતા નથી, પરંતુ બીજાના જીવ બચાવવા પોતાનો જીવ જોખમમાં મૂકવા તૈયાર રહે છે.

» **કેપ્ટન સ્મિત :** સર, તમે મારા સૌથી મોટા આઇડલ છો. તમે મને ફોન કર્યો અને મારા માટે સમય કાઢ્યો તે મારા માટે ખૂબ ગર્વની વાત છે. તે સમયે હું મારા જીવન માટે લડી રહ્યો હતો. હું ૧૭ વર્ષથી ફ્લાઈટ ઉડાવી રહ્યો છું અને છેલ્લા ૧૧ વર્ષથી કેપ્ટન છું. મને આંખ બંધ કરીને પણ ફ્લાઈટમાં શું થઈ રહ્યું છે તેનો અંદાજ આવી જાય છે. હું નીચે પડી ગયો હતો અને મને સમજાઈ રહ્યું હતું કે એરક્રાફ્ટ નીચે જઈ રહ્યું છે. મને લાગ્યું કે આ કદાચ છેલ્લી ક્ષણ છે. મેં વિચાર્યું કે હવે કંઈક કરવું જ પડશે અને કોકપિટનો દરવાજો ખોલ્યો. મને ખબર હતી કે હું બાકીના લોકોને મરવા ન દઈ શકું. ત્યારબાદ અન્ય લોકો અને સાઉદીની હોસ્પિટલમાં મળેલી સારવારનો પણ ખૂબ મોટો ફાળો રહ્યો. જ્યારે હું મુશ્કેલીમાં હોઉં ત્યારે હનુમાન ચાલીસા બોલું છું અને તે સમયે પણ હનુમાન ચાલીસા જ બોલતો હતો. મને લાગે છે કે ભગવાને જ મને બચાવ્યો છે. તમારો ફોન આવ્યો તે મારા માટે ખૂબ ગર્વની વાત છે.

» **PM મોદી :** સ્મિત, તમે મારી સામે ભાવુક નહીં થાઓ તો ક્યાં થશો. તમે એટલું મોટું કામ કર્યું છે કે દેશના લોકો અને દુનિયાભરના લોકો તમને જોવા અને તમારી સાથે વાત કરવા આતુર છે. તમે હનુમાન ચાલીસા વિશે જે વાત કરી તે બદલ હું ગીતાબેનને પ્રણામ કરીશ કે તેમણે તમને આવા સંસ્કાર આપ્યા. હું ભુપેન્દ્રભાઈને પણ પ્રણામ કરીશ. સોનલબેન સાથે પણ મારી વાત થઈ હતી અને આવી પરિસ્થિતિમાં તેઓ જે સ્વસ્થતા અને હિંમતથી વાત કરી રહ્યા હતા તે જોઈને હું પણ આશ્ચર્યચકિત થયો હતો.

» **કેપ્ટન સ્મિત :** થેન્ક્યૂ સો મચ સર. મેં ક્યારેય વિચાર્યું નહોતું કે મારી તમારી સાથે વાત થશે. હું જ્યારે રોજ સવારે પૂજા કરું છું ત્યારે મારો બે વર્ષનો દીકરો મારા ખોળામાં બેસે છે અને હું તેને હનુમાન ચાલીસાનો પાઠ સંભળાવું છું. અમે દેશથી દૂર છીએ, પરંતુ સંસ્કૃતિથી દૂર નથી.

» **PM મોદી :** સાચી વાત છે. તમને કદાચ ખબર નહીં હોય, પરંતુ સાવરકુંડલા, વઢવાણ સહિત અનેક સ્થળોએ લોકો તમારા માટે ભાવુક થયા છે. આખા દેશમાં મંદિરો અને તીર્થસ્થળોએ તમારા દીર્ઘાયુ અને સારા સ્વાસ્થ્ય માટે પ્રાર્થના અને આરતી થઈ છે. ભારત તમારું સ્વાગત કરવા માટે ખૂબ ઉત્સુક છે. શરીરમાં જે તકલીફ થઈ છે તે હું સમજી શકું છું. તમે શરીરના ઘાવને સહન કરવાનું પણ શીખી ગયા હશો.

» **કેપ્ટન સ્મિત :** ના સર, હું ઘાવ અંગે વધારે વિચારતો નથી, કારણ કે તેનાથી મારી રિકવરી મોડી થઈ શકે છે. હું આ સમગ્ર ઘટનાને એક જર્ની તરીકે જોઉં છું. ઘાવ સમય સાથે ઠીક થઈ જશે અને હું તેના માટે સંપૂર્ણ આત્મવિશ્વાસ ધરાવું છું કે એકદમ સ્વસ્થ થઈ જઈશ.

» **PM મોદી :** હું સાઉદી સરકાર અને મારી સરકારનો હૃદયપૂર્વક આભાર માનું છું કે તેમણે તમારું ખૂબ ધ્યાન રાખ્યું. સ્મિત, તમને જ્યારે પણ જરૂર લાગે ત્યારે હું માત્ર એક કોલ દૂર છું. સોશિયલ મીડિયા પર લોકોએ જે ભાવનાઓ વ્યક્ત કરી તે મેં જોઈ છે. લોકોએ કહ્યું કે જો તમે એ સમયે આટલી હિંમત ન બતાવી હોત તો દેશ અને ભારતના પાઇલટ્સ પર શું વીતત. તમે બધાને બચાવવા માટે ખૂબ મોટું કામ કર્યું છે.

» **કેપ્ટન સ્મિત :** થેન્ક્યૂ સર.

» **PM મોદી :** જ્યારે હું તમને મળીશ ત્યારે આ ઘટનાની અંદરની વાતો તમારી પાસેથી જાણીશ. મોબાઈલ પર આવી વાતો કરવી હું યોગ્ય માનતો નથી. તમે સંપૂર્ણ સ્વસ્થ થઈ જાવ એ મારી શુભેચ્છા છે. આખો દેશ તમારી સાથે છે.

» **કેપ્ટન સ્મિત :** થેન્ક્યૂ સર.

» **PM મોદી :** હું તમને વધારે પરેશાન નહીં કરું. મારી તરફથી ખૂબ શુભકામનાઓ. આજે ગાંધી જયંતી છે અને અહિંસા શું હોય છે તે તમે પોતાના કાર્યથી જીવીને બતાવી દીધું છે. ચાલો, જયશ્રી કૃષ્ણ. થોડું ગુજરાતીમાં પણ વાત કરી લઈએ.

» **કેપ્ટન સ્મિત :** જયશ્રી કૃષ્ણ સર.

» **PM મોદી :** બોબી અને બીજા બાળકો ગુજરાતી બોલે છે કે નહીં?

» **કેપ્ટન સ્મિત :** હા સર, બંને ગુજરાતી બોલે છે. અમે તેમને પહેલાં ગુજરાતી શીખવાડ્યું અને પછી અંગ્રેજી શીખવાડી.

» **PM મોદી :** અચ્છા, બાળકોને મળવાનું થયું? બાળકોને મળવા માટે ડોક્ટરે મંજૂરી આપી?

» **કેપ્ટન સ્મિત :** મારી મોટી દીકરી આવી હતી, પરંતુ આ બધું જોઈને તે ડરી ગઈ. તે મારા કરતાં પણ વધારે ક્લોઝ છે. મારો નાનો દીકરો બે વર્ષનો છે અને તેને અત્યારે મળવાની મંજૂરી મળી નથી.

» **PM મોદી :** હા, અત્યારે તો તેને સાચવવું જ જોઈએ. પરંતુ સોનલબેન ખૂબ જ હિંમતવાળા છે. કાલે તેમણે મારી સાથે ખૂબ જ સ્વસ્થતાથી વાત કરી હતી. આવી પરિસ્થિતિમાં સામાન્ય રીતે કોઈ વાત પણ કરી શકે નહીં, પરંતુ તેમના ચહેરા અને વાતચીતમાં ફરિયાદનું નામોનિશાન નહોતું. ભુપેન્દ્રભાઈ અને ગીતાબેન સાથે પણ મુંબઈ એરપોર્ટ પર મારી વાત થઈ હતી. તેમની પણ એક જ વાત હતી કે ભગવાન બધું સારું કરશે.

» **કેપ્ટન સ્મિત :** હા સર, બસ.

» **PM મોદી :** ચાલો સ્મિત, ખૂબ જલ્દી સાજા થઈ જાવ. ગોડ બ્લેસ યુ.






# મહારાષ્ટ્રમાં સમૃદ્ધિ હાઈવે પર ટ્રકની પિકઅપને ટક્કર, સાતનાં મોત

## દેવી દુર્ગાની પ્રતિમા લઈને જતા શ્રદ્ધાળુઓની પિકઅપ વાનને પાછળથી ટ્રકે અડફેટે લીધી, 18 લોકો ઘાયલ

સિટી ન્યૂઝ@અમરાવતી

મહારાષ્ટ્રના અમરાવતી જિલ્લામાં સમૃદ્ધિ હાઈવે પર શુક્રવારે ગંભીર માર્ગ અકસ્માત સર્જાયો હતો. તેજ રફ્તાર ટ્રકે પાછળથી પિકઅપ વાનને જોરદાર ટક્કર મારતાં ૭ લોકોનાં મોત થયાં હતાં, જ્યારે ૧૮ લોકો ઘાયલ થયા હતા. અકસ્માત સમયે પિકઅપ વાનમાં સવાર શ્રદ્ધાળુઓ દેવી દુર્ગાની પ્રતિમા લઈને જઈ રહ્યા હતા. આ દુર્ઘટનાને પગલે ઘટનાસ્થળે અફરાતફરીનો માહોલ સર્જાયો હતો.

મળતી માહિતી મુજબ, પિકઅપ વાનમાં શ્રદ્ધાળુઓ દેવી દુર્ગાની પ્રતિમા સાથે જઈ રહ્યા હતા. પિકઅપની ઝડપ ઓછી હતી અને તેની પાછળ ટ્રોલી પણ જોડાયેલી હતી. આ દરમિયાન પાછળથી પૂરપાટ ઝડપે આવી રહેલા ટ્રકે ટ્રોલીને જોરદાર ટક્કર મારી હતી. ટક્કર એટલી ભયાનક હતી કે ટ્રોલી સંપૂર્ણપણે ક્ષતિગ્રસ્ત થઈ ગઈ હતી. અકસ્માતની તીવ્રતાને કારણે પિકઅપ વાન પણ રસ્તાની એક તરફ પલટી ગઈ હતી, જ્યારે ટ્રકને પણ ભારે નુકસાન થયું હતું.

ટ્રકની જોરદાર ટક્કરથી પિકઅપ વાન સાથે જોડાયેલી ટ્રોલીને ભારે નુકસાન પહોંચ્યું હતું. અકસ્માત બાદ વાહનોની સ્થિતિ જોઈને ટક્કરની ગંભીરતાનો અંદાજ આવી રહ્યો હતો. પિકઅપ વાન એક તરફ પલટી જતાં તેમાં સવાર લોકો મુશ્કેલીમાં મુકાયા હતા. ઘટનાની જાણ થતાં આસપાસના લોકો પણ મદદ માટે દોડી આવ્યા હતા.

અકસ્માની જાણ થતાં જ પોલીસની ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી અને તાત્કાલિક રાહત તથા બચાવ કામગીરી શરૂ કરી હતી. અકસ્માતમાં ઘાયલ થયેલા ૧૮ લોકોને સારવાર માટે વર્ધાની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. બીજી તરફ, પોલીસે ટ્રકના ચાલકની અટકાયત કરીને આગળની કાર્યવાહી હાથ ધરી છે.

પ્રાથમિક માહિતી મુજબ, પિકઅપ વાનની ઓછી ઝડપ અને તેની પાછળ જોડાયેલી ટ્રોલીને કારણે ટ્રકચાલક વાહનનો યોગ્ય અંદાજ લગાવી શક્યો ન હોવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે. જોકે, અકસ્માત પાછળનું ચોક્કસ કારણ હજી સ્પષ્ટ થયું નથી. પોલીસ સમગ્ર ઘટનાની તપાસ કરી રહી છે અને તપાસ બાદ અકસ્માત અંગે વધુ વિગતો સામે આવી શકે છે.

# મહારાષ્ટ્રના રાયગઢમાં દરિયામાં ડૂબી આઠ વિદ્યાર્થીઓનાં મોત

## પુણેથી પિકનિક માટે આવેલા 48 લોકોના જૂથમાંથી 8 વિદ્યાર્થીઓ ઊંડા પાણીમાં ઉતર્યા, તમામ મૃતદેહો બહાર કઢાયા










સિટી ન્યૂઝ@રાયગઢ

મહારાષ્ટ્રના રાયગઢ જિલ્લામાં આવેલા દિવેઆગર બીચ પર ગુરુવારે હૃદયદ્રાવક દુર્ઘટના સર્જાઈ હતી. પિકનિક માટે આવેલા ૮ વિદ્યાર્થીઓનાં સમુદ્રમાં ડૂબી જવાથી મોત થયાં હતાં. ઘટનાની જાણ થતાં જ પોલીસ અને રેસ્ક્યૂ ટીમે બચાવ કામગીરી શરૂ કરી હતી. તમામ ૮ વિદ્યાર્થીઓના મૃતદેહો પાણીમાંથી બહાર કાઢવામાં આવ્યા હતા. ત્યારબાદ તેમને નજીકની હોસ્પિટલમાં લઈ જવાયા હતા, જ્યાં તબીબોએ મૃત જાહેર કર્યા હતા.

પોલીસના જણાવ્યા અનુસાર, પુણેના આલંદી વિસ્તારમાંથી ૪૮ લોકોનું જૂથ પિકનિક માટે દિવેઆગર બીચ પર આવ્યું હતું. આ જૂથમાં ધોરણ ૧૧ અને ૧૨માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ તેમજ શિક્ષકોનો સમાવેશ થતો હતો. જૂથના ૮ વિદ્યાર્થીઓ સમુદ્રમાં નાહવા માટે ઊંડા પાણીમાં ઉતર્યા હતા. જોકે, તેમને પાણીની ઊંડાઈ અને સમુદ્રના પ્રવાહનો અંદાજ ન હોવાથી તેઓ ડૂબવા લાગ્યા હતા. આ દુર્ઘટનામાં તમામ ૮ વિદ્યાર્થીઓનાં મોત થયાં હતાં.

મીડિયા અહેવાલો અનુસાર, પિકનિક માટે આવેલા જૂથમાં ૨૫ છોકરાઓ, ૧૭ છોકરીઓ અને ૬ શિક્ષકોનો સમાવેશ થતો હતો. વિદ્યાર્થીઓ પુણેના આલંદી સ્થિત ખાનગી કોચિંગ સંસ્થા વિનર્સ એકેડમી સાથે જોડાયેલા હોવાનું પોલીસની પ્રાથમિક માહિતીમાં સામે આવ્યું છે. આ જૂથ મુંબઈથી આશરે ૧૭૦ કિમી દૂર આવેલા દિવેઆગર બીચ પર ફરવા આવ્યું હતું.

પિકનિક દરમિયાન કેટલાક વિદ્યાર્થીઓ સમુદ્રમાં ઉતર્યા હતા. જોકે, પાણીની ઊંડાઈ અને દરિયાના પ્રવાહ અંગે પૂરતી જાણકારી ન હોવાથી તેઓ મુશ્કેલીમાં મુકાયા હતા. ઘટનાની જાણ થતાં જ બચાવ ટીમો ઘટનાસ્થળે પહોંચી હતી અને પાણીમાં શોધખોળ શરૂ કરી હતી.

વિદ્યાર્થીઓને પાણીમાંથી બહાર કાઢ્યા બાદ તેમને બચાવવા માટે CPR આપવાના પ્રયાસો કરવામાં આવ્યા હતા. સ્થાનિક લોકો પણ બચાવ કામગીરીમાં જોડાયા હતા અને વિદ્યાર્થીઓને પ્રાથમિક મદદ પૂરી પાડી હતી. જોકે, તમામ પ્રયાસો છતાં ૮ વિદ્યાર્થીઓના જીવ બચાવી શકાયા નહોતા. મૃતદેહોને નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, જ્યાં તબીબોએ તેમને મૃત જાહેર કર્યા હતા.

# મહાત્મા ગાંધીની જન્મજયંતિ:PM મોદીએ રાજઘાટ પર શ્રદ્ધાંજલિ અર્પી



**સિટી ન્યૂઝ@નવીદિલ્હી**

મહાત્મા ગાંધીની ૧૫૭મી જન્મજયંતિ છે. નવી દિલ્હીમાં તેમની સમાધિ રાજઘાટ ખાતે પીએમ મોદીએ મહાત્મા ગાંધીને શ્રદ્ધાંજલિ અર્પણ કરી.ગયા વર્ષે રાહુલ ગાંધી દેશની બહાર હતા, જેના કારણે તેઓ રાજઘાટ પહોંચી શક્યા નહોતા. જોકે આ વખતે તેઓ દેશમાં જ છે.મહાત્મા ગાંધી ઉપરાંત આજે લાલ બહાદુર શાસ્ત્રીની પણ ૧૨૨મી જન્મજયંતિ છે. શાસ્ત્રીનો જન્મ ૨ ઓક્ટોબર, ૧૯૦૪ના રોજ ઉત્તર પ્રદેશના મુગલસરાયમાં થયો હતો.કેન્દ્રીય કોલસા અને ખાણ મંત્રી જી. કિશન રેડ્ડીએ ૨ ઑક્ટોબર ગાંધી જયંતીથી લઈને ૩૧ ઑક્ટોબરે સરદાર વલ્લભભાઈ પટેલની જયંતી સુધી ૩૦ દિવસના રાષ્ટ્રવ્યાપી સ્વચ્છતા અભિયાનનું આહ્વાન કર્યું છે. તેમણે નાગરિકો, સરકારી અને ખાનગી સંસ્થાઓ, શૈક્ષણિક સંસ્થાઓ, એનજીઓ અને અન્ય સંગઠનોને તેમાં ભાગ લેવાની અપીલ કરી છે.

# મધ્યપ્રદેશમાં વેરહાઉસમાંથી 24 EVM ગુમ

## અજાણ્યા વ્યક્તિઓ વિરુદ્ધ ગુનો નોંધી તપાસ શરૂ

**સિટી ન્યૂઝ@નવીદિલ્હી**

મધ્યપ્રદેશના અનુપપુરમાં એક વેરહાઉસમાંથી ચોવીસ ઈવીએમ (ઈલેક્ટ્રોનિક વોટિંગ મશીનો) ગુમ થયા હોવાનું જાણવા મળ્યું છે. ૧૬ માર્ચના રોજ વેરહાઉસની દિવાલ ક્ષતિગ્રસ્ત મળી આવી હતી, અને તે સમયે મશીનોની સુરક્ષા અને રેકોર્ડની ચકાસણી કરવામાં આવી ન હતી. સપ્ટેમ્બરના છેલ્લા અઠવાડિયામાં ભૌતિક ચકાસણી દરમિયાન, આઠ બેલેટ યુનિટ અને ૧૬ કંટ્રોલ યુનિટ ગુમ થયા હોવાનું જાણવા મળ્યું હતું, તેથી બુધવારે પ્રાથમિક શાળા સીતાપુરના સહાયક શિક્ષક ફૂલ સિંહ, અનુપપુર તહસીલદાર વેદ પ્રકાશ સિંહ અને સહાયક શિક્ષક સંજય નિગમે પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.ફરિયાદ મુજબ, વર્ષ ૨૦૧૪ માં પંચાયતની ચૂંટણી માટે જૂની તહસીલ કચેરી પાછળના ગોદામમાં ૬૨૦ કંટ્રોલ યુનિટ અને ૧૬૭૦ બેલેટ યુનિટ રાખવામાં આવ્યા હતા.આ મશીનો લાંબા સમય સુધી એક જ પરિસરમાં રાખવામાં આવ્યા હતા. ૧૬ માર્ચે EVM વેરહાઉસની પાછળની દિવાલ ક્ષતિગ્રસ્ત મળી આવ્યા બાદ, ૨૧ સપ્ટેમ્બરે EVM મશીનોને જૂના તહસીલ પરિસરમાંથી દૂર કરવામાં આવ્યા હતા અને તહસીલ ઓફિસના ગ્રાઉન્ડ ફ્લોર પર રૂમ નંબર ૬ માં મૂકવામાં આવ્યા હતા, જે હવે પોલિટેકનિક કોલેજમાં સ્થિત છે. ત્યારબાદ, ૨૪ થી ૨૮ સપ્ટેમ્બર દરમિયાન મશીનોનું ભૌતિક ચકાસણી હાથ ધરવામાં આવી હતી. આમાં રેકોર્ડ કરાયેલ મશીનોની સંખ્યા અને સ્થળ પર મશીનોની સંખ્યા વચ્ચે વિસંગતતા જોવા મળી હતી. ફરિયાદમાં આ મશીનોના સીરીયલ નંબરો પણ નોંધવામાં આવ્યા છે.પોલીસે અજાણ્યા વ્યક્તિઓ વિરુદ્ધ ગુનો નોંધીને તપાસ શરૂ કરી છે.





# મુંબઈમાં SIR વિરુદ્ધ કોકરોચ પાર્ટીનું પ્રદર્શન

## ધર્મેન્દ્ર પ્રધાનનું રાજીનામું લીધું હતું, હવે જ્ઞાનેશનો વારો; દિલ્હીમાં 700 પ્રદર્શનકારીઓની અટકાયત

**સિટી ન્યૂઝ@નવીદિલ્હી**

કોકરોચ જનતા પાર્ટી આજે સાંજે ૪ વાગ્યાથી મુંબઈના શિવાજી પાર્કમાં મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમરના રાજીનામાની માંગ સાથે પ્રદર્શન કરવાની છે.બીજી તરફ, દિલ્હીમાં SIR વિરુદ્ધ લેફ્ટ, AAP અને સ્ટુડન્ટ યુનિયને શુક્રવારે પ્રદર્શન કર્યું. જંતર-મંતરથી સૌરભ ભારદ્વાજ, આતિશી, સંજય સિંહ સહિત ૭૦૦ પ્રદર્શનકારીઓની અટકાયત કરવામાં આવી.જંતર-મંતર પર પોલીસ અને RAFના જવાનો તહેનાત કરવામાં આવ્યા છે. સાવચેતીના પગલા તરીકે આસપાસના ૧૨ મેટ્રો સ્ટેશનોના પ્રવેશ અને બહાર નીકળવાના દરવાજા આગામી આદેશ સુધી બંધ કરી દેવામાં આવ્યા છે.આમાં જનપથ, પટેલ ચોક, કેન્દ્રીય સચિવાલય, રાજીવ ચોક, સેવા તીર્થ, મંડી હાઉસ અને લોક કલ્યાણ માર્ગ મેટ્રો સ્ટેશનોનો સમાવેશ થાય છે.




# જેન-ઝી જેવી ઉંમરે ગાંધીજીએ માંસ ખાધું, વેશ્યાલયમાં ગયા, બીડી પીધી, ચોરી કરી અને આત્મહત્યાના વિચારો આવ્યા

આ જે મહાત્મા ગાંધીનું નામ સત્ય, અહિંસા અને સાદગીના પ્રતીક તરીકે ઓળખાય છે. જોકે, રાષ્ટ્રપિતા તરીકે ઓળખાતા મોહનદાસ કરમચંદ ગાંધીનું બાળપણ અને કિશોરાવસ્થા અનેક સંઘર્ષો, ભૂલો અને વિચિત્ર અનુભવોમાંથી પસાર થઈ હતી. આજની જેન-ઝી પેઢીની ઉંમરે ગાંધીજી પણ જીવનના વિવિધ પ્રયોગો કરી રહ્યા હતા. માંસ ખાવું, બીડી પીવી, ચોરી કરવી, વેશ્યાલય સુધી પહોંચવું અને આત્મહત્યાના વિચારો આવવા જેવી ઘટનાઓનો ઉલ્લેખ તેમણે પોતાની આત્મકથા સત્યના પ્રયોગો અથવા આત્મકથામાં કર્યો છે. ગાંધી જયંતી નિમિત્તે તૈયાર કરાયેલી ખાસ ગ્રાફિક નૉવેલમાં તેમના જીવનના આવા ઓછા જાણીતા પ્રસંગોને ચિત્રો અને સંવાદો મારફતે રજૂ કરવામાં આવ્યા છે. તેમાં બાળપણથી લઈને વિદેશમાં અભ્યાસ અને જીવનમૂલ્યોની શોધ સુધીની સફર દર્શાવાઈ છે.

### મિત્રની વાતમાં આવીને માંસ ખાવાનું શરૂ કર્યું

કિશોરાવસ્થામાં મોહનદાસના એક મિત્રએ તેમને માંસ ખાવા માટે પ્રેરિત કર્યા હતા. મિત્રનું માનવું હતું કે માંસ ખાવાથી શરીરમાં તાકાત આવે છે અને અંગ્રેજો સામે ટક્કર લેવા ભારતીયોએ પણ મજબૂત બનવું જોઈએ. આ વિચારથી પ્રભાવિત થઈને મોહનદાસે માંસ ખાવાનું શરૂ કર્યું હતું. જોકે, પરિવારની ધાર્મિક માન્યતાઓને કારણે તેઓ આ વાત ઘરમાં છુપાવતા હતા. માતા-પિતાથી વાત છુપાવવાની મૂંઝવણ અને અપરાધભાવ વચ્ચે અંતે તેમણે માંસ ખાવાનું છોડી દેવાનો નિર્ણય કર્યો. આ પ્રસંગ તેમના જીવનમાં નૈતિક મૂલ્યો અંગે શરૂ થયેલા આત્મમંથનનું ઉદાહરણ બન્યો.

### બીડી પીવા માટે ચોરી પણ કરી

કિશોરાવસ્થામાં મોહનદાસે બીડી પીવાનો અનુભવ પણ કર્યો હતો. શરૂઆતમાં તેઓ બીજાઓએ ફેંકેલા બીડીના ટુકડા ભેગા કરીને પીવાનો પ્રયાસ કરતા. આ ટેવને કારણે પૈસાની જરૂર પડતાં તેમણે ઘરના નોકરના પૈસા ચોર્યા હોવાનો ઉલ્લેખ આત્મકથામાં કર્યો છે. આ ઉપરાંત, કાકાની સોનાની ચેઇનમાંથી થોડું સોનું કાઢીને દેવું ચૂકવવાનો પ્રસંગ પણ આત્મકથામાં નોંધાયેલો છે. આ ઘટનાઓ બાદ તેમને પોતાની ભૂલોનો અહેસાસ થયો હતો. અંતે તેમણે પસ્તાવો વ્યક્ત કરીને ખોટી ટેવોથી દૂર જવાનો નિર્ણય કર્યો.

### વેશ્યાલય સુધી પહોંચ્યા, પરંતુ પાછા ફરી ગયા

ગાંધીજીએ પોતાની આત્મકથામાં વેશ્યાલયમાં જવાના એક પ્રસંગનો ઉલ્લેખ કર્યો છે. મિત્રની સાથે તેઓ ત્યાં પહોંચ્યા હતા, પરંતુ સંકોચ અને શરમને કારણે આગળ વધી શક્યા નહોતા અને પાછા ફરી ગયા હતા. આ પ્રસંગ



તેમના જીવનની એવી ઘટનાઓમાંનો એક હતો, જેના વિશે તેમણે પાછળથી ખુલ્લેઆમ લખ્યું હતું. પોતાની ઇચ્છાઓ, સંકોચ અને નૈતિક મૂંઝવણો વચ્ચેના સંઘર્ષને તેમણે આત્મચિંતનનો વિષય બનાવ્યો હતો.

### આત્મહત્યાના વિચારો આવ્યા, પરંતુ પગલું ભર્યું નહીં

કિશોરાવસ્થામાં મોહનદાસ અને તેમના એક સંબંધી કેટલીક મુશ્કેલીઓથી પરેશાન હતા. દેવું અને અન્ય સમસ્યાઓમાંથી છુટકારો મેળવવા માટે બંનેએ આત્મહત્યા કરવાનો વિચાર કર્યો હતો. આ માટે ઝેરી બીજ ખાવાની વાત પણ વિચારી હતી. જોકે, અંતિમ ક્ષણે તેઓ ડરી ગયા અને આ પગલું ભર્યું નહીં. આ ઘટનાનો ઉલ્લેખ ગાંધીજીના જીવનપ્રસંગોમાં જોવા મળે છે. જીવનની મુશ્કેલીઓ સામેના તેમના સંઘર્ષનો આ એક મહત્વપૂર્ણ પ્રસંગ હતો.

### બાળલગ્ન અને કસ્તૂરબા સાથેના સંબંધોમાંથી મળ્યો બોધ

મોહનદાસનાં લગ્ન કસ્તૂરબા સાથે બાળવયે થયાં હતાં. તે સમયની સામાજિક પરંપરા મુજબ નાની ઉંમરે લગ્ન સામાન્ય હતાં. જોકે, લગ્નજીવનની જવાબદારીઓ અને સંબંધોની સમજ તેમને ધીમે ધીમે અનુભવમાંથી મળી હતી. ગાંધીજીએ આત્મકથામાં કસ્તૂરબા સાથેના સંબંધો, પોતાના વર્તન અને પત્ની પર અધિકાર જમાવવાની વૃત્તિ અંગે આત્મચિંતન કર્યું છે. યુવાનીમાં થયેલી ભૂલો અને તેમાંથી મળેલા બોધને તેમણે જીવનના મહત્વપૂર્ણ અનુભવો તરીકે રજૂ કર્યા હતા.

### ૧૯ વર્ષની ઉંમરે ઇંગ્લેન્ડમાં જેન્ટલમેન બનવાનો પ્રયાસ

મોહનદાસ ૧૯ વર્ષની ઉંમરે કાયદાનો અભ્યાસ કરવા ઇંગ્લેન્ડ ગયા હતા. વિદેશ જતાં પહેલાં તેમણે માતાને માંસ, દારૂ અને અનૈતિક સંબંધોથી દૂર રહેવાનું વચન આપ્યું હતું. ઇંગ્લેન્ડ પહોંચ્યા બાદ તેમણે ત્યાંના સમાજમાં ભળી જવા પશ્ચિમી જીવનશૈલી અપનાવવાનો પ્રયાસ કર્યો હતો. તેમણે મોંઘાં કપડાં, ટોપી, ટાઈ અને સૂટ ખરીદ્યાં હતાં. અંગ્રેજ સમાજના રીતરિવાજ શીખવા નૃત્યના વર્ગોમાં જોડાયા હતા. વાયોલિન અને ફ્રેન્ચ ભાષા શીખવાનો પણ પ્રયાસ કર્યો હતો. જોકે, થોડા સમય બાદ તેમને સમજાયું કે આ બધામાં સમય અને નાણાં ખર્ચવા કરતાં અભ્યાસ પર ધ્યાન આપવું વધુ જરૂરી છે. ત્યારબાદ તેમણે ખર્ચાળ શોખ છોડીને સાદગી અને અભ્યાસ તરફ વળવાનું શરૂ કર્યું.

### ધાર્મિક પુસ્તકોના વાંચનથી વિચારોમાં પરિવર્તન

ઇંગ્લેન્ડમાં અભ્યાસ દરમિયાન મોહનદાસનો વિવિધ ધર્મો અને વિચારો સાથે પરિચય થયો હતો. તેમણે બાઇબલ સહિતનાં ધાર્મિક પુસ્તકો વાંચ્યાં અને હિંદુ ધર્મના સિદ્ધાંતોને વધુ ઊંડાણથી સમજવાનો પ્રયાસ કર્યો હતો. વિવિધ લોકો સાથેના સંપર્ક અને વાંચનથી તેમના વિચારોમાં પરિવર્તન આવવા લાગ્યું હતું. પોતાના ધર્મ, જીવનમૂલ્યો અને નૈતિક જવાબદારીઓ અંગે તેમણે ગંભીરતાથી વિચારવાનું શરૂ કર્યું હતું.

### દક્ષિણ આફ્રિકામાં મળ્યો જીવનનો મોટો વળાંક

ઇંગ્લેન્ડમાં કાયદાનો અભ્યાસ પૂર્ણ કર્યા બાદ ભારત પરત ફરેલા મોહનદાસ ૧૮૯૩માં કાયદાકીય કામ માટે દક્ષિણ આફ્રિકા ગયા હતા. ત્યાં ભારતીયો સાથે થતા રંગભેદ અને અન્યાયના અનુભવો તેમના જીવનમાં મહત્વપૂર્ણ વળાંક સાબિત થયા હતા. ટ્રેનની મુસાફરી દરમિયાન તેમની સાથે થયેલી ભેદભાવપૂર્ણ ઘટનાએ તેમને ઊંડો આઘાત પહોંચાડ્યો હતો. આ અનુભવ બાદ અન્યાય સામે અવાજ ઉઠાવવાનો તેમનો સંકલ્પ મજબૂત બન્યો. ત્યારબાદ તેમણે ભારતીયોના અધિકારો અને સમાનતા માટે સંગઠિત રીતે કામ કરવાનું શરૂ કર્યું હતું.

### ભૂલોમાંથી શીખીને મહાત્મા બનવાની સફર

કિશોરાવસ્થામાં માંસ ખાવાથી લઈને બીડી પીવા, ચોરી અને આત્મહત્યાના વિચારો સુધીના અનુભવો, ઇંગ્લેન્ડમાં પશ્ચિમી જીવનશૈલી અપનાવવાના પ્રયાસો અને દક્ષિણ આફ્રિકામાં થયેલા સંઘર્ષોએ મોહનદાસના વ્યક્તિત્વને ઘડવામાં ભૂમિકા ભજવી હતી. ગાંધીજીની વિશેષતા એ હતી કે તેમણે પોતાની ભૂલો અને નબળાઈઓ છુપાવવાને બદલે તેનું આત્મમંથન કર્યું હતું. યુવાનીના અનુભવો, આત્મશિસ્ત અને સતત વિચારમંથન સાથે તેમની વિચારધારા વિકસતી ગઈ. આ લાંબી સફરમાં મોહનદાસ કરમચંદ ગાંધી સત્ય, અહિંસા અને સાદગીના સિદ્ધાંતો સાથે જોડાયેલા એવા વ્યક્તિત્વ તરીકે ઊભર્યા, જેમને દુનિયા આજે મહાત્મા ગાંધી તરીકે ઓળખે છે.

# ભાજપ ગાયનું પૂંછડું પકડી સત્તા પર, પણ ગૌહત્યા યથાવતઃ સાજન ભરવાડ



» સુરતમાં ગાંધી જયંતિ નિમિત્તે ગેરકાયદે કતલખાના સામે વિશાળ 'અહિંસા માર્ચ'

» જૈન અને હિન્દુ સાધુ-સંતો સહિત હજારો જીવદયાપ્રેમીઓ બેનરો સાથે જોડાયા

» સાજન ભરવાડનો કટાક્ષઃ 'ભાજપે 14 વર્ષથી સત્તામાં રહીને ગૌહત્યા નથી અટકાવી'










**સિટી ન્યૂઝ@સુરત**

૨ ઓક્ટોબર એટલે કે ગાંધી જયંતિના પવિત્ર દિવસે સુરતમાં ગેરકાયદે કતલખાના અને ગૌહત્યાને સદંતર બંધ કરાવવાની માંગ સાથે હજારો જીવદયાપ્રેમીઓ રસ્તા પર ઉતરી આવ્યા હતા. જૈન અને હિન્દુ સમાજના સાધુ-સંતોની આગેવાનીમાં એક વિશાળ 'અહિંસા માર્ચ' કાઢવામાં આવી હતી, જેમાં રાજ્યમાં ચાલી રહેલા ગેરકાયદેસર કતલખાનાઓ મુદ્દે સરકાર અને તંત્રની કામગીરી સામે આકરા પ્રહારો કરવામાં આવ્યા હતા.

ગુજરાત ગૌરક્ષા આયોગના ચેરમેન સાજન ભરવાડે આક્રોશ ઠાલવતા જણાવ્યું હતું કે, "દેશ આઝાદ થયો ત્યારે ગાંધીજીનું સ્વપ્ન હતું કે સર્વપ્રથમ ગૌહત્યા બંધ થવી જોઈએ. કોંગ્રેસે ૫૦ વર્ષ શાસન કર્યું છતાં ગાયની સ્થિતિ એની એ જ રહી. ત્યારબાદ ભાજપ ૧૪ વર્ષથી સત્તા પર છે અને ગાયનું પૂંછડું પકડીને સત્તાના શિખરે પહોંચી છે, છતાં ગૌ હત્યાઓ અટકતી નથી."

તેમણે કટાક્ષ કરતા વધુમાં ઉમેર્યું હતું કે, "આ વિધાનસભાના ધારાસભ્ય હર્ષ સંઘવી જાતે જૈન છે અને કેન્દ્રના ગૃહમંત્રી પણ જૈન છે. તેમ છતાં ગૌહત્યા બંધ કરાવવા માટે આજે અમારે રેલી કાઢવી પડે છે. લોકોએ ખોબલે-ખોબલે મત આપીને ગૌહત્યા બંધ થાય, જીવહિંસા અટકે અને લવ જેહાદ જેવા મુદ્દા ડામી શકાય તે માટે સનાતની સરકારને સત્તાની ખુરશી પર બેસાડી હતી, પરંતુ આજે એક પણ મૂળભૂત મુદ્દાનો નિકાલ આવ્યો નથી." આ વિશાળ અહિંસા માર્ચ શહેરના ઉમરામાં આવેલા સરગમ શોપિંગ સેન્ટરથી શરૂ થઈને અઠવાલાઈન્સ સ્થિત કલેક્ટર કચેરી ખાતે પહોંચી હતી. માર્ચમાં જોડાયેલા હજારો લોકો અને મહિલાઓના હાથમાં 'દયા નહીં તો ધર્મ શું, અહિંસા નહીં તો માનવતા શું', 'એક જીવની ચીસ બ્રહ્માંડ સુધી પહોંચે છે' અને 'જીવો અને જીવવા દો આ જ સાચો મંત્ર છે' જેવા લખાણવાળા બેનરો જોવા મળ્યા હતા. કલેક્ટર કચેરીએ પહોંચીને વિવિધ સમાજના અગ્રણીઓ અને સાધુ-સંતો દ્વારા કલેક્ટરને એક વિસ્તૃત આવેદનપત્ર સુપરત કરવામાં આવ્યું હતું.

**તાત્કાલિક પગલાં નહીં લેવાય તો કલેક્ટર સામે કન્ટેમ્પ્ટ ઓફ કોર્ટની ચીમકી**

## માત્ર ૮ કતલખાના કાયદેસર, બાકીના ગેરકાયદે હોવાનો RTI માં મોટો ઘટસ્ફોટ



અહિંસા માર્ચના આયોજકો અને જીવદયાપ્રેમીઓએ RTI (માહિતી અધિકાર) ની સત્તાવાર માહિતી ટાંકીને મોટો ઘટસ્ફોટ કર્યો હતો કે સમગ્ર ગુજરાત રાજ્યમાં માત્ર ૮ કતલખાના જ કાયદેસર રીતે કાર્યરત છે, જ્યારે બાકીના તમામ કતલખાનાઓ કોઈપણ જાતની પરવાનગી વિના ગેરકાયદેસર રીતે ધમધમી રહ્યા છે. કલેક્ટર પાસે સીધા દરોડા પાડીને પગલાં લેવાની તમામ સત્તા હોવા છતાં તંત્ર દ્વારા આંખ આડા કાન કરવામાં આવી રહ્યા હોવાનો ગંભીર આક્ષેપ કરાયો છે. આયોજકોએ સ્પષ્ટ ચેતવણી ઉચ્ચારી છે કે જો વહીવટી તંત્ર તાત્કાલિક ધોરણે આ ગેરકાયદે કતલખાનાઓ સીલ નહીં કરે, તો સુપ્રીમ કોર્ટના આદેશના ઉલ્લંઘન બદલ જવાબદાર અધિકારીઓ સામે નામદાર કોર્ટમાં 'કન્ટેમ્પ્ટ ઓફ કોર્ટ' (અદાલતની અવમાનના) હેઠળ કાનૂની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

## રાજકોટ શિક્ષણ સમિતિના ચેરમેનપદે કોની પસંદગી?

# બક્ષીપંચ અને માલધારી સમાજમાંથી દાવેદારોની ચર્ચા

### મહત્વના હોદ્દાઓમાં સમીકરણ વચ્ચે બક્ષીપંચ સમાજને પ્રતિનિધિત્વ આપવાની માંગ, ભાજપના આંતરિક વર્તુળોમાં લોબિંગની ચર્ચા

**સિટી ન્યૂઝ@રાજકોટ**

તાજેતરમાંજ શિક્ષણ સમિતિના સભ્યોની રાજકોટ મહાનગર પાલિકા દ્વારા નિયુક્તિ કરવામાં આવી છે અને ટૂંક સમયમાં શિક્ષણ સમિતિના ચેરમેન તેમજ વાઈસ ચેરમેન નિ નિયુક્તિ થવાની છે ત્યારે ચેરમેન પદ માટે અત્યાર થી લોબિંગ શરૂ થયાનું આધારભૂત સૂત્રો માંથી જાણવા મળી રહ્યું છે ત્યારે ખાસ કરી શિક્ષણ સમિતિનું ચેરમેન પદ બક્ષીપંચ સમાજ માંથી માવજીભાઈ ડોડિયા ને મળ્યું હતું અને ત્યારે બાદ દેવાંગ માંકડ, નરેન્દ્રસિંહ ઠાકુર, અતુલ પંડિત અને વિક્રમ પૂજારા ને જવાબદારી સોંપવામાં આવી હતી પરંતુ હાલ મેયર, ડે. મેયર, સ્ટેન્ડિંગ જેવા મહત્વના હોદા પર સવર્ણ સમાજને સ્થાન મળ્યું છે ત્યારે બક્ષીપંચ સમાજને મેયર પદ મળે તે માટે લોબિંગ શરૂ થયું હોવાનું જાણવા મળ્યું છે વધુ માહિતી મુજબ શહેર ભાજપ બક્ષીપંચ મહામંત્રી પ્રજાપતિ સમાજમાંથી આવતા હોય તેમજ શાસક પક્ષના નેતા આહીર સમાજમાંથી આવતા હોય તો શિક્ષણ સમિતિના ચેરમેન પદ માલધારી સમાજમાંથી પિન્ટુભાઈ રાઠોડ ને મળે તેવી લાગણી સામાકાંઠા વિસ્તારમાં વ્યાપી છે અત્રે ઉલ્લેખનીય છે કે પિન્ટુભાઈ રાઠોડ ના પિતા કોર્પોરેટર તરીકે રહી ચૂક્યા હતા તેમના ભાઈ અનિલ રાઠોડ ઘણા સમય સુધી કોર્પોરેટર પદે તેમજ શહેર ભાજપના મહામંત્રી તરીકે પણ રહી ચૂક્યા છે.

## નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના સભ્યો


કપિલ નથવાણી


હર્ષિત કાવર


વિરેન્દ્ર ભટ્ટ


યોગરાજસિંહ જાડેજા


હરેશ કાનાણી


ડો. તૃપ્તીબેન શુકલ


કલ્પનાબેન કયાડા


દ્રુપલબેન (ડોલીબેન) ટાંક


પિન્ટુ રાઠોડ


કેયુર મશરૂ


પ્રવીણ ચાવડા


હાજીભાઈ ઓડિયા

# અમરેલીમાં વિફરેલી સિંહણે એક બાદ એક 5 લોકો પર હુમલો કર્યો

### રેસ્ક્યૂ કરવા ગયેલા ગાર્ડને પણ લોહીલુહાણ કર્યો’તોઃ સિંહણ 12 કલાકે પાંજરે પૂરાઈ

**સિટી ન્યૂઝ@અમરેલી**

અમરેલીમાં વિફરેલી સિંહણ ૧૨ કલાકે પાંજરે પૂરાઈ છે. વડિયા તાલુકાના અરજણસુખ ગામ આસપાસ સિંહણે એક બાદ એક ૫ લોકો પર હુમલો કરી લોહીલુહાણ કર્યા હતા. સિંહણને ટ્રાન્ક્યુલાઈઝ કરી પાંજરે પૂરાઈ હતી. હુમલા કેમ કર્યા તે જાણવા માટે સિંહણના હેલ્થની ચકાસણી થશે. ઉલ્લેખનીય છે કે સિંહણને રાત્રે ૧ વાગ્યાની આસપાસ રેસ્ક્યૂ કરવા માટે ઓપરેશન શરૂ કરાયું હતું. ત્યારબાદ તે આજે બપોરે ૧ વાગ્યાની આસપાસ પાંજરે પૂરાઈ હતી.



હાલ સિંહણની વર્તણૂકને જોતા હડકવા હોવાની વનવિભાગને આશંકા છે. આ મામલે એનિમલ ડૉક્ટર તપાસ કરશે. અગાઉ જાફરાબાદ તાલુકાના બાબરકોટ ગામ નજીક આવી વર્તણૂક કરી હુમલા કરી સિંહણનું મોત થયું હતું. તેની પહેલા રાજુલાના ધારેશ્વર ગામ પાસે પણ સિંહણની આવી વર્તણૂક જોવા મળી હતી અને સિંહણનું મોત થયું હતું.ગઈકાલે રાત્રિથી જ અરજણસુખ ગામ નજીક સિંહણે આતંક મચાવ્યો હતો. પાંચમ પતાવીને બાઈક પર પરત ફરી રહેલા બે યુવકો પર સિંહણે અચાનક હુમલો કર્યો. ત્યારબાદ વહેલી સવારે સીમ વિસ્તારમાં વધુ બે વ્યક્તિ પર હુમલો કર્યો. સાથે જ રેસ્ક્યૂ ઓપરેશન કરનાર વનવિભાગના ગાર્ડ અનિરુદ્ધ વાળા પર પણ સિંહણે હુમલો કરતા દોડધામ મચી હતી.

૧ ઓક્ટોબરની રાત્રે આશરે ૧૨ વાગ્યાના સુમારે તોરી ગામના મેહુલભાઈ મનુભાઈ વાજા અને ભગીરથભાઈ ગભરુભાઈ બસિયા અર્જુનસુખ ગામ પાંચેમમાં પ્રસંગ પતાવીને બાઈક પર પરત ફરી રહ્યા હતા. અર્જુનસુખ ગામથી અર્જુનસુખ પાટિયા વચ્ચે રસ્તામાં અચાનક સિંહણે તેમની પર હુમલો કરતા ગાડી નીચે પડી ગઈ હતી. આ હુમલામાં એક યુવકને હાથના ભાગે અને બીજાને પગના ભાગે ઈજાઓ પહોંચી હતી. ૧૦૮ મારફતે બંને ઈજાગ્રસ્તોને તાત્કાલિક સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.શેત્રુંજી ડિવિઝનના ACF રાજન જાદવે જણાવ્યું કે ગત રાત્રે પોણા બાર વાગ્યાની આસપાસ બે મોટરસાયકલ સવાર પર સિંહણે હુમલો કર્યો હતો, જેમાં એમને સામાન્ય ઈજા થઈ હતી. ત્યારથી વન વિભાગની ૬થી ૭ ટીમો વિસ્તારમાં સ્કેનિંગ કરતી હતી. આ દરમિયાન આજે સવારે પણ સમાચાર આવ્યા કે બીજા બે લોકોને અને એક અમારા સ્ટાફને પણ સામાન્ય ઈજા કરી છે અને એ બાબતે તમામ વિસ્તારમાં ફરી સિંહણનું લોકેશન મેળવી એને પકડવામાં અમે સફળ થયા છીએ. હવે વાડી-ખેતરમાં કામ કરતા લોકોને ગભરાવવાની જરૂર નથી. સિંહણને ક્રાંકચ એનિમલ કેર સેન્ટરે ખસેડીને અંગે આગળની કાર્યવાહી હાથ ધરી છે.




# પ્રાચીન ગરબાની ભક્તિથી આધુનિક નવરાત્રીના વ્યાપારીકરણ સુધી

## મોંઘા પાસ, ઝાકમઝોળ અને નેતાઓની હાજરી વચ્ચે ગરબાની મૂળ ભક્તિ પાછળ ધકેલાઈ રહી હોવાની ટીકા

**સિટી ન્યૂઝ@ગાંધીનગર**

નવરાત્રી એટલે માતાજીની આરાધના, ભક્તિ અને પરંપરાનો પર્વ. થોડા જ દિવસોમાં દેશભરમાં નવરાત્રીનો પ્રારંભ થશે અને ઠેરઠેર માતાજીની સ્તુતિ, આરતી તથા ગરબાની રમઝટ જામશે. જોકે, સમયની સાથે ગરબાની પરંપરામાં પણ મોટો બદલાવ આવ્યો છે. એક તરફ ગામડાંમાં આજે પણ સાદગી અને શ્રદ્ધા સાથે પ્રાચીન ગરબાની પરંપરા જળવાઈ છે, તો બીજી તરફ આધુનિક નવરાત્રીમાં ભવ્ય આયોજન, મોંઘા પાસ, ચમકદમક અને દેખાદેખીનો ક્રેઝ વધી રહ્યો છે. આ પરિવર્તન વચ્ચે ગરબાની મૂળ ભાવના અને ભક્તિ ક્યાંક પાછળ રહી ગઈ હોવાનો સવાલ ઊભો થાય છે.

જૂના સમયના ગરબા ભક્તિ અને સાદગીનું પ્રતીક હતા. આજે પણ ગામડાંઓમાં બહેનો માતાજીની તસવીરને ફૂલહાર પહેરાવી ખુરશી પર સ્થાપિત કરે છે. માતાજીની સામે છિદ્રોવાળી માટલીમાં દીવો પ્રગટાવી તેને પણ ફૂલહારથી શણગારવામાં આવે છે. ત્યારબાદ રોજિંદાં સાદાં કપડાં પહેરી બહેનો પરંપરાગત લહેકામાં ગરબા ગાય છે અને માતાજીની ભક્તિમાં લીન થઈને ગરબે ઘૂમે છે.

આ ગરબામાં ન તો માઇકની જરૂર પડે છે, ન તો સંગીત પાર્ટીની. કોઈ ભવ્ય સ્ટેજ કે ફેશનેબલ વસ્ત્રો વિના પણ મહિલાઓના મીઠા અવાજમાં ગવાતા ગરબા વાતાવરણને ભક્તિમય બનાવી દે છે. અહીં દેખાડા કરતાં શ્રદ્ધાને વધુ મહત્ત્વ આપવામાં આવે છે. આ જ પ્રાચીન ગરબાની વિશેષતા છે, જેમાં માતાજીની આરાધના જ કેન્દ્રસ્થાને રહે છે.

### આધુનિક ગરબામાં ભક્તિ કરતાં દેખાદેખી અને ખર્ચનું પ્રભુત્વ

સમય બદલાતાં ગરબાની ઉજવણીની રીતમાં પણ પરિવર્તન આવ્યું છે. આજના અર્વાચીન ગરબામાં ભવ્ય ગ્રાઉન્ડ, મોંઘાં સ્ટેજ, આધુનિક સાઉન્ડ સિસ્ટમ અને જાણીતા કલાકારોનું આકર્ષણ જોવા મળે છે. મોટા પાયે આયોજન માટે લાખો રૂપિયાનો ખર્ચ કરવામાં આવે છે. આ ખર્ચની ભરપાઈ માટે ગરબા રમવા આવતા લોકો પાસેથી ઊંચી કિંમત વસૂલવામાં આવે છે. આવા આયોજનમાં ભક્તિ કરતાં મનોરંજન, ફેશન અને દેખાદેખીનું મહત્ત્વ વધી રહ્યું હોવાની ટીકા થઈ રહી છે. ધર્મ અને પરંપરાના નામે થતા આયોજનોમાં વ્યાપારી હિતોનું પ્રભુત્વ વધે ત્યારે નવરાત્રીની મૂળ ભાવના જળવાઈ રહે છે કે નહીં, તે વિચારવા જેવો પ્રશ્ન છે.

### ગરબાના મેદાનમાં નેતાઓની હાજરી અને યુવાધનનો ક્રેઝ

આધુનિક ગરબાના મેદાનો હવે રાજકીય આગેવાનોની હાજરી માટે પણ ચર્ચામાં રહે છે. કેટલાક નેતાઓ યુવાધન સાથે ગરબા રમતા જોવા મળે છે અને તેમની સાથે તસવીરો પડાવવાનો યુવાનોમાં ઉત્સાહ પણ જોવા મળે છે. જોકે, આવા પ્રસંગોમાં નેતાઓની હાજરીથી યુવાધન કેટલું પ્રભાવિત થાય છે અને આ આકર્ષણ પાછળ કઈ માનસિકતા કામ કરે છે, તે ચર્ચાનો વિષય છે. યુવાનો માટે નેતાઓ સાથેની તસવીરો અને સોશિયલ મીડિયા પર તેને શેર કરવાનો ઉત્સાહ જ નવરાત્રીનું મુખ્ય આકર્ષણ બની જાય તો મોંઘવારી, બેરોજગારી, વધતી ગુનાખોરી અને કારકિર્દી જેવા ગંભીર મુદ્દાઓ પર ધ્યાન આપવાની જરૂરિયાત પણ ભૂલાઈ શકે છે. નેતાઓ સાથે ગરબા રમવાથી કે તસવીરો પડાવવાથી યુવાનોના પરિવારનું ભલું થશે કે તેમની સમસ્યાઓનું નિરાકરણ આવશે? આવા સવાલો પર યુવાધને વિચારવાની જરૂર છે.

### મોડી રાત સુધી ગરબાની છૂટથી સુરક્ષા અને પોલીસની કામગીરીનો પ્રશ્ન

નવરાત્રી દરમિયાન ગરબા મોડી રાત સુધી ચાલુ રાખવાની છૂટ અંગે પણ સુરક્ષાના મુદ્દે ચર્ચા જરૂરી છે. રાતભર ચાલતા કાર્યક્રમોમાં કાયદો અને વ્યવસ્થાની જાળવણી પોલીસ માટે પડકારરૂપ બની શકે છે. લાંબા સમય સુધી ફરજ બજાવતા પોલીસકર્મીઓના આરોગ્ય અને કામગીરી પર પણ તેની અસર થવાની શક્યતા રહે છે. બીજી તરફ, મોડી રાત સુધી ચાલતા કાર્યક્રમોમાં મહિલાઓ, યુવતીઓ અને અન્ય નાગરિકોની સુરક્ષા સુનિશ્ચિત કરવી પણ એટલી જ જરૂરી છે. નવરાત્રીની ઉજવણીમાં આનંદ અને ભક્તિની સાથે જાહેર સુરક્ષાને પ્રાથમિકતા આપવી જોઈએ. ભૂતકાળમાં અમદાવાદના જીએમડીસી ગ્રાઉન્ડમાં ગરબા દરમિયાન બનેલી દુર્ઘટનાને યાદ રાખીને આયોજકો અને તંત્રએ સુરક્ષાના પૂરતા પગલાં લેવા જરૂરી છે.

### ધર્મના નામે વ્યાપારીકરણ અને રાજકીય હિતો સામે સવાલ

ધર્મ વ્યક્તિની શ્રદ્ધા અને આસ્થાનો વિષય છે. કોઈપણ ધર્મની ઉજવણી કે ધાર્મિક પરંપરાનો વિરોધ કરવાનો પ્રશ્ન નથી, પરંતુ ધર્મના નામે વ્યાપારી હિતો સાધવામાં આવે અથવા ધાર્મિક લાગણીઓનો રાજકીય ઉપયોગ થાય ત્યારે તેના પર સવાલ ઉઠાવવો જરૂરી બને છે. નવરાત્રી જેવા પવિત્ર પર્વને માત્ર કમાણી કે રાજકીય લોકપ્રિયતા મેળવવાનું માધ્યમ બનાવવામાં આવે તો તેની મૂળ ભાવના પર અસર થઈ શકે છે. યુવાધનને ધાર્મિક ઉત્સવોમાં જોડાવા પ્રોત્સાહિત કરવું આવકાર્ય છે, પરંતુ સાથે જ તેમને શિક્ષણ, રોજગાર, નશામુક્તિ અને સામાજિક જવાબદારી જેવા મુદ્દાઓ પ્રત્યે પણ જાગૃત કરવું એટલું જ મહત્ત્વનું છે.

# ગુજરાતમાં મતદાર યાદી સુધારવા 4 રવિવારે વિશેષ કેમ્પ

## નામ ઉમેરવા, સુધારા કરવા અને પ્રથમ વખત મતદાર બનવા 11 ઓક્ટોબરથી 1 નવેમ્બર સુધી તક




**સિટી ન્યૂઝ@ગાંધીનગર**

ગુજરાતમાં મતદાર યાદીને વધુ સચોટ અને અદ્યતન બનાવવા માટે ઓક્ટોબર અને નવેમ્બર દરમિયાન ખાસ ઝુંબેશ હાથ ધરવામાં આવશે. આ અંતર્ગત રાજ્યના વિવિધ મતદાન મથકો પર ૪ રવિવારે વિશેષ કેમ્પ યોજાશે. મતદાર યાદીમાં નામ ઉમેરવા, વિગતોમાં સુધારો કરાવવા અથવા પ્રથમ વખત મતદાર તરીકે નોંધણી કરાવવા ઈચ્છતા પાત્ર નાગરિકો આ કેમ્પનો લાભ લઈ શકશે.

નક્કી કરાયેલી તારીખોએ સવારે ૧૦થી સાંજે ૫ વાગ્યા સુધી મતદાન મથકો પર સંબંધિત અધિકારીઓ અને બૂથ લેવલ ઓફિસર (BLO) હાજર રહેશે. તેઓ મતદાર યાદી સંબંધિત અરજીઓ સ્વીકારશે અને નોંધણી અંગે માર્ગદર્શન આપશે.

વિશેષ કેમ્પની તારીખ ૧૧ ઓક્ટોબર, ૨૦૨૬, ૧૮ ઓક્ટોબર, ૨૦૨૬, ૨૫ ઓક્ટોબર, ૨૦૨૬, ૧ નવેમ્બર, ૨૦૨૬ આ ચારેય દિવસ સવારે ૧૦થી સાંજે ૫ વાગ્યા સુધી મતદાર યાદી સંબંધિત કામગીરી થશે. પાત્ર નાગરિકો પોતાના વિસ્તારના મતદાન મથક પર જઈ અરજી કરી શકશે.

આ ઝુંબેશમાં ખાસ કરીને ૧૮ અને ૧૯ વર્ષની ઉંમરના પ્રથમ વખત મતદાર બનવા જઈ રહેલા યુવાનો પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે. પાત્ર હોવા છતાં જેમનું નામ મતદાર યાદીમાં નથી, તેઓ નોંધણી માટે અરજી કરી શકશે.

યુવાનોમાં જાગૃતિ વધારવા માટે કોલેજો અને અન્ય શૈક્ષણિક સંસ્થાઓમાં SVEEP (સિસ્ટમેટિક વોટર્સ એજ્યુકેશન એન્ડ ઈલેક્ટોરલ પાર્ટિસિપેશન) અંતર્ગત કાર્યક્રમો યોજાશે. બેનર અને સ્થાનિક માધ્યમો દ્વારા પણ નોંધણી અંગે માહિતી આપવામાં આવશે.

મતદાર યાદીમાં નામ ન હોય તેવા પાત્ર નાગરિકોએ નવા મતદાર તરીકે નોંધણી માટે Form-૬ ભરવાનું રહેશે. ચૂંટણી પંચના સત્તાવાર Voter Services Portal પર ઓનલાઈન અરજી કરવાની સુવિધા છે. અરજીની સ્થિતિ પણ પોર્ટલ પર તપાસી શકાય છે.

નાગરિકો મતદાર યાદીમાં પોતાનું નામ પહેલેથી નોંધાયેલું છે કે નહીં તે પણ ઓનલાઈન ચકાસી શકે છે. આથી કેમ્પમાં જતાં પહેલાં નામની સ્થિતિ તપાસી લેવી ઉપયોગી રહેશે.

મતદાર નોંધણી અધિકારીઓ (ERO) અને મદદનીશ મતદાર નોંધણી અધિકારીઓ (AERO) કોલેજો તથા શૈક્ષણિક સંસ્થાઓમાં જાગૃતિ કાર્યક્રમો યોજશે. કેમ્પ દરમિયાન સુપરવાઈઝરો મતદાન મથકોની મુલાકાત લઈને કામગીરીનું નિરીક્ષણ કરશે. જરૂરિયાત મુજબ જિલ્લા ચૂંટણી અધિકારીઓ, ERO અને AERO પણ કામગીરીની સમીક્ષા કરશે.

પાત્ર નાગરિકો Voter Services Portal પર Form-૬ મારફતે ઓનલાઈન અરજી કરી શકે છે. ઓનલાઈન અરજી કરવામાં મુશ્કેલી હોય તો નિર્ધારિત રવિવારે પોતાના વિસ્તારના મતદાન મથક પર જઈ BLOનો સંપર્ક કરી શકાય છે.

કેમ્પમાં જતાં પહેલાં મતદાર યાદીમાં પોતાનું નામ છે કે નહીં તે તપાસી લેવું અને જરૂરી વિગતો તૈયાર રાખવી. આ ઝુંબેશથી નવા મતદારોને નોંધણીની તક મળશે તેમજ મતદાર યાદીમાં સુધારા કરાવવાની પ્રક્રિયા સરળ બનશે.




# વડોદરાના નવલખી મેદાનમાં નો તિલક,નો એન્ટ્રીના બેનર લાગ્યા

## ક્રેડાઈ નવરાત્રી ફેસ્ટિવલમાં સતત ત્રીજા વર્ષે તિલક ફરજિયાત, ખેલૈયાઓ અને આયોજકોએ નિર્ણયને આવકાર્યો

**સિટી ન્યૂઝ@ગાંધીનગર**

સંસ્કારી નગરી વડોદરાની નવરાત્રિ તેના ભવ્ય આયોજન, શિસ્ત અને પરંપરાગત ગરબા માટે માત્ર ગુજરાત જ નહીં પરંતુ સમગ્ર દેશ અને વિદેશમાં પ્રખ્યાત છે. હવે નવરાત્રિ મહોત્સવને ગણતરીના દિવસો જ બાકી રહ્યા છે ત્યારે સંસ્કારી નગરીમાં આયોજકો દ્વારા તૈયારીઓ આખરી ઓપ તરફ તેજ કરી દેવામાં આવી છે. ગરબા રસિકોમાં પણ ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

આ દરમીયાન વડોદરાના ઐતિહાસિક નવલખી મેદાન ખાતે યોજાતા ક્રેડાઇ નવરાત્રી ફેસ્ટિવલના આયોજન સ્થળે લગાવવામાં આવેલા એક વિશિષ્ટ બોર્ડે ભારે આકર્ષણ અને ચર્ચા જગાવી છે.

નવલખી મેદાન ખાતે ક્રેડાઇ દ્વારા આયોજિત ગરબા મહોત્સવની બોક્સ ઓફિસ બહાર જ “નો તિલક, નો એન્ટ્રી” લખેલા બેનરો લગાવી દેવામાં આવ્યા છે. આ આયોજનમાં પ્રવેશ મેળવવા માટે કપાળે તિલક હોવું ફરજિયાત બનાવવામાં આવ્યું છે. ઉલ્લેખનીય છે કે, સતત ત્રીજા વર્ષે આયોજકો દ્વારા આ નિયમનું કડક પાલન કરાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. ગત વર્ષે પણ આ નિયમ અમલી બનાવાયો હતો અને આ વર્ષે પણ ગરબા ગ્રાઉન્ડમાં પ્રવેશતા તમામ ખેલૈયાઓ અને દર્શકો માટે આ શરત અનિવાર્ય રહેશે.

હિંદુ ધર્મના આ પવિત્ર આરાધના પર્વ દરમિયાન કોઈ અનિચ્છનીય બનાવ ન બને અને ગરબાની પવિત્રતા જળવાઈ રહે તે માટે આયોજકો દ્વારા આ પગલું ભરવામાં આવ્યું છે. અસામાજિક તત્વો કે વિધર્મીઓ ખોટી રીતે ઓળખ છુપાવીને કે ખોટા આશયથી ગરબા ગ્રાઉન્ડમાં પ્રવેશ ન કરી શકે અને ખેલૈયાઓની સુરક્ષા જળવાઈ રહે તે સુનિશ્ચિત કરવા માટે આ કડક આચારસંહિતા ઘડવામાં આવી છે. તિલકના માધ્યમથી ઓળખ ચકાસણી સરળ બને છે અને સંભવિત અસામાજિક પ્રવૃત્તિઓને શરૂઆતમાં જ અટકાવી શકાય છે.

આયોજકોના આ નિર્ણયને વડોદરાના ખેલૈયાઓ તેમજ ગરબાપ્રેમીઓએ હૃદયપૂર્વક આવકાર્યો છે. ગરબા રમવા આવતી યુવતીઓ અને તેમના વાલીઓએ રાહતનો શ્વાસ લેતાં જણાવ્યું હતું કે, આ પ્રકારના નિયમોથી ગરબા મહોત્સવનું વાતાવરણ સુરક્ષિત અને ધાર્મિક બને છે. જો કોઈ અસામાજિક તત્વ ખોટી રીતે પ્રવેશવાનો પ્રયાસ કરે તો પણ તેને પ્રવેશદ્વાર પર જ અટકાવી શકાય છે, જેનાથી કોઈ અનિચ્છનીય ઘટના બનતી અટકે છે.

વડોદરાની વિશ્વપ્રસિદ્ધ નવરાત્રિની ગરિમા અને સંસ્કૃતિ જળવાઈ રહે તે માટે લેવાયેલો આ ’નો તિલક, નો એન્ટ્રી’નો નિર્ણય આ વર્ષે પણ ગરબા રસિકો માટે સુરક્ષિત અને ભક્તિમય માહોલ પૂરો પાડવામાં મહત્વનો ભાગ ભજવશે.

### અમરેલીના જમાઈની બહાદુરીને સલામ !

# ઈજાગ્રસ્ત કેપ્ટન સ્મિત મચ્છરે બહાદુરી પૂર્વક 180 મુસાફરોની જિંદગી બચાવી



## ધારાસભ્ય મહેશ કસવાળા અને સગા-સંબંધીઓએ સાવરકુંડલાના જમાઈની જિંદાદિલીની પ્રશંસા કરી

**સિટી ન્યૂઝ@ધર્મેશ મહેતા-અમરેલી**

દુબઈથી ઈઝરાયેલ જઈ રહેલી ફ્લાઈટમાં આકાશ વચ્ચે સર્જાયેલી અત્યંત ગંભીર અને હિંસક પરિસ્થિતિમાં અમરેલી જિલ્લાના સાવરકુંડલાના જમાઈ અને ભારતીય પાયલોટ કેપ્ટન સ્મિત મચ્છરે હિંમતતા દાખવી અને બહાદુરીનો પરિચય આપ્યો છે. કોકપિટમાં થયેલા હિચકારા હુમલામાં ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હોવા છતાં તેમણે ધૈર્ય ગુમાવ્યા વિના ૧૮૦ મુસાફરોના જીવ સુરક્ષિત રીતે બચાવી લીધા હતા. આ ઘટના બાદ સાવરકુંડલાના ધારાસભ્ય મહેશ કસવાળા, કેપ્ટન સ્મિતના સગા-સંબંધીઓ, પરિવારજનો અને દેશ-વિદેશના રાજનેતાઓએ તેમની સાહસની ભારે પ્રશંસા કરી છે. મળતી માહિતી મુજબ, વિમાન FZ૧૦૭૩ દુબઈથી તેલઅવીવ તરફ ઉડાન ભરી રહ્યું હતું, ત્યારે અધવચ્ચે કોકપિટમાં પાયલોટ્સ વચ્ચે હિંસક ઘટના બની હતી. વિમાનમાં તુરંત જ ઈમરજન્સી અને હાઈજેક


હિરેનભાઈ

સંબંધિત એલર્ટ જારી કરવામાં આવ્યું હતુ. અહેવાલો મુજબ હુમલાખોરે કેપ્ટન સ્મિત મચ્છર પર ચપ્પુ વડે હુમલો કરતા તેઓ ગંભીર રીતે ઘાયલ થયા હતા. લોહીલુહાણ હાલતમાં પણ કેપ્ટન સ્મિતે અદ્ભુત માનસિક સંતુલન જાળવી રાખ્યું હતું અને ઈઝરાયેલના બદલે વિમાનને સાઉદી અરેબિયાના તબુક એરપોર્ટ તરફ સુરક્ષિત રીતે ડાયવર્ટ કરી ઈમરજન્સી લેન્ડિંગ કરાવ્યુ હતુ. આ દરમિયાન મુસાફરો અને ક્રૂના સભ્યોએ પણ હુમલાખોરને કાબૂમાં લેવામાં મદદ કરી હતી. વિમાનમાં ઉપસ્થિત મુસાફરોએ કેપ્ટન સ્મિત મચ્છરના આ બહાદુરી અને હિંમતતા


મહેશ કસવાળા (ધારાસભ્ય

વખાણ કર્યા હતા અને તેમને સંકટ સમયનાં અસલી હીરો ગણાવ્યા હતા. કેપ્ટન સ્મિત મચ્છર જેઓ ૧૧ વર્ષથી વધુ સમય સુધી સ્પાઈસજેટમાં પાયલોટ તરીકે સેવા આપી છે. તેમના નામે ૯૫૦૦ થી વધુ ફ્લાયિંગ કલાકો અનુભવવાનું જણાવાય છે. આ કેપ્ટન સ્મિત મચ્છરનો પરિવાર સાવરકુંડલા સાથે ઘાઢ સંબંધ ધરાવે છે. તેમના સગા સાળા હિરેનભાઈના જણાવ્યા પ્રમાણે, ઘટનાની જાણ થતાં જ આખો પરિવાર ચોંકી ગયો હતો અને ચિંતામાં મુકાઈ ગયો હતો. પરંતુ સ્મિતે આવી અત્યંત વિકટ અને ગંભીર પરિસ્થિતિમાં પોતાની જાતનો વિચાર કર્યા વગર ૧૮૦ મુસાફરોના જીવ બચાવવા જે હિંમત અને સુઝબુઝ બતાવી છે તેનાથી સાવરકુંડલા અને સમગ્ર ગુજરાતનું માથું ગર્વથી ઊંચું થયું છે.

અમરેલી જિલ્લાના સાવરકુંડલાના ધારાસભ્ય મહેશ કસવાળા અને સ્થાનિક અગ્રણીઓએ કેપ્ટન સ્મિતની આ વીરતાપૂર્ણ કામગીરીને બિરદાવતા જણાવ્યું હતું કે, આકાશમાં સર્જાયેલી આવી અચાનક અને ગંભીર પરિસ્થિતિમાં પાયલોટની ઉત્કૃષ્ટ તાલીમ, બહોળો અનુભવ અને ત્વરિત નિર્ણયક્ષમતા કેટલી જીવનરક્ષક સાબિત થઈ શકે છે તેનું આ ઉત્તમ ઉદાહરણ છે. સાવરકુંડલાના જમાઈની આ સાહસિક કામગીરી પર આજે સમગ્ર પંથક અને દેશ ગર્વ અનુભવી રહ્યો છે. હાલમાં કેપ્ટન સ્મિતની સાઉદી અરેબિયાની હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે અને તેઓ ઝડપથી સ્વસ્થ થાય તે માટે શુભેચ્છાઓ પાઠવવામાં આવી રહી છે. આ કેપ્ટન સ્મિતની આ બહાદુરીને સલામ છે, ત્યારે ગુજરાત સરકાર પણ આ બહાદુર પાઈલટને સન્માનિત કરવાની છે.

### માખીયાડા ગામે પ્રસૂતિની પીડા વધતાં સ્થળ પર જ કરાવવી પડી ડિલિવરી

# વાડીમાં જ ગર્ભવતીની સફળ ડિલિવરી, 108 બની જીવનદાતા!

**સિટી ન્યૂઝ@જૂનાગઢ**

જુનાગઢ તાલુકાના માખીયાડા ગામના વાડી વિસ્તારમાં રહેતી આશરે ૩૦ વર્ષની શ્રમિક મહિલાને પ્રસૂતિની પીડા ઉપડતાં વાડીના માલિકે તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સને જાણ કરી હતી. માહિતી મળતા જ CHC વંથલીની ૧૦૮ એમ્બ્યુલન્સમાં ફરજ બજાવતા EMT સુરેશ કોરિયા અને પાઈલોટ કેવિન જલુ સમય બગાડ્યા વિના મહિલાને લેવા માટે રવાના થયા હતા.૧૦૮ની ટીમ સ્થળ પર પહોંચી ત્યારે તપાસ દરમિયાન મહિલાની પ્રસૂતિની પીડા ખૂબ જ વધી ગઈ હોવાનું જાણવા મળ્યું હતું. પરિસ્થિતિને જોતા મહિલાને તાત્કાલિક હોસ્પિટલ ખસેડવાને બદલે સ્થળ પર જ પ્રસૂતિ કરાવવી જરૂરી બની હતી.

આ અંગે ૧૦૮ હેડ ઓફિસના ઈમરજન્સી ફિઝિશિયન ડૉ. વંશસરની તબીબી સલાહ લેવામાં આવી હતી. તેમની માર્ગદર્શિકા મુજબ EMT સુરેશ કોરિયાએ સ્થળ પર જ સફળતાપૂર્વક નોર્મલ ડિલિવરી કરાવી હતી. સમયસરની આ કામગીરીના કારણે માતા અને નવજાત પુત્રી બંનેને તાત્કાલિક જરૂરી પ્રાથમિક સારવાર મળી હતી.ડિલિવરી બાદ માતા અને પુત્રીને વધુ સારવાર અને દેખરેખ માટે જુનાગઢ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. ૧૦૮ની ટીમે સમયસર સ્થળ પર પહોંચી પરિસ્થિતિ સંભાળી લેતાં માતા અને પુત્રી બંનેનો જીવ બચાવવામાં મહત્વની ભૂમિકા ભજવી હતી. આ સમગ્ર કામગીરી બદલ દર્દીના પરિવારજનોએ ૧૦૮ એમ્બ્યુલન્સના સ્ટાફની કામગીરીને બિરદાવી હતી. આ પ્રસંગે જિલ્લાના પ્રોગ્રામ મેનેજર જયેશકારના સર તથા જિલ્લા કો-ઓર્ડિનેટર જયેશગીરી મેઘનાથી સરે EMT સુરેશ કોરિયા અને પાઈલોટ કેવિન જલુને અભિનંદન પાઠવ્યા હતા.માખીયાડાની વાડી વિસ્તારમાં પ્રસૂતિની પીડા વધી જતાં મહિલાની સ્થિતિ ગંભીર બની હતી. હોસ્પિટલ પહોંચવાનો સમય ન રહેતાં ૧૦૮ના EMT સુરેશ કોરિયાએ ઈમરજન્સી ફિઝિશિયનની સલાહ મુજબ સ્થળ પર જ સફળ નોર્મલ ડિલિવરી કરાવી હતી. ત્યારબાદ માતા અને નવજાત પુત્રીને જરૂરી પ્રાથમિક સારવાર આપી જુનાગઢ સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. ૧૦૮ની ટીમની તાત્કાલિક અને જવાબદારીભરી કામગીરીથી બંને સુરક્ષિત રહ્યા હતા.

### ગાંધી જયંતીએ વલ્લભીપુર પાલિકાનું માત્ર કાગળ પર સ્વચ્છતા અભિયાન !

# વલ્લભીપુરમાં સ્વચ્છતા માત્ર ફોટા પૂરતી જ સીમિત!

## રાજપરા રોડ પર ગંદકીના ઉકરડા, પાલિકાના સ્વચ્છતા અભિયાનની પોલ ખોલી

**સિટી ન્યૂઝ@વલ્લભીપુર**



આજે ૨ ઓક્ટોબર, રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીની જન્મજયંતી નિમિત્તે સમગ્ર દેશમાં સ્વચ્છતા અભિયાનની ઉજવણી થઈ રહી છે. ત્યારે વલ્લભીપુર નગરપાલિકા દ્વારા સ્વચ્છતા અભિયાન અંતર્ગત માત્ર મોટા મોટા ફોટા પાડીને સોશિયલ મીડિયા પર વાહવાહી લૂંટવામાં આવી રહી હોવાની વાસ્તવિકતા સામે આવી છે. શહેરના રાજપરા રોડ જેવા છેવાડાના વિસ્તારોમાં જોવા મળતી ભારે ગંદકી પાલિકાના પોકળ દાવાઓની પોલ ખોલી રહી છે.રાજપરા રોડ વિસ્તારમાં મનુભાઈ સાગઠીયાના ઘર પાસે અને પછાત વર્ગના લોકો જ્યાં વસવાટ કરે છે, ત્યાં ગંદકીના મોટા ઉકરડા જોવા મળી રહ્યા છે. સ્થાનિકોમાં મચ્છરજન્ય રોગચાળો ફાટી નીકળવાની ગંભીર ભીતિ સેવાઈ રહી છે. આ પરિસ્થિતિ પરથી સવાલ ઉઠે છે કે શું ગાંધીજીની જન્મ જયંતી માત્ર ફોટા અપલોડ કરીને ઉજવવાની છે? સરકારી તિજોરીમાંથી લાખો રૂપિયાનો પગાર લેતા અધિકારીઓની જવાબદારી માત્ર ઓફિસમાં બેસી કાગળ પર સ્વચ્છતા બતાવવાની છે કે પછી સ્થળ પર જઈને લોકોની સમસ્યા હલ કરવાની છે? સામાજિક કાર્યકર મનુભાઈ સાગઠીયાએ પાલિકા તંત્રની કામગીરી સામે રોષ વ્યક્ત કરતા સવાલ ઉઠાવ્યો છે કે એક તરફ સ્વચ્છતા અભિયાનના નામે ફોટાઓની ચમક બતાવાઈ રહી છે, જ્યારે બીજી તરફ છેવાડાના વિસ્તારોના નાગરિકો ગંદકી અને મચ્છરોના ઉપદ્રવ વચ્ચે જીવવા મજબૂર બન્યા છે. જો આ ગંદકીના કારણે કોઈ મોટી આરોગ્યલક્ષી સમસ્યા સર્જાશે તો તેની જવાબદારી કોની રહેશે? સ્થાનિકો અને સામાજિક કાર્યકરોએ માંગ કરી છે કે નગરપાલિકાના પદાધિકારીઓ અને અધિકારીઓ તાત્કાલિક સ્થળ મુલાકાત લઈ આ વિસ્તારની સફાઈ કરાવે અને ગંદકીનો કાયમી નિકાલ કરે.

હવે જોવું એ રહ્યું કે વલ્લભીપુર નગરપાલિકા ફોટાઓની દુનિયામાંથી બહાર આવી ક્યારે જમીન પર વાસ્તવિક કામગીરી શરૂ કરે છે.

# ઉમિયા ચોક પાસેથી 3.51 લાખનો કોપર સ્ક્રેપ ચોરનાર ટોળકી ઝડપાઈ

**સિટી ન્યૂઝ@રાજકોટ**



રાજકોટના ૧૫૦ ફૂટ રીંગ રોડ પાસે યુટીલિટી વાનમાંથી રૂ.૩.૫૧ લાખની કિંમતનો ૨૬૦ કિલો કોપર સ્ક્રેપની થયેલ ચોરીના બનાવમાં તાલુકા પોલીસે સગીર સહિત સાત શખસોની ટોળકીને ઝડપી લીધી હતી. પોલીસે આ ટોળકી પાસેથી કોપર સ્ક્રેપ, વાહન સહિત રૂ.૬.૦૬ લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો. ગાડી રેઢી જોઈ દાનત બગડતા ચોરી કરી હતી. ચોરાઉ માલ વેચવા જાય તે પૂર્વે પોલીસની ઝપટે ચડી ગયા હતાં. બનાવ અંગે ૧૫૦ ફૂટ રીંગ રોડ પર ઉમિયા ચોક નજીક હિમાલય સોસાયટીમાં રહેતા ટ્રાન્સપોર્ટર નીકુલભાઈ ખોડાભાઈ જેઠાએ નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતુ કે, ગઇ તા.૨૨ રાત્રીના આશરે સવા નવ વાગ્યે ફરિયાદીનો ડ્રાઈવર અસલમ બડા દોસ્ત ગાડી જેમાં કોપર સ્ક્રેપ ભર્યો હોય તે ઘર પાસે ગાડી પાર્ક કરી ગયો હતો.બાદમાં તા. ૨૩/૦૯/૨૦૨૬ ના સવારના કોપર સ્ક્રેપ ભરેલી ગાડી જોવા જતાં બડા દોસ્ત ગાડીમાં ભરેલ ૨૬૦ કિલો કોપર સ્ક્રેપનો માલ મળી આવેલ નહિ. જેથી રાત્રિના સમયે અજાણ્યા તસ્કરો રૂ. ૩.૫૧ લાખની કિંમતનો ૨૬૦ કિલો કોપર સ્ક્રેપ ચોરી જતાં ટ્રાન્સપોર્ટરે તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. ચોરીની આ ઘટનાને લઇ ઉચ્ચ પોલીસ અધિકારીઓએ ગુનાનો ભેદ ઉકેલવાની આપેલ સૂચનાથી તાલુકા પોલીસ મથકના પીઆઇ એસ.આર.મેઘાણીની રાહબરીમાં પીએસઆઇ બી.આર.ભરવાડ તથા ટીમ તપાસમાં લાગી હતી. દરમિયાન કોન્સ. જયપાલસિંહ સરવૈયા, બળભદ્રસિંહ જાડેજા, મુકેશભાઇ ડાંગર, કરણભાઇ જાદવને એવી બાતમી મળી હતી કે, શંકાસ્પદ શખસો કોપર સ્ક્રેપ સાથે પરસાણા ચોક કણકોટ રોડ વૃપી વર્લ્ડ હોટલની સામે આવેલા મેદાનમાં એક રીક્ષા અને ત્રણ વાહન સાથે ઉભા છે. જેથી ટીમ તાકીદે દોડી જઈ અને સ્ક્રેપ સાથે સગીર સહિત સાત શખસો બાપુનગર ક્વાટરના અફઝલ નાસીર શેખ, અશરફ ઉર્ફે ભુરો નાસીર શેખ, દેવપરાના શકીલ સતાર સપ્પા, આજી જીઆઈડીસીના હમજા રફીક સૈયદ, જંગલેશ્વરના અનસ મન્નાખાન શેખ, ભવાની ચોકના કરણ અરવિંદ હુંબલ અને સગીરને ઝડપી લીધા છે પોલીસે આ ટોળકી પાસેથી ચોરીમાં ગયેલ ૩.૫૧ લાખનો કોપર સ્ક્રેપ, રીક્ષા, ત્રણ મોપેડ સહિત ૬.૦૬ લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો પોલીસની પ્રાથમિક તપાસમાં તમામ આરોપી મિત્ર હોય અને સ્ક્રેપ ભરેલી ગાડી રેઢી જોતા ચોરી કરી હતી ચોરીનો માલ વેચે તે પૂર્વે પોલીસે ઝડપી લીધા હતાં અફઝલ સામે દારૂ, અશરફ સામે મારામારી, હમજા સામે આર્મ્સ એક્ટ, જુગાર અને મારામારીના ગુના નોંધાઇ ચૂકયા છે.

## 2027 વર્લ્ડ કપનું શિડ્યૂલ જાહેર

# 10 ઓક્ટોબરે ભારત સામે પાકિસ્તાનનો મહામુકાબલો

### 2 ઓક્ટોબરથી 21 નવેમ્બર સુધી રોમાંચ, પહેલીવાર 14 ટીમો રમશે 57 મેચ

**સંપૂર્ણ મેચ શેડ્યૂલ**

| તારીખ | મેચ | તબક્કો | સ્થળ |
|---|---|---|---|
| ૨ ઓક્ટોબર, શનિવાર | QF૧ vs QF૩ | સુપર સિરીઝ | વિન્ડહોક |
| ૪ ઓક્ટોબર, સોમવાર | QF૧ vs QF૨ | સુપર સિરીઝ | વિન્ડહોક |
| ૬ ઓક્ટોબર, બુધવાર | QF૨ vs QF૩ | સુપર સિરીઝ | વિન્ડહોક |
| ૭ ઓક્ટોબર, ગુરુવાર | ભારત vs ઓસ્ટ્રેલિયા | ગ્રુપ A | કેપ ટાઉન |
| ૮ ઓક્ટોબર, શુક્રવાર | પાકિસ્તાન vs અફઘાનિસ્તાન | ગ્રુપ A | ત્શ્વાને |
| ૮ ઓક્ટોબર, શુક્રવાર | ઈંગ્લેન્ડ vs બાંગ્લાદેશ | ગ્રુપ B | વિન્ડહોક |
| ૯ ઓક્ટોબર, શનિવાર | ઝિમ્બાબ્વે vs ક્વોલિફાયર A | ગ્રુપ A | બુલાવાયો |
| ૯ ઓક્ટોબર, શનિવાર | દક્ષિણ આફ્રિકા vs ન્યૂઝીલેન્ડ | ગ્રુપ B | કેપ ટાઉન |
| ૧૦ ઓક્ટોબર, રવિવાર | ભારત vs પાકિસ્તાન | ગ્રુપ A | જોહાનિસબર્ગ |
| ૧૦ ઓક્ટોબર, રવિવાર | શ્રીલંકા vs ક્વોલિફાયર B | ગ્રુપ B | વિન્ડહોક |
| ૧૧ ઓક્ટોબર, સોમવાર | ઝિમ્બાબ્વે vs અફઘાનિસ્તાન | ગ્રુપ A | બુલાવાયો |
| ૧૨ ઓક્ટોબર, મંગળવાર | ઓસ્ટ્રેલિયા vs ક્વોલિફાયર A | ગ્રુપ A | પાર્લ |
| ૧૨ ઓક્ટોબર, મંગળવાર | ન્યૂઝીલેન્ડ vs બાંગ્લાદેશ | ગ્રુપ B | કુગોમ્પો સિટી |
| ૧૩ ઓક્ટોબર, બુધવાર | ઈંગ્લેન્ડ vs શ્રીલંકા | ગ્રુપ B | વિન્ડહોક |
| ૧૩ ઓક્ટોબર, બુધવાર | દક્ષિણ આફ્રિકા vs ક્વોલિફાયર B | ગ્રુપ B | પાર્લ |
| ૧૪ ઓક્ટોબર, ગુરુવાર | ભારત vs અફઘાનિસ્તાન | ગ્રુપ A | ત્શ્વાને |
| ૧૫ ઓક્ટોબર, શુક્રવાર | પાકિસ્તાન vs ક્વોલિફાયર A | ગ્રુપ A | બ્લૂમફોન્ટેન |
| ૧૫ ઓક્ટોબર, શુક્રવાર | ઝિમ્બાબ્વે vs ઓસ્ટ્રેલિયા | ગ્રુપ A | હરારે |
| ૧૬ ઓક્ટોબર, શનિવાર | શ્રીલંકા vs બાંગ્લાદેશ | ગ્રુપ B | ડરબન |
| ૧૬ ઓક્ટોબર, શનિવાર | દક્ષિણ આફ્રિકા vs ઈંગ્લેન્ડ | ગ્રુપ B | ગ્કેબેરહા |
| ૧૭ ઓક્ટોબર, રવિવાર | ભારત vs ક્વોલિફાયર A | ગ્રુપ A | બ્લૂમફોન્ટેન |
| ૧૭ ઓક્ટોબર, રવિવાર | ન્યૂઝીલેન્ડ vs ક્વોલિફાયર B | ગ્રુપ B | હરારે |
| ૧૮ ઓક્ટોબર, સોમવાર | ઓસ્ટ્રેલિયા vs અફઘાનિસ્તાન | ગ્રુપ A | કુગોમ્પો સિટી |
| ૧૯ ઓક્ટોબર, મંગળવાર | ઝિમ્બાબ્વે vs પાકિસ્તાન | ગ્રુપ A | હરારે |
| ૧૯ ઓક્ટોબર, મંગળવાર | દક્ષિણ આફ્રિકા vs બાંગ્લાદેશ | ગ્રુપ B | ડરબન |
| ૨૦ ઓક્ટોબર, બુધવાર | ન્યૂઝીલેન્ડ vs શ્રીલંકા | ગ્રુપ B | જોહાનિસબર્ગ |
| ૨૦ ઓક્ટોબર, બુધવાર | ઈંગ્લેન્ડ vs ક્વોલિફાયર B | ગ્રુપ B | હરારે |
| ૨૧ ઓક્ટોબર, ગુરુવાર | અફઘાનિસ્તાન vs ક્વોલિફાયર A | ગ્રુપ A | કુગોમ્પો સિટી |
| ૨૨ ઓક્ટોબર, શુક્રવાર | ઓસ્ટ્રેલિયા vs પાકિસ્તાન | ગ્રુપ A | પાર્લ |
| ૨૨ ઓક્ટોબર, શુક્રવાર | દક્ષિણ આફ્રિકા vs શ્રીલંકા | ગ્રુપ B | જોહાનિસબર્ગ |
| ૨૩ ઓક્ટોબર, શનિવાર | ઈંગ્લેન્ડ vs ન્યૂઝીલેન્ડ | ગ્રુપ B | ગ્કેબેરહા |
| ૨૩ ઓક્ટોબર, શનિવાર | બાંગ્લાદેશ vs ક્વોલિફાયર B | ગ્રુપ B | ત્શ્વાને |
| ૨૪ ઓક્ટોબર, રવિવાર | ઝિમ્બાબ્વે vs ભારત | ગ્રુપ A | વિક્ટોરિયા ફોલ્સ |
| ૨૫ ઓક્ટોબર, સોમવાર | A૨ vs B૩ | સુપર ૭ | જોહાનિસબર્ગ |
| ૨૬ ઓક્ટોબર, મંગળવાર | B૧ vs A૩ | સુપર ૭ | ગ્કેબેરહા |
| ૨૭ ઓક્ટોબર, બુધવાર | B૨ vs AB૪ | સુપર ૭ | ત્શ્વાને |
| ૨૮ ઓક્ટોબર, ગુરુવાર | A૧ vs A૨ | સુપર ૭ | વિક્ટોરિયા ફોલ્સ |
| ૨૯ ઓક્ટોબર, શુક્રવાર | B૧ vs B૩ | સુપર ૭ | કુગોમ્પો સિટી |
| 30 ઓક્ટોબર, શનિવાર | A૩ vs AB૪ | સુપર ૭ | વિક્ટોરિયા ફોલ્સ |
| ૩૧ ઓક્ટોબર, રવિવાર | B૨ vs A૧ | સુપર ૭ | જોહાનિસબર્ગ |
| ૧ નવેમ્બર, સોમવાર | A૨ vs B૧ | સુપર ૭ | વિક્ટોરિયા ફોલ્સ |
| ૨ નવેમ્બર, મંગળવાર | B૩ vs AB૪ | સુપર ૭ | કેપ ટાઉન |
| ૩ નવેમ્બર, બુધવાર | B૨ vs A૩ | સુપર ૭ | ડરબન |
| ૪ નવેમ્બર, ગુરુવાર | A૧ vs B૧ | સુપર ૭ | પાર્લ |
| ૫ નવેમ્બર, શુક્રવાર | A૨ vs AB૪ | સુપર ૭ | ડરબન |
| ૬ નવેમ્બર, શનિવાર | B૨ vs B૩ | સુપર ૭ | બ્લૂમફોન્ટેન |
| ૭ નવેમ્બર, રવિવાર | A૧ vs A૩ | સુપર ૭ | કેપ ટાઉન |
| ૮ નવેમ્બર, સોમવાર | B૧ vs AB૪ | સુપર ૭ | ડરબન |
| ૯ નવેમ્બર, મંગળવાર | B૨ vs A૨ | સુપર ૭ | ગ્કેબેરહા |
| ૧૦ નવેમ્બર, બુધવાર | A૩ vs B૩ | સુપર ૭ | બ્લૂમફોન્ટેન |
| ૧૧ નવેમ્બર, ગુરુવાર | A૧ vs AB૪ | સુપર ૭ | ગ્કેબેરહા |
| ૧૨ નવેમ્બર, શુક્રવાર | B૨ vs B૧ | સુપર ૭ | કેપ ટાઉન |
| ૧૩ નવેમ્બર, શનિવાર | A૨ vs A૩ | સુપર ૭ | બ્લૂમફોન્ટેન |
| ૧૪ નવેમ્બર, રવિવાર | A૧ vs B૩ | સુપર ૭ | ડરબન |
| ૧૭ નવેમ્બર, બુધવાર | સેમિફાઈનલ ૧ | સેમિફાઈનલ | કેપ ટાઉન |
| ૧૮ નવેમ્બર, ગુરુવાર | સેમિફાઈનલ ૨ | સેમિફાઈનલ | ત્શ્વાને |
| ૨૧ નવેમ્બર, રવિવાર | ફાઈનલ | ફાઈનલ | જોહાનિસબર્ગ |



## વન-ડે વર્લ્ડકપ ગ્રુપ

**ગ્રુપ A**

ભારત, ઓસ્ટ્રેલિયા, પાકિસ્તાન, અફઘાનિસ્તાન, ઝિમ્બાબ્વે, ક્વોલિફાયર A

**ગ્રુપ B**

ન્યૂઝીલેન્ડ, દક્ષિણ આફ્રિકા, શ્રીલંકા, ઈંગ્લેન્ડ, બાંગ્લાદેશ, ક્વોલિફાયર B

**સિટી ન્યૂઝ@કેપટાઉન**

ICCએ વનડે વર્લ્ડ કપ ૨૦૨૭નું શેડ્યૂલ જાહેર કરી દીધું છે. ભારત અને પાકિસ્તાન વચ્ચેનો મુકાબલો ૧૦ ઑક્ટોબરે રમાશે. બંને ટીમો ગ્રુપ-Aમાં છે.

ટૂર્નામેન્ટ ૨ ઑક્ટોબરથી ૨૧ નવેમ્બર સુધી રમાશે. યજમાની દક્ષિણ આફ્રિકા, ઝિમ્બાબ્વે અને નામિબિયા કરશે. વર્લ્ડ કપમાં પહેલીવાર ૧૪ ટીમો ભાગ લેશે અને ૫૭ મેચ રમાશે. મુકાબલા ૧૨ સ્થળોએ યોજાશે.

ગ્રુપ-Aમાં ભારત અને પાકિસ્તાનને એકસાથે રાખવામાં આવ્યા છે. આ ઉપરાંત ઓસ્ટ્રેલિયા, અફઘાનિસ્તાન અને યજમાન ઝિમ્બાબ્વેની ટીમો સામેલ છે. તેમની સાથે જ ક્વોલિફાયર મુકાબલાઓ દ્વારા આવનારી એક ટીમ ગ્રુપ-Aને પૂર્ણ કરશે.

બીજી તરફ ગ્રુપ-Bમાં ઈંગ્લેન્ડ, દક્ષિણ આફ્રિકા, શ્રીલંકા, બાંગ્લાદેશ અને ન્યૂઝીલેન્ડ છે. છઠ્ઠી ટીમ ક્વોલિફાયર મુકાબલાઓમાંથી આવશે. ભારત પોતાની પ્રથમ મેચ ૭ ઓક્ટોબરે ઓસ્ટ્રેલિયા સામે કેપ ટાઉનમાં રમશે. ૨૦૨૩ વનડે વર્લ્ડ કપની ફાઇનલમાં પણ કાંગારૂઓએ જ ટીમને હરાવી હતી. ત્યાર બાદ ટીમ ૧૦ ઓક્ટોબરે પાકિસ્તાન સામે જોહાનિસબર્ગમાં રમશે.



# ICCએ ક્રિકેટના 8 નિયમો બદલયા

### બેટિંગમાં ટાઈમપાસ કર્યો તો 5 રનની પેનલ્ટી

**સિટી ન્યૂઝ@દુબઈ**

ICCએ ગુરુવારે ક્રિકેટના નિયમોમાં ૮ ફેરફાર કર્યા છે. હવે બેટિંગ દરમિયાન જો કોઈ બેટર જાણીજોઈને સમય બગાડે છે, તો ફિલ્ડિંગ ટીમને ૫ પેનલ્ટી રન મળશે. પુરુષ, મહિલા અને જુનિયર ક્રિકેટમાં વપરાતા બોલના કદ અને વજન માટે અલગ-અલગ મર્યાદા નક્કી કરવામાં આવી છે. નવા નિયમો ૧ ઑક્ટોબર ૨૦૨૬ના રોજ અથવા ત્યાર પછી શરૂ થતી ઈન્ટરનેશનલ સિરીઝ પર લાગુ થશે. જે સિરીઝ પહેલેથી ચાલી રહી છે, તેમાં જૂના નિયમો જ લાગુ રહેશે.

**1. ત્રીજી ભૂલ પર ફિલ્ડિંગ ટીમને ૫ રન :** હવે બેટરે બોલ રમવા માટે નક્કી કરાયેલા સમયની અંદર તૈયાર રહેવું પડશે. જો અમ્પાયરને લાગે કે બેટર બોલનો સામનો કરવા માટે સમયસર તૈયાર નથી, તો પહેલી ભૂલ પર ચેતવણી અને બીજી ભૂલ પર અંતિમ ચેતવણી આપવામાં આવશે. ત્રીજી ભૂલ પર ફિલ્ડિંગ ટીમને ૫ પેનલ્ટી રન આપવામાં આવશે.

**2. દિવસની ટેસ્ટમાં પિંક બોલનો ટ્રાયલ :** હવે દિવસ દરમિયાન રમાતી ટેસ્ટ મેચોમાં પણ પિંક બોલનો ઉપયોગ ટ્રાયલ તરીકે કરી શકાશે. તેનો હેતુ ખરાબ પ્રકાશને કારણે રમતને થતા નુકસાનને ઘટાડવાનો છે.

**3. પુરુષ અને મહિલા ક્રિકેટમાં બોલ અલગ હશે :** પુરુષ અને મહિલા ક્રિકેટ માટે બોલના કદ અને વજનની અલગ-અલગ મર્યાદા હશે. પુરુષોના બોલનું વજન ૧૫૬થી ૧૬૩ ગ્રામ અને કદ ૨૨.૪થી ૨૨.૯ સેન્ટિમીટર હશે. મહિલાઓના બોલનું વજન ૧૪૨થી ૧૪૯ ગ્રામ અને કદ ૨૧.૫થી ૨૨ સેન્ટિમીટર હશે.

**4. ઓવરથ્રો નિયમમાં ફેરફાર :** જ્યારે ફિલ્ડર રન રોકવા અથવા રનઆઉટ કરવાનો પ્રયાસ કરતી વખતે બોલને સ્ટમ્પ તરફ ફેંકે અને બોલ આગળ નીકળી જાય, ત્યારે તેને ઓવરથ્રો માનવામાં આવશે.

**5. રનઆઉટ અને સ્ટમ્પિંગ માટે બોલ પર સંપૂર્ણ નિયંત્રણ જરૂરી :** રનઆઉટ અથવા સ્ટમ્પિંગના કિસ્સામાં હવે માત્ર બોલને હાથ અથવા ગ્લવ્ઝથી સ્પર્શ કરવો પૂરતો રહેશે નહીં. ફિલ્ડર અથવા વિકેટકીપર પાસે બોલ પર સંપૂર્ણ નિયંત્રણ હોવું જરૂરી છે.

**6. છેલ્લી ઓવરમાં વિકેટ પડવાથી દિવસની રમત સમાપ્ત નહીં થાય :** ટેસ્ટ ક્રિકેટમાં હવે દિવસની છેલ્લી ઓવરમાં વિકેટ પડવાથી રમત આપોઆપ સમાપ્ત નહીં થાય. જો છેલ્લી ઓવર પૂરી થઈ ન હોય અને હવામાન તથા મેદાનની પરિસ્થિતિઓ રમત માટે યોગ્ય હોય, તો બાકી રહેલા બોલ એ જ દિવસે નાખવામાં આવશે, બીજા દિવસે નહીં.

**7. T-૨૦માં ૧૫ મિનિટનો ઈન્ટરવલ, ડ્રિંક્સ બ્રેક દરમિયાન કોચ મેદાન પર :** T-૨૦ આંતરરાષ્ટ્રીયમાં હવે ૧૫ મિનિટનો નિર્ધારિત ઈન્ટરવલ રહેશે.

**8. લેગ સાઈડ વાઈડ માટે બેટરની સ્થિતિ જોવામાં આવશે:** વનડે અને T-૨૦માં લેગ સાઈડ વાઈડ સંબંધિત નિયમ હવે લાગુ કરી દેવામાં આવ્યો છે. આ નિયમ એવા પ્રસંગોએ લાગુ પડશે, જ્યારે બેટર બોલ ફેંકવામાં આવે તે પહેલાં અથવા બોલ ફેંકતી વખતે પોતાની સ્થિતિ બદલી લે છે.

# ENT સર્જન ડૉ.હિમાંશુ ઠક્કરે બ્રોન્કોસ્કોપીથી નવજીવન આપ્યું

## 4 વર્ષની બાળકીની શ્વાસનળીમાંથી 22 દિવસે નઝરિયાનો પારો બહાર કઢાયોઃ શ્વાસ સમયે સિટી જેવો અવાજ આવે તો અવગણવો નહીં



**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટના વિદ્યાનગર મેઈન રોડ પર આવેલી ખાનગી હોસ્પિટલ ખાતે એક અત્યંત સંવેદનશીલ અને જટિલ કિસ્સો સામે આવ્યો છે, જ્યાં ૪ વર્ષની બાળકીનો જીવ જોખમમાં મુકાઈ ગયો હતો. દીવની રહેવાસી ૪ વર્ષની બાળકીના શ્વાસનમાર્ગમાં છેલ્લા ૨૨ દિવસથી બ્રેસલેટનો ૧ સેન્ટિમીટર જેટલો મોટો નઝરિયાનો પારો એટલે કે મોતી ફસાયેલો હતો. ખાનગી હોસ્પિલના નિષ્ણાત ENT સર્જન ડૉ. હિમાંશુ ઠક્કરે પોતાની સુઝબુઝ અને કૌશલ્યથી આ અત્યંત મુશ્કેલ બ્રોન્કોસ્કોપી સર્જરી પાર પાડી બાળકીને નવજીવન આપ્યું છે.

બાળકીના પિતાના જણાવ્યા અનુસાર, આશરે ૨૨ દિવસ પહેલાં રમતા-રમતા બ્રેસલેટમાંથી છૂટો પડેલો આ મોતી બાળકીના શ્વાસમાર્ગમાં ઊંડે ઉતરી ગયો હતો. ત્યારપછીના દિવસો પરિવાર માટે ભારે માનસિક યાતનાભર્યા રહ્યા હતા. બાળકી સતત સૂકી ઉધરસ અને શ્વાસ લેવાની તકલીફથી પીડાતી હતી. સ્થાનિક સ્તરે પ્રાથમિક સારવાર કરાવવામાં આવી હોવા છતાં તેને કોઈ રાહત મળતી ન હતી. શરૂઆતમાં લેવાયેલો ચેસ્ટ એક્સ-રે પણ સામાન્ય આવ્યો હતો, જેના કારણે સાચી પરિસ્થિતિનો તુરંત તાગ મળ્યો ન હતો. જોકે બાળકીની તકલીફ સતત વધતી રહેતાં પરિવારજનોએ વધુ તપાસ કરાવવાનું નક્કી કર્યું હતું. અંતે ચેસ્ટ સીટી સ્કેન કરવામાં આવતા સ્પષ્ટ થયું કે બાળકીની શ્વાસનળીના જમણા મુખ્ય ભાગ એટલે કે રાઈટ મેઈન બ્રોન્કસમાં કોઈ બાહ્ય વસ્તુ ગંભીર રીતે ફસાયેલી છે. પરિસ્થિતિની ગંભીરતાને સમજીને પરિવારજનો તાત્કાલિક બાળકીને લઈને રાજકોટની ખાનગી હોસ્પિટલમાં આવ્યા હતા. અહીં જાણીતા ENT સર્જન ડૉ. હિમાંશુ ઠક્કરે કેસની જટિલતા તપાસી અને સમય બગાડ્યા વિના જનરલ એનેસ્થેસિયા હેઠળ રિજિડ બ્રોન્કોસ્કોપી (Rigid Bronchoscopy) દ્વારા મોતી બહાર કાઢવાનો નિર્ણય લીધો હતો.

આ સર્જરી ટેક્નિકલી ખૂબ જ પડકારજનક હતી. જમણા મુખ્ય બ્રોન્કસમાં ફસાયેલો આશરે ૧ સેન્ટિમીટરનો નઝરિયાનો પારો ગોળ, ખૂબ જ કઠણ અને અત્યંત લપસણો હતો. સર્જન માટે સૌથી મોટો સવાલ એ હતો કે શ્વાસનળીની અંદર મોતી અને બ્રોન્કસની દિવાલ વચ્ચે ફોર્સેપ્સ મૂકવા માટે જગ્યા ખૂબ જ નગણ્ય હતી. મોતીનો ગોળાકાર અને લીસો આકાર હોવાથી તેને પકડવો મુશ્કેલ હતો અને તે એટલો કઠણ હતો કે તેને અંદર તોડીને ટુકડાઓમાં બહાર કાઢવો પણ શક્ય ન હતો. જરાક સરખી ચૂક થાય તો મોતી વધુ ઊંડે સરી પડે અથવા શ્વાસમાર્ગને કાયમી નુકસાન પહોંચે તેમ હતું.

### ચીરો કે ટાંકા વગર ગણતરીની મિનિટોમાં પૂર્ણ

ડૉ. ઠક્કરે પોતાની અનુભવી એરવે એન્ડોસ્કોપિક કુશળતાનો ઉપયોગ કરીને બ્રોન્કોસ્કોપિક ફોર્સેપ્સ વડે અત્યંત સાવચેતીથી મોતીને એક જ પ્રયાસમાં પકડી લીધું અને સફળતાપૂર્વક બહાર ખેંચી કાઢ્યું. આ સમગ્ર પ્રક્રિયા એન્ડોસ્કોપિક રીતે, શરીર પર એક પણ ચીરો કે ટાંકા વગર ગણતરીની મિનિટોમાં પૂર્ણ કરવામાં આવી હતી. આ જટિલ કામગીરી સફળ થવાથી બાળકી પર તોળાતું મોટું ઓપરેશન ટળ્યું હતું, કારણ કે જો એન્ડોસ્કોપી નિષ્ફળ ગઈ હોત તો બાળકીની છાતી ખોલીને અત્યંત જોખમી સર્જરી કરવી પડી હોત, જે નાના બાળકની જિંદગી માટે ખૂબ જોખમી સાબિત થઈ શકતી હતી. બાળકીને નવજીવન મળતા પિતાએ હૃદયપૂર્વક ડૉક્ટરનો આભાર માન્યો હતો.

### શ્વાસ વખતે સીટી જેવો અવાજ આવે તો અવગણવું નહીં

ડૉ. હિમાંશુ ઠક્કરે તમામ વાલીઓને એક મહત્વપૂર્ણ અને આંખ ઉઘાડનારી અપીલ કરી છે. તેમણે જણાવ્યું કે, નાના બાળકોની પહોંચમાં નઝરિયાના મોતી, માર્બલ, લખોટી, બ્રેસલેટ, દાગીનાના નાના ભાગો કે રમકડાંના ગોળ સ્પેરપાર્ટ્સ ક્યારેય ન રાખવા જોઈએ. આવી વસ્તુઓ જો ભૂલથી પણ શ્વાસનળીમાં જતી રહે તો તે ત્યાં ચુસ્તપણે ફસાઈને બાળકના શ્વાસ રુંધી શકે છે. જો કોઈ બાળકને આવી ઘટના બાદ સતત ઉધરસ રહે, શ્વાસ લેતી વખતે સીટી જેવો અવાજ આવે કે અન્ય તકલીફ થાય તો તેને સામાન્ય શરદી-ઉધરસ માનીને અવગણવું નહીં. ઘણીવાર પ્રારંભિક એક્સ-રે સામાન્ય આવે તો પણ શ્વાસમાર્ગમાં Foreign Body હોવાની શક્યતા નકારી શકાતી નથી.




# કમિશનર દેખાડો નહીં નક્કર કામગીરી કરો: કોંગ્રેસ

## શહેરમાં ગંદકી, ગેરકાયદે પોસ્ટર-બેનર અને દબાણો સામે કડક કાર્યવાહી કરવાની માગ

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટ શહેર કોંગ્રેસ મહામંત્રી દિલીપભાઈ આસવાણી (પૂર્વ કોર્પોરેટર વોર્ડ નંબર ત્રણ), શહેર કોંગ્રેસ પ્રવક્તા ગજેન્દ્રસિંહ ઝાલા (લોક સંસદ વિચાર મંચ રાજકોટ), જાગૃત નાગરિક પ્રવીણભાઈ લાખાણી (સિનિયર સિટીઝન) એડવોકેટ હિંમતભાઈ લાબડીયા ની સંયુક્ત યાદી જણાવે છે કે રાજકોટ મહાનગરપાલિકા શહેરના વોર્ડ નંબર ૧ થી ૧૮ ના શહેરમાં સ્વચ્છતા રાખવાના અભિયાન હેઠળ લાંબા સમયથી શહેરને સ્વચ્છ રાખવા માટે ન્યુસન્સ પોઈન્ટ દૂર કરવા મથામણ કરી રહ્યું છે. પરંતુ તેમાં સફળતા મળી નથી અને આજે પણ શહેરમાં ન્યુસન્સ પોઈન્ટની સંખ્યાઓ ઉત્તરોત્તર વધારો થયો છે. શહેરમાં લોકો જાહેરમાં એઠવાડ, કચરો અને પ્લાસ્ટિક ફેંકીને શહેરની સુંદરતાને કદરૂપું બનાવે છે અને આવા લોકોને સીસીટીવી ફૂટેજના માધ્યમથી પકડી પાડવામાં આવશે અને 'અસ્વચ્છતાના દૂત' ઘોષિત કરી તેમના નામ, ફોટા અને વાહન નંબર અને ન્યુસન્સ પોઈન્ટ પર ગંદકી કરનારા ફોટા જે તે ન્યુસન્સ પોઈન્ટ પર ચિપકાવી દેવામાં આવશે. આ બાબતને અભિનંદન સાથે આવકારીએ છીએ પરંતુ શહેરમાં ગત ટર્મમાં અંદાજે ૧૨૦૦ કરોડનો કોન્ટ્રાક્ટ સ્ટેન્ડિંગમાં મંજૂર કરવામાં આવેલ અને ડોર ટુ ડોર કચરાના એકત્રીકરણ ના નામે કરોડો રૂપિયાનો ટેક્સ શહેરીજનો પાસેથી મહાનગરપાલિકા ઉઘરાવે છે. તેમ છતાં ન્યુસન્સ પોઈન્ટ દૂર થતા ન હોય કે શહેરમાં ગંદકી ફેલાતી હોય તો સેનેટરી ઈન્સ્પેક્ટરોની જવાબદારી બને કે નહીં ? શહેરમાં સોલીડ વેસ્ટ મેનેજમેન્ટમાં મોટી ફોજ છે. તગડો પગાર પણ મેળવે છે ત્યારે ન્યુસન્સ પોઈન્ટ દૂર કરવા બેદરકારી અને લાપરવાહી દાખવનાર સેનેટરી ઈન્સ્પેક્ટર કે SWM શાખાના જવાબદાર અધિકારીને પણ 'અસ્વચ્છતાના દૂત' ઘોષિત કરવામાં આવે એવી અમારી માંગ છે. અને તેના ફોટાઓ પણ ચીપકાવા જોઈએ. કાયદો અને નિયમ બંને બાજુ હોવા જોઈએ એકને ગોળ અને બીજાને ખોળની નીતિ બંધ કરો.

શહેરને ગંદકીગ્રસ્ત રાખવા અંગે મહાનગરપાલિકા નો સ્ટાફ પણ એટલો જ જવાબદાર છે જ્યાં ન્યુસન્સ પોઈન્ટ હોય ત્યાં અને શહેર ભરના વોકળામાં સફાઈ કામદારો જ કચરો ઠલવતા હોય છે. શહેરને સ્વચ્છ રાખવા માટે મોનિટરિંગ નો અભાવ છે. સેનેટરી ઈન્સ્પેક્ટરને પોલીસની જેમ દંડ કરવા અંગેના ટાર્ગેટ આપો સેનેટરી ઈન્સ્પેક્ટરો, સેનેટરી સબ ઈન્સ્પેક્ટરો ઓફિસમાં ભરાઈ ન રહે અને ફિલ્ડમાં ઉતરે તે જરૂરી છે. શહેરના તમામ ન્યુસન્સ પોઈન્ટ પર અહીંયા કચરો કે એઠવાડ ફેંકવો નહીં ગંદકી કરનાર સામે દંડનીય કાર્યવાહી થશે એ પ્રકારના સાઈનિંગ બોર્ડ લગાવવા જરૂરી.

શહેરને સ્વચ્છ રાખવા માટે મહાનગરપાલિકાના કમિશનર તુષાર સુમેરા રાત્રે મહાનગરપાલિકાની ટીમો સાથે બુલેટ પર નીકળી કિશાન પરા ચોક, રેસકોર્સ, ભક્તિનગર સર્કલ, સોરઠીયાવાડી સહિતના અનેક વિસ્તારોમાં નાઈટ પેટ્રોલિંગ ચાલુ કર્યું છે. જેમાં સ્થાનિક નેતાગીરી કે કોર્પોરેટરો અળગા રહ્યા છે. જો કે કોર્પોરેટરોને કામ કરતા પોતાના વેતન ભથ્થા વધે એમાં વધારે રસ છે. કમિશનર સ્વચ્છતા સંકલ્પ સાથેના પત્રિકા ભક્તિનગર સર્કલ સહિતના વિસ્તારોમાં વિતરણ કરી હતી અને અધિકારીઓને તે પરત લઈ સ્વચ્છતા સંકલ્પ ભરાવવા જવાબદારી સોંપેલ પરંતુ કમિશનર જતા ભક્તિનગર સર્કલમાં આ સ્વચ્છતા સંકલ્પ ની પત્રિકા રખડતી અને કચરાપેટી માં જોવા મળી હતી. સ્વચ્છતા અંગે નક્કર કામગીરીનો અભાવ છે. શહેરને કદરૂપું બનાવવામાં મુખ્ય ફાળો મસ મોટા હોર્ડિંગ, ગેરકાયદેસર પોસ્ટરો, બેનર્સ, પત્રિકાઓ, આડેધડ દબાણો, ટ્રાફિક અંધાધુંધી, બંધ ફુવારાઓ, હાડપિંજર સામાન બગીચાઓ સહિતના અનેક અણ ઉકેલ પ્રશ્નો છે જેમાં નક્કર કામગીરી કરવાની આવશ્યકતા છે.

બે દિવસ પહેલા ભક્તિનગર સર્કલથી સોરઠીયા વાળી વચ્ચે કમિશનરે વિઝીટ કરી હતી ત્યારે આ મુખ્ય રસ્તા ના નટેશ્વર મંદિર પાસેના અને સ્ટુડિયો રૂપાલી પાસે પુલ પર મારેલી થોકબંધ પત્રિકાઓ અંગે શા માટે આંખમિચામણા કરવામાં આવ્યા. આ પ્રકારની પત્રિકા શહેરભરમાં જુદી જુદી સંસ્થાઓ દ્વારા લગાવી કલર અને રાજકોટ મહાનગરપાલિકાને નુકસાન કરી શહેરને કદરૂપું બનાવે છે. શહેરના ન્યુસન્સ પોઈન્ટ દૂર થયા નો દાવો મહાનગરપાલિકા નો પોકળ છે. રાત્રે કે દિવસે કમિશનરને જ્યારે મન થાય ત્યારે ન્યુસન્સ પોઈન્ટ બતાવવા અમારી સંપૂર્ણ તૈયારી છે. તારીખ અને સમય કમિશનર નક્કી કરે.

### 108માં 12 વર્ષ EMTના અનુભવ આધારે

# ક્લિનિક ચાલુ કરનાર નકલી તબીબની ધરપકડ

## આરટીઓ કચેરી પાછળ મામાના મકાનમાં 3 માસથી ચાલુ કર્યું હતું ક્લિનિક : 28,404નો મુદામાલ જપ્ત




સિટી ન્યૂઝ@રાજકોટ

રાજકોટમાં મેડિકલ ડિગ્રી વગર ક્લિનિક ખોલી દર્દીઓની સારવાર કરતા શખસને એસઓજીએ ઝડપી પાડ્યો છે. આરટીઓ કચેરી પાછળ ઊંચી પાણીની ટાંકી પાસે વીર હનુમાન ચોકમાં 'ડૉ. ઈમરજન્સી, ડૉ. અંકુર મહેતા સર્જિકલ એન્ડ મેડિકલ' નામે ક્લિનિક ખોલી અંકુર મહેતા નામનો શખસ સારવાર કરતો હતો. પોલીસે ક્લિનિકમાંથી મેડિકલ સાયનો અને એલોપેથિક દવાઓ મળી કુલ રૂ.૨૮,૪૦૪.૧૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો ૧૦૮માં ૧૨ વર્ષ ઈએમટીના અનુભવ મેળવી બાદમાં પોતે મામાના મકાનમાં ક્લિનિક ચાલુ કર્યું હોવાની કબૂલાત આપી છે.

એસઓજીને મળેલી બાતમીના આધારે આરટીઓ કચેરી પાછળ ઊંચી પાણીની ટાંકી પાસે વીર હનુમાન ચોકમાં નકલી તબીબ દ્વારા લોકોના સ્વાસ્થ્ય સાથે ચેડાં કરવામાં આવી રહ્યો હોય, જે હકીકત જાણવા મળતા પોલીસે દરોડો પાડી ક્લિનિકની તપાસ કરતાં મૂળ અંજારનો અને રાજકોટમાં ૮૦ ફૂટ રોડ, નાનામવા પાસે શ્રી લક્ષ્મણ ટાઉનશિપમાં રહેતો અંકુરભાઈ શરદકુમાર મહેતા (ઉં.વ.૩૬) નામનો શખસ કોઈપણ પ્રકારની મેડિકલ ડિગ્રી વગર તબીબ તરીકે પ્રેક્ટિસ કરતો મળી આવ્યો હતો. જેથી પોલીસે તેની અટકાયત કરી બી-ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ગુજરાત મેડિકલ પ્રેક્ટિશનર એક્ટ, ગુજરાત મેડિકલ કાઉન્સિલ એક્ટ તથા ઈન્ડિયન મેડિકલ કાઉન્સિલ એક્ટની સંબંધિત કલમો હેઠળ ગુનો નોંધાવ્યો છે. પોલીસની તપાસમાં અંકુર મહેતા ૯ અલગ-અલગ મેડિકલ સ્ટોરમાંથી ક્લિનિક માટે દવાઓ મગાવતો હોવાની વિગતો સામે આવી છે. મેડિકલ સ્ટોર સંચાલકોએ તેની મેડિકલ ડિગ્રી કે જરૂરી લાયકાતની ચકાસણી કર્યા વગર દવાઓ આપી હતી કે કેમ તે અંગે પણ પોલીસે તપાસ શરૂ કરી છે.

પોલીસની તપાસમાં સામે આવેલી વિગતો મુજબ, અંકુર મહેતા મૂળ અંજારનો છે અને તેણે ૧૦૮ ઈમરજન્સી સેવામાં આશરે ૧૨ વર્ષ સુધી EMT તરીકે નોકરી કરી હતી. ભાવનગર અને ગાંધીધામમાં પણ તે નોકરી કરી ચુક્યો હોવાનું સામે આવ્યું છે. અંજારમાં લોકો તેને ઓળખતા હોવાથી રાજકોટમાં આર્થિક ફાયદા માટે આશરે ત્રણ મહિના પહેલાં તેના મામાના ઘરે ક્લિનિક શરૂ કર્યું હતું. તેણે ક્લિનિકનું નામ પણ ડૉ. ઈમરજન્સી. ડો. અંકુર મહેતા સર્જિકલ એન્ડ મેડિકલ' રાખ્યું હતું. હવે પોલીસ તેની પાસે સારવાર કરાવવા આવતા દર્દીઓ, દવાઓની ખરીદી તેમજ ૯ મેડિકલ સ્ટોરની ભૂમિકા અંગે તપાસ કરી રહી છે.

### બાળકી બીજા દિવસે મળી : પોલીસે મેડિકલ પરીક્ષણ કરવા તજવીજ હાથ ધરી

# શાપરનો શખ્સ રાજકોટમાંથી સગીરાને ઉઠાવી ગયોઃ અપહરણની ફરિયાદ

સિટી ન્યૂઝ@રાજકોટ

રાજકોટ આજી ડેમ ચોકડી નજીક રહેતી ૧૫ વર્ષની સગીરા પરેથી ગુમ થઈ જતાં ચકચાર મચી હતી. પરિવારજનોની જાણ બાદ આજી ડેમ પોલીસે ગણતરીના કલાકોમાં સગીરાને શોધી કાઢી હતી. આ મામલે સગીરાના કાકીએ શાપરમાં રહેતા રવિ બાબલાભાઈ સામે અપહરણની ફરિયાદ નોંધાવી છે.

તા.૨૬ સપ્ટેમ્બરની રાત્રે પરિવારના સભ્યો ઘરમાં સૂતા હતા. દરમિયાન વહેલી સવારે આશરે ૩ વાગ્યાના અરસામાં સગીરા ઘરમાંથી ગુમ થઈ હતી. અગાઉ સગીરા શાપરમાં રહેતા રવિ સાથે ફોન પર વાતચીત કરતી હોવાથી પરિવારજનોને તેના પર શંકા ગઈ હતી. આથી પરિવારજનોએ પોલીસને જાણ કરી હતી. દરમિયાન શોધખોળ હાથ ધર્યા બાદ બીજા દિવસે સાંજે પોલીસે સગીરા મળી આવી હોવાની પરિવારને જાણ કરી હતી.

સગીરા ઘરે પરત ફર્યા બાદ ગભરાયેલી સ્થિતિમાં હોવાથી તેણે ઘટનાની વધુ વિગતો જણાવી ન હતી. સગીરાના પિતાની તબિયત સારી ન હોવાથી તેના કાકીએ પોલીસ ફરિયાદ નોંધાવી હતી.આજી ડેમ પોલીસે અપહરણનો ગુનો નોંધી પીએસઆઈ પી.એચ. પઢિયારના માર્ગદર્શન હેઠળ તપાસ શરૂ કરી છે. સગીરાના મેડિકલ રિપોર્ટના આધારે જરૂરી જણાય તો વધુ કલમો ઉમેરવા અંગે કાર્યવાહી કરવામાં આવશે.



# રાજકોટમાં પતિના ત્રાસથી પરિણીતાએ ૯મા માળેથી ઝંપલાવી જીવ દીધો હતો

## પતિ આપઘાત કરવાનું કહી ત્રાસ આપતો હતો : જમાઈ સામે સસરાની ફરિયાદ

સિટી ન્યૂઝ@રાજકોટ

રાજકોટના ઘંટેશ્વર એસઆરપી કેમ્પ સામે આવેલા વર્ધમાન ગ્રીન એપાર્ટમેન્ટમાં તા.૨૪ સપ્ટેમ્બરે ૨૩ વર્ષીય પરિણીતાએ ૯મા માળેથી ઝંપલાવી આપઘાત કરી લીધો હતો. મૃતકના પિતાની ફરિયાદ મુજબ, પતિને અન્ય સ્ત્રી સાથે સંબંધ હોવાની વાતને લઈને દંપતી વચ્ચે અવારનવાર ઝઘડા થતા હતા. પતિ માનસીને 'તું મને જોઈતી જ નથી. તારે જ્યાં જવું હોય ત્યાં જા' કહી માનસિક ત્રાસ આપતો હોવાનો પણ ફરિયાદમાં આક્ષેપ કરવામાં આવ્યો છે.

આ અંગે વર્ધમાન ગ્રીન એપાર્ટમેન્ટમાં રહેતા લલિતભાઈ કેશવભાઈ સોલંકી (ઉ.વ.૫૩)ની ફરિયાદના આધારે યુનિવર્સિટી પોલીસે પતિ મિલન રાજેશભાઈ આંબલિયા (રહે. મધુવન પાર્ક-૧, પલ હોસ્પિટલ પાછળ, રેલનગર) સહિત તપાસમાં ખૂલનારા અન્ય લોકો સામે ગુનો નોંધ્યો છે. માનસીએ મિલનના અન્ય સ્ત્રી સાથે સંબંધ હોવાનો આક્ષેપ કરી મોબાઈલની વિગતો કઢાવી પુરાવો મેળવવાની વાત કરી હતી. ત્યારે મિલને 'તું અહીં આવીશ તો હું મરી જઈશ અને બધાના નામ લખતો જઈશ' તેમ કહ્યું હોવાનો ફરિયાદમાં ઉલ્લેખ છે. બાદમાં માનસીને તેના પિતા સાસરેથી તેડી ઘરે લઈ આવ્યા હતા. પોણા છ વાગ્યે તેને ઘરે ઉતારી પિતા દુકાને ગયા હતા.

દરમિયાન સાંજે સાત વાગ્યે પાડોશીએ ફોન કરી માનસીએ ૯મા માળેથી ઝંપલાવ્યાની જાણ કરી હતી પોલીસે મૃતકના પિતાની ફરિયાદ પરથી દીકરીને મરવા મજબુર કરનાર જમાઈ સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# જામનગરની કંપનીમાં 80 લાખના માલની ચોરીના કેસમાં આરોપીને હાઈકોર્ટમાં ઝટકો

## FIR રદ કરાવવા સ્ટોર મેનેજરે કરેલી અરજી પાછી ખેંચી, કંપનીના CCTV અને તપાસ અહેવાલ બન્યા મહત્ત્વના

**સિટી ન્યૂઝ@જામનગર**

જામનગરની અરજણ પ્રિસિઝન મેટલ પ્રા. લિ. કંપનીમાંથી આશરે રૂ.૭૦થી ૮૦ લાખની કિંમતનો માલ ગાયબ થવાના કેસમાં આરોપીને ગુજરાત હાઈકોર્ટમાંથી રાહત મળી નથી. કંપનીના પૂર્વ સ્ટોર મેનેજર દિવ્યેશગીરી સુરજગર ગોસ્વામીએ પોતાની વિરુદ્ધ નોંધાયેલી FIR રદ કરાવવા માટે હાઈકોર્ટમાં ક્વોશિંગ પિટિશન દાખલ કરી હતી. જોકે, હાઈકોર્ટ સમક્ષ રજૂ થયેલા તપાસ અહેવાલ, સાક્ષીઓનાં નિવેદનો અને બંને પક્ષોની રજૂઆતોને ધ્યાને લેતાં આરોપીએ પોતાની અરજી



એડવોકેટ
નિરલ વી. ઝાલા

પાછી ખેંચી હતી.

મળતી વિગતો મુજબ, જામનગરમાં આવેલી અરજણ પ્રિસિઝન મેટલ પ્રા. લિ. કંપનીમાં વિવિધ મશીન કોમ્પોનેન્ટ્સ બનાવવામાં આવે છે. કંપની દ્વારા એપ્રિલ ૨૦૨૬માં સ્ટોકની તપાસ કરવામાં આવતાં બ્રાસ, કોપર, સ્ટીલ, ચાંદી પ્લેટિંગનો માલ, ટૂલ્સ અને ભંગાર સહિત આશરે રૂ.૭૦થી ૮૦ લાખની કિંમતનો માલ ઓછો હોવાનું ધ્યાનમાં આવ્યું હતું.

આ મામલે કંપની દ્વારા અલગ-અલગ રીતે તપાસ હાથ ધરવામાં આવી હતી. દરમિયાન સીસીટીવી ફૂટેજની તપાસ કરતાં કંપનીમાં છેલ્લા એક વર્ષથી સ્ટોર મેનેજર તરીકે નોકરી કરતા દિવ્યેશગીરી સુરજગર ગોસ્વામી અને અન્ય બે વ્યક્તિઓએ કોઈની પરવાનગી વિના માલ લઈ ગયાનો આક્ષેપ સામે આવ્યો હતો.

માલ ગાયબ થવાના મામલે કંપનીના ડિરેક્ટર દિલીપભાઈ ટેકચંદભાઈ ચંદનાણીએ પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. જેના આધારે પોલીસે દિવ્યેશગીરી સુરજગર ગોસ્વામી વિરુદ્ધ FIR નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

આ FIR રદ કરાવવા માટે આરોપીએ ગુજરાત હાઈકોર્ટમાં ક્વોશિંગ પિટિશન દાખલ કરી હતી. સુનાવણી દરમિયાન તપાસ અધિકારીનો અહેવાલ, સાક્ષીઓનાં નિવેદનો અને બંને પક્ષોની રજૂઆતો ધ્યાને લેવામાં આવી હતી. ત્યારબાદ FIR રદ કરવાની અરજી યોગ્ય ન જણાતાં આરોપીએ પોતાની ક્વોશિંગ પિટિશન પાછી ખેંચી હતી.

આ મામલે હાઈકોર્ટમાં અરજી પાછી ખેંચવામાં આવી છે. જોકે, કેસની તપાસ અને આગળની કાયદેસરની કાર્યવાહી અંગેની વિગતો અલગથી સામે આવવાની બાકી છે.

આ કામે નામદાર ગુજરાત હાઈકોર્ટમાં મુળ ફરીયાદી કંપનીના અરજણ પ્રીશીઝન મેટલ પ્રા. લી. તરફે જામનગરના સિનિયર વકીલ જયેન્દ્રસિંહ એન. ઝાલા તથા નામદાર ગુજરાત હાઈકોર્ટના વકીલ નિરલ વી. ઝાલા તથા જીતેન્દ્ર ડી. પટેલ રોકાયેલા હતા.

# તને પાસ કરાવી દઈશ કહી સરકારી શિક્ષકે ધો.9ની સગીર વિદ્યાર્થિની પર આચર્યું દુષ્કર્મ

## » બુક ભૂલી ગયાનું કહી ફ્લેટ પર લઈ ગયો : આઠ મહિને દીકરીએ માતાને આપવીતી વર્ણવતા ગુનો

## » તાલુકા પોલીસે મધર ટેરેસા સ્કૂલ નંબર 88ના મેથ્સના શિક્ષક મોહિત ટાંક સામે કરી કાર્યવાહી

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટ શહેરમાં તાલુકા પોલીસ સ્ટેશન વિસ્તારમાં રહેતી અને ધોરણ-૯માં અભ્યાસ કરતી ૧૪ વર્ષની સગીરાને તેના જ પૂર્વ શિક્ષકે ગણિતમાં સારા માર્ક્સે પાસ કરાવવાની લાલચ અને નાપાસ કરવાની ધમકી આપીને દુષ્કર્મ ગુજાર્યુ હોવાની પોલીસ ફરિયાદ નોંધાઈ છે. આ કૃત્ય રાજકોટની સરકારી મધર ટેરેસા સ્કૂલ નંબર ૮૮ના મેથ્સના શિક્ષક મોહિત ટાંક દ્વારા આચરવામાં આવ્યું હોવાનો આક્ષેપ સગીરાની માતાએ લગાવ્યો છે.

રાજકોટના કાલાવડ રોડ પર રહેતી અને જેના પતિ ગેરેજમાં કામ કરે છે, એવી એક મહિલાએ તાલુકા પોલીસ મથકે નોંધાવેલી ફરિયાદ મુજબ તેમની ૧૪ વર્ષની દીકરી હાલ બારદાનવાલા કન્યા વિદ્યાલયમાં ધોરણ-૯માં ભણે છે પરંતુ, વર્ષ ૨૦૨૩થી ૨૦૨૬ દરમિયાન તે ધોરણ ૬થી ૮નો અભ્યાસ 'મધર ટેરેસા સ્કૂલ નંબર ૮૮'માં કરતી હતી. ગત ૨૩ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ દીકરી ખૂબ જ ગુમસુમ અને ગભરાયેલી જણાતા માતાએ તેને હિંમત આપીને પૂછપરછ કરી હતી ત્યારે દીકરીએ હૈયાફાટ રુદન સાથે પોતાની આપવીતી વર્ણવી હતી, જે સાંભળીને માતાના પગતળેથી જમીન સરકી ગઈ હતી.સગીરાએ માતાને જણાવ્યું કે, ગત ૨ જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ જ્યારે તે મધર ટેરેસા સ્કૂલમાં ધોરણ-૮માં ભણતી હતી ત્યારે મેથ્સનો પિરિયડ લેવા આવતા મોહિત ટાંક સર કહેતા હતા કે, "હું તને મેથ્સમાં સારા માર્કસ આપી પાસ કરાવી દઈશ, તું મને



બહુ ગમે છે." ત્યારબાદ ક્લાસમાં કોઈ ન હોય ત્યારે તેઓ તેને શારીરિક અડપલાં કરતા હતા. સગીરા ના પાડતી તો તેને મેથ્સમાં ફેઈલ કરવાની અને ભણતરમાં આગળ ન વધવા દેવાની ધમકી આપતા હતા, જેનાથી ડરીને તે કોઈને કશું કહી શકતી ન હતી.

આ ઘટના ૯ જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ બની હતી. સવારે ૭:૧૫ વાગ્યે સગીરા સ્કૂલે પહોંચી ત્યારે ઓફિસમાં બેઠેલા મોહિત સરે તેને બોલાવીને કહ્યું કે "આપણે ઘરે જવું છે." સગીરાએ ના પાડીને સીડી ચડવા લાગી ત્યારે શિક્ષકે પાછળ જઈને તેનું બેગ ખેંચી લીધું અને ધમકી આપી કે, "જો કોઈ પૂછે તો કહેવાનું કે હું બુક ભૂલી ગઈ છું એટલે સર ઘરે મૂકવા આવે છે. જો મારી વાત નહીં માને તો મેથ્સમાં ફેઈલ કરી દઈશ. ધમકીથી ડરી ગયેલી માસૂમ સગીરાને શિક્ષક પોતાની ફોરવ્હીલ કારમાં બેસાડીને મવડી રોડ સ્વામિનારાયણ ચોક આસપાસ આવેલા પોતાના સૂમસામ ફ્લેટ પર લઈ ગયો હતો. ત્યાં તેને બેડરૂમમાં લઈ જઈ દુષ્કર્મ ગુજાર્યા બાદ સવારે ૮:૩૦ વાગ્યે શિક્ષક તેને સ્કૂલની થોડે દૂર ઉતારી ગયો હતો.ફરિયાદમાં વધુમાં જણાવાયું છે કે, આ ઘટના બાદ પણ શિક્ષકની હવસ સંતોષાઈ નહોતી. ૨૦ એપ્રિલ, ૨૦૨૬ સુધી તે અવારનવાર અન્ય વિદ્યાર્થીઓ મારફતે સગીરાને ખાલી ક્લાસરૂમમાં બોલાવતો હતો અને તેની સાથે શારીરિક અડપલાં કરતો હતો. આ સમયે પણ તે ધમકી આપતો હતો કે, "જો તું હું કહું એમ નહીં કરવા દે તો તને ફેઈલ કરી દઈશ અને હું મારી જાતે મારા હાથે છરકા (બ્લેડ મારી) દઈશ.હાલ આ સમગ્ર ગંભીર મામલે ભોગ બનનાર સગીરાની માતાની ફરિયાદના આધારે રાજકોટ તાલુકા પોલીસે આરોપી શિક્ષક મોહિત ટાંક વિરુદ્ધ દુષ્કર્મ અને પોક્સો એક્ટ સહિતની કડક કલમો હેઠળ ગુનો નોંધીને તેની ધરપકડ કરવા ચક્રો ગતિમાન કર્યા છે.

### 2 કરોડની લોન સામે 44 કરોડની જમીન લખાવી લીધી

# કુખ્યાત અલ્પેશ દોંગા આણી ટોળકી સામે 12 ગુના દાખલ

## મુખ્ય સૂત્રધાર સહીત બે આરોપીની ધરપકડઃ અન્ય 7 શખ્સોની શોધખોળ : સીટ દ્વારા ચાલી રહી છે તપાસ



**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટ રેન્જ આઈજી નિર્લિપ્ત રાયના માર્ગદર્શન મુજબ રાજકોટ ગ્રામ્ય જિલ્લાના પોલીસ અધિક્ષક વિજય સિંહ ગુર્જર દ્વારા જિલ્લામાં ગેરકાયદેસર નાણાં ધીરધાર કરતા ઇસમો તથા ગેરકાયદેસર કોલ સેન્ટરો ચલાવી ખેડુતોને ભોળવીને લોભામણી જાહેરાતો હેઠળ સમજાવી ઓછા વ્યાજે પૈસા આપવાના ઓઠા તળે ખેડુતોની જમીનના દસ્તાવેજો કરી ઠગાઇ કરતાં ઇસમો વિરૂધ્ધ શિક્ષાત્મક કાયદાકીય પગલા લેવા સુચના અને માર્ગદર્શન આપેલ હોય જે અન્વયે કુખ્યાત અલ્પેશ દોંગા આણી ટોળકી સામે કડક કાર્યવાહી કરવામાં આવી છે. એસપી વિજયસિંહ ગુર્જરએ માહિતી આપતા જણાવ્યું હતું કે SIT દ્વારા અગાઉ આરોપી અલ્પેશ દોંગા તથા અક્ષિત અકબરી ની ટોળકી વિરૂધ્ધ કુલ ૧૨ ગુન્હાઓ દાખલ થયા હતાં તથા પડધરીમાં ૧, ગોંડલ તાલુકમાં ૧, જામનગર જિલ્લાના કાલાવડ પોલીસ મથકમાં ૨ ગુન્હાઓ દાખલ કરવામાં આવેલ છે તથા આ સીવાય SIT દ્વારા અત્યાર સુધીમાં ૭ જેટલા અરજદારએ સંપર્ક કરી અરજીઓ આપેલ છે જેની તપાસ હાલ પ્રગતી પર છે SIT દ્વારા આરોપી અક્ષિત અકબરીની સઘન તપાસ હાથ ધરી અટક કરવામાં આવેલ છે અને આરોપી અલ્પેશ દોંગાનો કબ્જો મેળવી રીમાન્ડની પ્રક્રિયા હાથ ધરી વધુ તપાસ કરવામાં આવી રહેલ છે આ આરોપીઓ દ્વારા ગીતા ચેરીટેબલ ટ્રસ્ટના નામે ગુડવિલ મેળવવા માટે ચલાવવામાં આવી રહેલ કોલ સેન્ટરો બાબતે તપાસ ચાલુ છે તથા અગાઉ આરોપીઓએ ભાવનગર તથા સુરત ખાતે ગીતા જયંતિનો પોગ્રામ કરેલ અને આવનાર સમયમાં ૨૮ ડીસેમ્બરના દિવસે અમદાવાદ નિકોલ ખાતે ૨૫ હજાર ગીતા નામની બહેનોને એકત્રીત કરી કરવામાં આવનાર પોગ્રામ બાબતેની તપાસ ચાલુ છે આરોપી અક્ષિત અકબરીની સઘન પુછપરછ દરમ્યાન આરોપીની બીઝનેસ ટર્મીનલ નામના એપાર્ટમેન્ટમાં ચોથા માળે આવેલ ઓફીસની ઝડતી કરતા ત્યાથી અન્ય દસ્તાવેજ તથા સાટાખટ મળી કુલ ૧૫૨ જેટલા જમીનના દસ્તાવેજોની નકલો મળી આવેલ જે તપાસના કામે કબ્જે કરેલ છે હાલ SITની તપાસ દરમ્યાન કુલ - ૧૩૦ વિઘા જમીન જેની બજાર કિંમત ૪૩ કરોડ ૫૩ લાખ જેટલી થાય છે જે જમીન પેટે આરોપીઓએ માત્ર ૨ કરોડ ૧૫ લાખ ૧૫ હજાર જેટલી રકમ ચુકવી જે-તે ખેડુત ખાતેદારનો દસ્તાવેજો/ સાટાખત કરાવી લીધેલાનુ ષડયંત્ર ધ્યાને આવેલ છે હાલ સુધી અલગ અલગ ગુનાઓમાં રાજકોટના અલ્પેશભાઇ ગોપાલભાઇ દોંગા, અક્ષીત અકબરી ઉર્ફે હેપી પટેલ, પીયૂષભાઈ ચંદુભાઈ વીરડીયા, ચંદુભાઇ છગનભાઇ વીરડીયા, પડધરીના હીરેન રતીલાલ લુણાગરીયા, ચોટીલાના મયુર કાનગડ ઉર્ફે મયુર આહિર, રાજકોટના અભયભાઇ મોલીયા, મનીષાબેન અભયભાઇ મોલીયા અને જયેશભાઇ રામજીભાઇ ભાલાળાના નામો સામે આવ્યા છે રાજકોટ ગ્રામ્ય પોલીસ દ્વારા જાહેર જનતાને અપીલ કરવામાં આવી છે જેમાં જણાવવામાં આવ્યું છે કે જો આપને "બાલાજી લોન", "ગીતા ચેરીટેબલ ટ્રસ્ટ", "શ્રી અષ્ટલક્ષ્મી લોન હાઉસ" કે "પટેલ ઇન્વેસ્ટમેન્ટ પોઇન્ટ" નામે કે અન્ય કોઇ ના લોન માટે ફોન આવ્યો હોય, અથવા ઉપરોક્ત આરોપીઓ સાથે લોન/જમીનનો વ્યવહાર કર્યા બાદ છેતરાયા હોવ, તો કોઈ પણ ડર રાખ્યા વગર આપના વિસ્તારના નજીકના પોલીસ સ્ટેશન અથવા SIT ઓફીસ સાયબર પોલીસ સ્ટેશન, રાજકોટ ગ્રામ્યનો સંપર્ક કરવો.

# નવાગામમાં ચંદન વચ્ચે ગાંજાનું વાવેતર કરનાર શખ્સ ઝડપાયો

## કુવાડવા પોલીસે ગુનો નોંધી 2 લાખના ગાંજાના 213 નાના-મોટા છોડ કબ્જે

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટમા કુવાડવા પોલીસે બાતમી આધારે નવાગામ સરકારી ખરાબામાં દરોડો પાડી અહીં વાડીમાં ચંદન વચ્ચે ગાંજાનું વાવેતર કરનાર રાજકોટના શખ્સની ધરપકડ કરી ૨ લાખ રૂપિયાના ગાંજાના નાના મોટા ૨૧૩ છોડ કબ્જે કરી ગુનો નોંધી રિમાન્ડ મેળવવા તજવીજ હાથ ધરી છે. રાજકોટમાં SAY NO TO DRUGS અંતર્ગત પોલીસ કમિશનર બ્રજેશ ઝા દ્વારા કડક કાર્યવાહી કરવા આપેલી સૂચના અન્વયે કુવાડવા પોલીસ મથકના પીઆઇ એ એન જાનીના માર્ગદર્શન હેઠળ ટિમ પેટ્રોલિંગમાં હતી ત્યારે સ્ટાફના ભાવેશભાઈ મકવાણાને મળેલી બાતમી આધારે પોલીસે નવાગામ આણંદપરમાં દરોડો પાડી સરકારી ખરાબાની જમીનમાં તપાસ કરતા ઓરડી પાસે એક શખ્સ મળી આવ્યો હતો જેને અટકાયતમાં લઇ નામઠામ પૂછતાં પોતે મૂળ ઉપલેટાનો હાલ જીવરાજ પાર્ક શ્યામલ કુંજ એપાર્ટમેન્ટમાં રહેતો રમણીકભાઇ દેવજીભાઈ દલસાણીયા હોવાનું જણાવતા અને તેને સાથે રાખીને ખેતરમાં તપાસ કરતા અલગ અલગ ત્રણ જગ્યાએથી ચંદન વચ્ચે વાવેલો ગાંજો દેખાડતા પોલીસે તમામ સ્થળેથી ૨,૦૦,૫૦૦ રૂપિયાની કિંમતના ગાંજાના ૨૧૩ છોડ મળી આવતા કબ્જે કરી એએસઆઈ ખોડુભા જાડેજાએ ફરિયાદી બની નાર્કોટિક્સ એક્ટ હેઠળ ગુનો નોંધી ધરપકડ કરી રિમાન્ડ મેળવવા તજવીજ હાથ ધરી છે.

# વીરડા વાજડી પાસે નદી કાંઠે ત્યજી દીધેલી બાળકીને મળ્યું જીવનદાન

## નવજાત બાળકીને ૧૦૮ની ટીમે સરકારી હોસ્પિટલમાં દાખલ કરી

**સિટી ન્યૂઝ@રાજકોટ**

વીરડા વાજડી ગામે બાલાજી વેફર્સની સામે નદી કિનારે ગુરુવારે સવારે ૧૦થી ૧૨ દિવસની નવજાત બાળકી ત્યજી દેવાયેલી હાલતમાં મળી આવતા ચકચાર મચી ગઈ હતી. અજાણ્યા વાલીવારસે બાળકીનો જન્મ છુપાવવાના ઇરાદે તેને ત્યજી દીધી હોવાની ફરિયાદના આધારે યુનિવર્સિટી પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. ફરિયાદ મુજબ, વહેલી સવારે ૮:૦૪ વાગ્યે ૧૧૨ મારફતે ૧૦૮ને જાણ કરવામાં આવી હતીકિમેટોડા-વીરડા વાજડી રોડ પર બાલાજી વેફર્સની બાજુમાં નદી કાંઠે એક નવજાત બાળકી પડેલી છે. જાણ થતાં મેટોડા ૧૦૮ની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી.૧૦૮ની ટીમે બાળકીની તપાસ કરતાં તેના શરીરનું તાપમાન ઓછું હોવાનું અને તે યોગ્ય રીતે રડી રહી ન હોવાનું જણાયું હતું. જેથી ટીમે તાત્કાલિક નવજાત શિશુને જરૂરી સારવાર આપી સફાઈ તથા ટેમ્પરેચર મેનેજમેન્ટ શરૂ કર્યું હતું. સારવાર બાદ બાળકી રડવા લાગી હતી. ત્યારબાદ બાળકીને ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે રાજકોટની ઝનાના હોસ્પિટલમાં લઈ જવામાં આવી હતી. જ્યાં બાળકોના વિભાગમાં NICUમાં દાખલ કરવામાં આવી છે.

# યુસુફને ક્રાઈમ બ્રાન્ચમાં લાવી એક હોલમાં બેસાડ્યો ત્યાં બીજા આરોપીઓ પણ હતા એકે પુછ્યુ કિસ મેં આયા હૈ




ડીસીપી સિન્હા અને ઈન્સપેકટર જાડેજા સવારે ૫ વાગે ઘરે ગયા હતા, તો પણ જાડેજા સાડા ૧૦ વાગે પોતાની ઓફિસમાં આવી ગયા, તેમણે સવારે ક્રાઈમ બ્રાન્ચ થી નિકળતા જ પોતાના તમામ સ્ટાફને ૧૦ વાગે હાજર રહેવાનો મેસેજ આપી દીધો હતો, જો કે કોઈને કયા કામ માટે બોલાવ્યા છે તેની ખબર ન્હોતી, જાડેજા એ ઓફિસમાં આવી પોતાના કેટલા રૂટીન કામ હતા અને જે કેસ પેપરો ઉપર તેમની સહી કરવાની બાકી હતી. તે કામ પુરૂ કરી એક પોતાની ગાડી અને બીજી ગાડીમાં સબ ઈન્સપેકટકટર અને તેમના સ્ટાફને લઈ તે દરિયાપુર ઉપડયા, તંબુ ચોકી પાસે તેમણે ગાડી રોકી કોઈને સરનામુ પુછયુ, સરનામુ બતાડનારે જે તરફ ઈશારો કર્યો તે તરફ જાડેજા એ જોયુ તો તરત સાયકલની દુકાન નજરે પડી, તેમણે સાયકલની દુકાન પાસે ગાડી ઊભી રાખી દુકાનમાં કામ કરી રહેલા ચાચાને પુછયુ યુસુફ કોણ છે, ચાચા ડરી ગયા. જાડેજા એ ફરી પુછયુ એટલે તેમણે દુકાનમાં કામ કરી રહેલા એક જુવાન છોકરા તરફ ઈશારો કર્યો, જાડેજા એ તેને પકડયો અને ઉપાડી ગાડીમાં નાખી દીધો.યુસુફ રસ્તામાં પુછી રહ્યો હતો, સાહેબ કહો તો ખરા મારો ગુનો શું છે, પણ જાડેજા એ તેની સાથે એક શબ્દની વાત કરી નહીં, તે થોડીવાર પછી રડવા લાગ્યો હતો, જાડેજા એ પાછળની સીટમાં બેઠેલા યુસુફ તરફ એક બે વખત નજર કરી જોયું પણ ન હતું. યુસુફ ક્રાઈમ બ્રાન્ચ માં આવી જતા તેને ઉપરના હોલમાં લાવી બેસાડી દેવામાં આવ્યો હતો, જાડેજા એ વાળાને કહ્યું ધ્યાન રાખજો આ છોકરાનું, યુસુફે જોયું તો તેના જેવા ૫-૭ લોકો હોલમાં બેઠા હતા, કલાક થયો એટલે યુસુફ નું મન થોડુ શાંત થયું, તેણે તેની બાજુમાં બેઠેલા યુવક સામે જોયું, પેલા યુસુફ ને પુછયું કીસ મેં આયે હો.. યુસુફ ને આ ભાષા સમજાઈ નહીં કારણ તેને આ ભાષાની આદત ન્હોતી, પેલા ગુજરાતીમાં પુછયું ક્યા ગુનામાં લાવ્યા છે, યુસુફે કહ્યું મને જ ખબર નથી મારો ગુનો કયો છે, પેલો યુવક હસવા લાગ્યો, તેણે કહ્યું પહેલી વખત આયો લાગે છે, ધીરે ધીરે તને આદત થઈ જશે. યુસુફ ને તેનું હસવુ અને તેનું આ પ્રકારે બોલવુ ગમ્યુ નહીં.થોડીવાર પછી ત્યાં બેસાડી રાખેલામાંથી ૧ વ્યકિતએ એસઆરપી ને હાથનો ઈશારો કરતા બાથરૂમ જવું છે તેવું કહ્યું, જવાન ખુરશીમાંથી ઊભો થયો, તેણે પોતાની રાયફલ ખભા ઉપર લીધી અને પુછયું કોને કોને બાથરૂમ જવું છે, યુસુફ ને બાદ કરતા બધાએ હાથ ઊંચો કર્યો, એ યુસુફ ને પુછયું તારે જવું નથી, તેણે ના પાડી, એટલે પેલા જવાને ગુસ્સો કરતા કહ્યું ચાલ ઉઠ પછી તને લાગશે તો નહીં લઈ જઉ, યુસુફ ને આશ્ચર્ય થયું અહિયા બાથરૂમ પણ પરાણે કરવી પડશે? બધા ઊભા થઈ ગયા, નાના છોકરાઓ જયારે છુકછુક ગાડી રમતા હોય ત્યારે એક બીજાના શર્ટ પકડી કેમ ચાલે તેમ બધા ચાલવા લાગ્યા, યુસુફ ને તો આ પધ્ધતિની ખબર ન્હોતી, પણ તેની પાછળ રહેલા યુવકે તેને ઈશારો કરી કહ્યું આગળ વાળાનો શર્ટ પકડી લે, વાળો સૌથી છેલ્લે ચાલતો હતો ઉપરના માળેથી બધા નીચે બાથરૂમ સુધી આવ્યા, એક પછી એક બધા બાથરૂમ ગયા અને પાછા ઉપર જતી વખતે બધાએ એક બીજાના શર્ટ પાછળથી પકડી લીધા. યુસુફ ને આ બધાની નવાઈ લાગતી હતી, હજી તેની ઉમંર પણ ૨૧ વર્ષની હતી અને હાઈટ પણ ઓછી હતી. બપોર થઈ, એક પોલીસવાળો ફુડ પેકેટ જેવું જમવાનું આપી ગયો, તેમાં બટાકાનું શાક અને પુરી હતી, યુસુફ ના તો ગળે પણ જમવાનું ઉતરતુ ન્હોતુ, પણ તેણે ડરમાંને ડરમાં જમવાનું જમી લીધુ. તેને આશ્ચર્ય તે વાતનું હતું કે તેને ક્રાઈમ બ્રાન્ચ લાવ્યા પછી કોઈએ કશું જ પુછયું ન્હોતુ પણ તેને શું કામ લાવ્યા હતા તેની પણ ખબર પડતી ન્હોતી, તેને બેઠા બેઠા ઉંઘ ચઢી, ત્યારે જ એક પોલીસવાળા Cops એ તેને આવી ઢંઢોળ્યો, તેણે આંખો ખોલી પોલીસવાળાએ કહ્યું ચાલ સાહેબ બોલાવે છે, યુસુફ માટે તો અહીંયા બધા જ સાહેબ હતા, હવે કોણ સાહેબ બોલાવે છે તેવો પ્રશ્ન તેના ચહેરા ઉપર હતો. તે પોલીસવાળા સાથે ચાલવા લાગ્યો, તે ઉપરના માળેથી નીચે આવ્યો, યુસુફે સ્કુલનું શિક્ષણ તો લીધુ હતું જેના કારણે તેને વાંચતા-લખતા આવડતુ હતું.

તેણે ઓફિસની બહાર લાગેલી પ્લેટ વાંચી જેની ઉપર લખ્યુ હતું ડીસીપી ક્રાઈમ એચ કે સિન્હા પહેલા કોન્સટેબલ અંદર ગયો અને તરત બહાર આવ્યો તેણે દરવાજો ખુલ્લો રાખ્યો અને યુસુફ ને


પ્રશાંત દયાળ

અંદર મોકલ્યો. ડીસીપી પોતાના પીસી ઉપર કઈક કામ કરી રહ્યા હતા, તેમણે ચાલુ કામે નજર ઊંચી કરી યુસુફ સામે જોયું અને માથુ હલાવી તેની નોંધ લીધી છે એટલુ જ કહ્યું યુસુફ ને ડર તો લાગતો હતો, પણ ખબર નહીં કેમ સિન્હા ને જોઈ તેનો ડર ઓછો થયો હતો, સિન્હા બીજા પોલીસવાળા જેવા રૂક્ષ લાગતા ન્હોતા, તેમના ચહેરા ઉપર સૌમ્યતા હતી, ૫ મિનિટમાં પોતાનું કામ પુરૂ કરી, તેમણે યુસુફ સામે જોતા કહ્યું શું નામ છે બેટા, યુસુફ ને સારૂ પણ લાગ્યુ અને આશ્ચર્ય પણ થયું કારણ તેની દુકાને આવેલા પોલીસવાળાઓએ તે કઈ પણ પુછયા વગર તેને ઉંચકી ગાડીમાં નાખી દીધો હતો, પણ આ સાહેબ તો બેટા કહી વાત કરતા હતા. યુસુફે કહ્યું સર મારૂ નામ યુસુફ છે, સિન્હા એ તેની સામે ધ્યાનથી જોયું અને પુછયું કયા રહે છે, સર દરિયાપુર સિન્હા એ પુછયુ શું કામ કરે છે, સર મારી તંબુ ચોકી પાસે સાયકલની દુકાન છે, હું અને મારા અબ્બુ સાથે જ કામ કરીએ છીએ.

સિન્હા ખુરશીમાંથી ઊભા થયા, ચેમ્બરમાં ચાલતા ચાલતા તેમણે યુસુફ સામે જોયા વગર વાત ચાલુ રાખી, યુસુફ તારી દુકાને કોઈ સાયકલ ખરીદવા આવે છે, યુસુફે કહ્યું સાહેબ અમે તો સાયકલ રિપેરીંગનું કામ કરીએ છીએ. સિન્હા એ એકદમ અટકી ગયા, એટલે તમે સાયકલ વેંચતા જ નથી. યુસુફે સ્પષ્ટતા કરતા કહ્યું સાહેબ કોઈ જુની સાકયલ વેચવા માગે અને કોઈ ખરીદવા આવે તો ૨૫-૨૫ રૂપિયા ઉમેરી સાયકલ વેંચી દઈએ. સિન્હા એ પુછયુ બેટા હમણાં સુધી કેટલી સાયકલ વેંચી હશે. યુસુફ વિચાર કરવા લાગ્યો,.. સિન્હા એ તેની સામે જોયુ એટલે યુસુફ ને કહ્યું સાહેબ તેવું તો યાદ નથી, સાયકલ ખરીદવા કોઈ આવે તો તેનું નામ સરનામુ તમે લખો છો. યુસુફ ને હસવુ આવી ગયુ, ૧૨૦૦-૧૩૦૦ની જુની સાયકલ ખરીદવા આવે તેના નામ સરનામાની આપણે શું જરૂર હોય. તે વિચાર કરવા લાગ્યો શું જવાબ આપુ.

સિન્હા એ ફરી તેની સામે જોયુ યુસુફે કહ્યું ના સાહેબ તેવું તો કઈ કરતા નથી, સિન્હા થોડીવાર સુધી ચાલતા રહ્યા, પછી પાછા રોકાઈ પુછયુ તારી પાસેથી કોઈ ૨-૫-૧૦ સાયકલ એક સાથે ખરીદી ગયું હતું? યુસુફ વિચાર કરવા લાગ્યો, સિન્હા એ તેને યાદ અપાવતા કહ્યું હમણાની વાત નથી છેલ્લાં ૨ મહિના કે ૧ મહિનામાં કોઈએ સાયકલો ખરીદી હોય? યુસુફે કહ્યું સાહેબ યાદ નથી, સિન્હા એ તેની નજીક આવી કહ્યું જો બેટા તું યાદ કરીશ તો અમને મદદ થશે, યુસુફ ને લાગ્યું કે જો તે યાદ કરે તો પોલીસને મદદ થતી હોય તો તેણે યાદ કરવું જ જોઈએ. તે માથામાં ખંજવાળવા લાગ્યો, યુસુફ ને આ સ્ટાઈલ હતી તે કઈક યાદ કરવુ હોય ત્યારે માથુ ખંજવાળવા લાગતો હતો. (ક્રમશ)

# ગાંધી જયંતિએ રાજકોટમાં બાપુને પુષ્પાંજલિ અર્પણ



સિટી ન્યૂઝ@રાજકોટ

રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીની જન્મજયંતિ નિમિત્તે રાજકોટના જ્યુબિલી ગાર્ડન ખાતે યુથ ફોર ડેમોક્રેસી, લોક સંસદ વિચાર મંચ અને રાજકોટ શહેર જિલ્લા વાલી મહામંડળના સંયુક્ત ઉપક્રમે શ્રદ્ધાંજલિ કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે વિવિધ સંસ્થાઓના આગેવાનો અને સભ્યોએ મહાત્મા ગાંધીજીને યાદ કરી તેમની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી ભાવભીની વંદના કરી હતી.

કાર્યક્રમ દરમિયાન ઉપસ્થિત લોકોએ પૂજ્ય મહાત્મા ગાંધી અમર રહો અને જબ તક સૂરજ ચાંદ રહેગા, ગાંધીબાપુ તુમ્હારા નામ રહેગા જેવા ગગનભેદી નારાઓ લગાવ્યા હતા. દેશભક્તિ અને ગાંધીજી પ્રત્યેની આદરભાવનાથી ભરપૂર નારાઓના ગુંજારવથી જ્યુબિલી ગાર્ડનનું વાતાવરણ ગુંજી ઊઠ્યું હતું. ઉપસ્થિત આગેવાનોએ બાપુના જીવન, તેમના આદર્શો અને દેશની આઝાદીની ચળવળમાં આપેલા અમૂલ્ય યોગદાનને સ્મરણમાં લીધું હતું.

મહાત્મા ગાંધીજીએ સત્ય, અહિંસા, સાદગી અને સર્વધર્મ સમભાવના સિદ્ધાંતો દ્વારા સમગ્ર વિશ્વને શાંતિ અને માનવતાનો સંદેશ આપ્યો હતો. ગાંધી જયંતિના અવસરે આયોજિત આ કાર્યક્રમમાં તેમના વિચારોને યાદ કરી સમાજમાં નૈતિક મૂલ્યો, પરસ્પર ભાઈચારો અને લોકશાહી ભાવનાને મજબૂત બનાવવાનો સંદેશ પણ વ્યક્ત થયો હતો.

આ શ્રદ્ધાંજલિ કાર્યક્રમમાં એડવોકેટ હિંમતભાઈ લાબડીયા, ગજેન્દ્રસિંહ ઝાલા, આર.વી. સોલંકી, ભાવેશભાઈ આચાર્ય, ધર્મેન્દ્રભાઈ ગઢવી, પ્રકાશભાઈ મોરી, આનંદસિંહ ઠાકુર, વિનોદભાઈ રાવલ, બળવંતભાઈ ચૌહાણ અને વિરલભાઈ ડાભી સહિત વિવિધ સંસ્થાઓના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. તમામે મહાત્મા ગાંધીજીની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી બાપુ પ્રત્યે પોતાની શ્રદ્ધા અને આદર વ્યક્ત કર્યા હતા.

# રાજકોટમાં ગાંધી જયંતિએ મહાનુભાવોએ બાપુની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી

## જ્યુબિલી ગાર્ડનમાં યોજાયેલા કાર્યક્રમમાં સાંસદ, ધારાસભ્યો અને મહાનગરપાલિકાના પદાધિકારીઓએ મસ્તક નમાવી શ્રદ્ધાંજલિ આપી







સિટી ન્યૂઝ@રાજકોટ

રાષ્ટ્રપિતા પૂજ્ય મહાત્મા ગાંધીજીની ૧૫૭મી જન્મજયંતિ નિમિત્તે રાજકોટના જ્યુબિલી ગાર્ડન ખાતે તેમની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી ભાવભીની શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી. રાજકોટ મહાનગરપાલિકા દ્વારા આયોજિત આ કાર્યક્રમમાં સાંસદ, ધારાસભ્યો, મહાનગરપાલિકાના પદાધિકારીઓ, કોર્પોરેટરો, વિવિધ ક્ષેત્રના મહાનુભાવો અને સંગઠનના હોદ્દેદારોએ ઉપસ્થિત રહી બાપુની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી મસ્તક નમાવી પ્રણામ કર્યા હતા. આ પ્રસંગે ભારતને અંગ્રેજ શાસનમાંથી આઝાદી અપાવવામાં મહાત્મા ગાંધીજીએ ભજવેલી મહત્ત્વપૂર્ણ ભૂમિકાને યાદ કરવામાં આવી હતી. સત્ય અને અહિંસાના માર્ગે ચાલીને તેમણે સ્વાતંત્ર્ય સંગ્રામને નવી દિશા આપી હતી. તેમના અહિંસક પ્રતિકારના વિચારે માત્ર ભારત જ નહીં, પરંતુ વિશ્વભરમાં નાગરિક અધિકારો અને સ્વતંત્રતા માટેની ચળવળોને પણ પ્રેરણા આપી હતી. મોહનદાસ કરમચંદ ગાંધીનો જન્મ ૨ ઓક્ટોબર, ૧૮૬૯ના રોજ થયો હતો અને 30 જાન્યુઆરી, ૧૯૪૮ના રોજ તેમનું અવસાન થયું હતું. તેઓ વકીલ, રાષ્ટ્રવાદી અને રાજકીય વિચારક તરીકે જાણીતા હતા. દક્ષિણ આફ્રિકામાં ૧૯૧૪માં તેમના માટે પ્રથમ વખત મહાત્મા માનવાચક શબ્દનો ઉપયોગ થયો હતો. ત્યારબાદ આ નામ વિશ્વભરમાં પ્રચલિત બન્યું હતું. ગાંધીજીના સત્ય, અહિંસા, સાદગી અને માનવતાના વિચારો આજે પણ સમાજને પ્રેરણા આપે છે. જ્યુબિલી ગાર્ડન ખાતે યોજાયેલા પુષ્પાંજલિ કાર્યક્રમમાં રાજકોટના મેયર ડૉ. નેહલ શુક્લ, મંત્રી પ્રફુલભાઈ પાનસૂરિયા, સાંસદ પરસોત્તમભાઈ રૂપાલા, ધારાસભ્યો ભાનુબેન બાબરિયા, રમેશભાઈ ટીલાળા અને ડૉ. દર્શિતા શાહ ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત શહેર ભાજપ અધ્યક્ષ ડૉ. માધવભાઈ દવે, ડેપ્યુટી મેયર દક્ષાબેન વસાણી, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન પરેશભાઈ પીપળીયા, શાસક પક્ષના નેતા ડૉ. હિરેનભાઈ ખીમાણિયા, શાસક પક્ષના દંડક સંજયસિંહ રાણા અને સમાજ કલ્યાણ સમિતિના ચેરમેન મનીષભાઈ ભટ્ટ સહિતના મહાનુભાવો કાર્યક્રમમાં જોડાયા હતા. કાર્યક્રમમાં રાજકોટ મહાનગરપાલિકાના કોર્પોરેટરો, સંગઠનના હોદ્દેદારો તેમજ વોર્ડ અને શહેરના અગ્રણીઓએ પણ હાજરી આપી હતી. તમામ ઉપસ્થિતોએ ગાંધીજીની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી તેમના જીવનમૂલ્યો અને દેશ માટેના યોગદાનને યાદ કરી શ્રદ્ધાંજલિ આપી હતી.

# રાજકોટમાં ગાંધી જયંતીએ ગાંધી ધૂન ગુંજી, 7 પ્રતિભાઓને ગાંધી એવોર્ડની જાહેરાત



## મહાત્મા ગાંધી મ્યુઝિયમમાં સાંસદ પરષોત્તમ રૂપાલાની ઉપસ્થિતિમાં સંગીતમય કાર્યક્રમ યોજાયો, 12 વર્ષ સુધીનાં બાળકોને નિઃશુલ્ક પ્રવેશ

### 7 વ્યક્તિઓ સન્માનિત

- સામાજિક ક્ષેત્રઃ નરેશભાઈ પટેલ
- સમાજસેવા અને દાતા તરીકેઃ મૌલેશભાઈ ઉકાણી
- ઉદ્યોગ અને દાતા તરીકેઃ રામભાઈ મોકરિયા
- સેવાકીય સંસ્થાઃ નિયો ફાઉન્ડેશન
- સહકાર ક્ષેત્રઃ દિનેશભાઈ પાઠક
- નારીરત્નઃ ઈન્દિરાબેન શીંગાળા
- કલા ક્ષેત્રઃ તેજશભાઈ શીશાંગિયા

### ઋષભ આહીરની ટીમે સંગીતમય વાતાવરણ સર્જ્યું

ગાંધી ધૂન કાર્યક્રમની શરૂઆત સાંસદ પરષોત્તમ રૂપાલા અને ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે દીપ પ્રાગટ્ય કરીને કરવામાં આવી હતી. કાર્યક્રમમાં જાણીતા કલાકાર ઋષભ આહીર અને તેમની ટીમે વિવિધ ગીતો અને ગાંધી ધૂન રજૂ કરી હતી. સંગીતની સુરાવલીઓથી મ્યુઝિયમનું વાતાવરણ ગુંજી ઊઠ્યું હતું અને ઉપસ્થિત શ્રોતાઓ સંગીતના રંગે રંગાયા હતા. કાર્યક્રમમાં સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન પરેશ પીપળીયાએ શાબ્દિક સ્વાગત કર્યું હતું. ગુજરાત પ્રવાસન નિગમના અધિકારીઓએ મહાનુભાવોને ચરખો, પુષ્પ અને ખાદીના રૂમાલથી આવકાર્યા હતા. અંતે સમાજ કલ્યાણ સમિતિના ચેરમેન મનીષ ભટ્ટે આભારવિધિ કરી હતી.



**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટમાં ગાંધી જયંતીના અવસરે મહાત્મા ગાંધીજીના વિચારો અને આદર્શોને જનજન સુધી પહોંચાડવાના હેતુથી મહાત્મા ગાંધી મ્યુઝિયમ ખાતે ગાંધી ધૂન કાર્યક્રમ યોજાયો હતો. રાજકોટ મહાનગરપાલિકા અને ગુજરાત પ્રવાસન નિગમના સંયુક્ત ઉપક્રમે યોજાયેલા આ કાર્યક્રમમાં સાંસદ પરષોત્તમ રૂપાલા સહિત શહેરના પદાધિકારીઓ, મહાનુભાવો અને મોટી સંખ્યામાં શહેરીજનો ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે રાજકોટ મહાનગરપાલિકાએ વિવિધ ક્ષેત્રોમાં નોંધપાત્ર યોગદાન આપનાર ૭ વ્યક્તિઓ અને સંસ્થાઓનાં નામ ગાંધી એવોર્ડ માટે જાહેર કર્યાં હતાં.

મેયર ડૉ. નેહલ શુક્લએ જણાવ્યું હતું કે ગાંધીજી પ્રત્યેની લાગણી અને તેમના વિચારોને યાદ રાખવા માટે દર વર્ષે ગાંધી એવોર્ડ આપવામાં આવે છે. વિવિધ ક્ષેત્રોમાં કાર્યરત પ્રતિભાઓનું સન્માન સમાજમાં સેવાભાવ અને સકારાત્મક કાર્યને પ્રોત્સાહન આપશે.

સાંસદ પરષોત્તમ રૂપાલાએ પોતાના સંબોધનમાં ગાંધીજીના જીવન સાથે જોડાયેલાં વૈષ્ણવ જન તો તેને કહીએ અને રઘુપતિ રાઘવ રાજા રામ જેવાં ભજનોનું મહત્ત્વ સમજાવ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે નરસિંહ મહેતાનું વૈષ્ણવ જન તો તેને કહીએ ભજન માત્ર સંગીતની રચના નથી, પરંતુ માનવતા અને સંવેદનશીલતાનું જીવનદર્શન છે. બીજાની પીડા સમજીને તેના દુખમાં સહભાગી થવું એ સાચી માનવતાની ઓળખ છે.

તેમણે ગાંધીજીના સત્ય, અહિંસા, સેવા અને સ્વચ્છતાના વિચારોને જીવનમાં ઉતારવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. સ્વચ્છતા માત્ર વ્યક્તિગત બાબત નહીં, પરંતુ સામાજિક જવાબદારી પણ છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના માર્ગદર્શન હેઠળ સ્વચ્છતા અભિયાન જનઆંદોલન બન્યું હોવાનું જણાવતાં તેમણે નવી પેઢીમાં સ્વચ્છતા અંગે વધતી જાગૃતિને આવકારદાયક ગણાવી હતી.રૂપાલાએ રાજકોટમાં જનપ્રતિનિધિઓ અને નાગરિકોની ભાગીદારીથી સ્વચ્છતા અભિયાનને મળતા વેગનો ઉલ્લેખ કર્યો હતો. ગાંધીજીને સાચી શ્રદ્ધાંજલિ આપવા જાહેર સ્થળોએ સ્વચ્છતા જાળવવા અને સ્વચ્છ રાજકોટ તથા સ્વચ્છ ભારતના નિર્માણમાં સહભાગી બનવા અપીલ કરી હતી.

ગાંધી જયંતીના અવસરે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા ૧૨ વર્ષ કે તેથી ઓછી ઉંમરનાં બાળકો માટે મહાત્મા ગાંધી મ્યુઝિયમમાં નિશુલ્ક પ્રવેશની વ્યવસ્થા કરવામાં આવી હતી. નવી પેઢી ગાંધીજીના જીવનચરિત્ર અને આદર્શોથી પરિચિત થાય તેમજ તેમના વિચારોને જીવનમાં ઉતારે તે હેતુથી આ નિર્ણય લેવામાં આવ્યો હતો.

રાજકોટના ઐતિહાસિક મહાત્મા ગાંધી મ્યુઝિયમનું લોકાર્પણ ૧ ઓક્ટોબર, ૨૦૧૮ના રોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે કરવામાં આવ્યું હતું. મોહનદાસ ગાંધી વિદ્યાલયમાં વિકસાવવામાં આવેલા આ મ્યુઝિયમમાં ગાંધીજીના જીવન અને વિચારોને ઓડિયો, વિઝ્યુઅલ તથા LED સ્ક્રીન મારફતે રજૂ કરવામાં આવ્યા છે. મ્યુઝિયમમાં ગાર્ડન, લાઈબ્રેરી, પ્રદર્શન હોલ, કોન્ફરન્સ રૂમ, રેસ્ટોરન્ટ, પાર્કિંગ અને ગાઇડ સહિતની સુવિધાઓ ઉપલબ્ધ છે. દરરોજ સાંજે ૭ વાગ્યે ગાંધીજીના જીવનના આદર્શો પર આધારિત લાઇટ એન્ડ સાઉન્ડ શો પણ યોજવામાં આવે છે.

આ પ્રસંગે મેયર ડૉ. નેહલ શુક્લ, સાંસદ પરષોત્તમ રૂપાલા, ધારાસભ્યો ભાનુબેન બાબરિયા અને ડૉ. દર્શિતાબેન શાહ, ડેપ્યુટી મેયર દક્ષાબેન વસાણી, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન પરેશ પીપળીયા, શાસક પક્ષના નેતા ડૉ. હિરેન ખીમાણિયા, દંડક સંજયસિંહ રાણા, DCP હેતલ પટેલ સહિતના મહાનુભાવો, અધિકારીઓ, કર્મચારીઓ અને મોટી સંખ્યામાં શહેરીજનો ઉપસ્થિત રહ્યા હતા.

# ગાંધી જયંતી પર રાજકોટ ડિવિઝનમાં સ્વચ્છતા હી સેવા અભિયાનનું સફળ સમાપન

## સ્વચ્છ રેલસ્વચ્છ ભારતના સંદેશ સાથે પ્રભાત ફેરી; 53 સ્ટેશનો પર વ્યાપક અભિયાન, 17.245 મેટ્રિક ટન કચરો એકત્રિત કરાયો




સિટી ન્યૂઝ@રાજકોટ

રાજકોટ ડિવિઝનમાં સ્વચ્છતા હી સેવા-૨૦૨૬ અભિયાનનું ગાંધી જયંતીના અવસરે ૨ ઓક્ટોબર ૨૦૨૬ના રોજ સફળ સમાપન થયું. આ વર્ષે અભિયાનની થીમ સ્વચ્છતામાં સહભાગીતા; સ્વચ્છ ભારત, વિકસિત ભારત રહી હતી. ૧૭ સપ્ટેમ્બરથી ૨ ઓક્ટોબર ૨૦૨૬ સુધી ચાલેલા અભિયાન અંતર્ગત રાજકોટ ડિવિઝનના ૫૩ નાના-મોટા સ્ટેશનો, જેમાં રાજકોટ, ભક્તિનગર, સુરેન્દ્રનગર, વાંકાનેર, જામનગર, હાપા, ખંભાળિયા, દ્વારકા અને ઓખા સહિતના મુખ્ય સ્ટેશનો સામેલ છે, ત્યાં સ્વચ્છતા, જનજાગૃતિ, કચરા વ્યવસ્થાપન, પર્યાવરણ સંરક્ષણ તેમજ સફાઈ મિત્રોના કલ્યાણ સંબંધિત વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું હતું.અભિયાનના સમાપન પ્રસંગે ૨ ઓક્ટોબરના રોજ સવારે ૭ વાગ્યે સ્વચ્છ રેલસ્વચ્છ ભારતના સંદેશ સાથે પ્રભાત ફેરી યોજવામાં આવી હતી. સામાન્ય અને ભંડાર વિભાગ દ્વારા આયોજિત આ પ્રભાત ફેરીમાં ડિવિઝનલ રેલવે મેનેજર (DRM), રાજકોટ, ગિરિરાજ કુમાર મીનાના નેતૃત્વ અને માર્ગદર્શન હેઠળ વિવિધ વિભાગોના શાખા અધિકારીઓ, રેલવે કર્મચારીઓ, રેલવે સુરક્ષા બળ (RPF), ભારત સ્કાઉટ્સ અને ગાઈડ્સ તેમજ સિવિલ ડિફેન્સના સભ્યોએ સક્રિય ભાગીદારી નોંધાવી હતી.પ્રભાત ફેરીના માધ્યમથી રેલવે કર્મચારીઓ અને તેમના પરિવારોને સ્વચ્છતા પ્રત્યે જાગૃત કરતાં સ્વચ્છ રેલ પરિસર અને સ્વચ્છ ભારતનો સંદેશ આપવામાં આવ્યો હતો.અભિયાન દરમિયાન રાજકોટ ડિવિઝનને ૭૫૦ સ્વચ્છતા લક્ષ્ય એકમો (Cleanliness Target UnitsCTUs)નો લક્ષ્યાંક આપવામાં આવ્યો હતો. જેની સામે ૭૯૪ CTUs પૂર્ણ કરવામાં આવ્યા હતા અને નિર્ધારિત અંતિમ તારીખ ૨ ઓક્ટોબર પહેલાં જ ૩૦ સપ્ટેમ્બર ૨૦૨૬ના રોજ તમામ CTUsને SHS પોર્ટલ પર બંધ કરી દેવામાં આવ્યા હતા.અભિયાન હેઠળ ૪૮ સ્ટેશનો, ૧૩૧ સ્ટેશન શૌચાલયો તેમજ ૧૧૦ કોચ શૌચાલયોમાં વિશેષ સફાઈ પ્રવૃત્તિઓ હાથ ધરાઈ હતી. આ ઉપરાંત ૧૦૧ CTUsનો કાયાકલ્પ અને ૩૨ સ્થળોનું સૌંદર્યીકરણ કરવામાં આવ્યું હતું.સફાઈ મિત્રોના સ્વાસ્થ્ય, સુરક્ષા અને સન્માનને અભિયાનમાં વિશેષ પ્રાથમિકતા આપવામાં આવી હતી. આ સમયગાળા દરમિયાન ૨૦૫ સફાઈ મિત્રો અને તેમના આશ્રિતોની આરોગ્ય તપાસ કરવામાં આવી, સુરક્ષા કિટ્સનું વિતરણ કરાયું તેમજ ૧૨ સફાઈ મિત્રોનું સન્માન કરવામાં આવ્યું હતું.અભિયાન દરમિયાન સ્વચ્છતા પ્રતિજ્ઞા, શાળા જાગૃતિ કાર્યક્રમો, શેરી નાટકો, કલા સ્પર્ધાઓ અને અન્ય જનજાગૃતિ પ્રવૃત્તિઓનું આયોજન કરાયું હતું. ૧ ઓક્ટોબરના રોજ એક દિવસ, એક કલાક, એક સાથે રાષ્ટ્રવ્યાપી શ્રમદાન કાર્યક્રમ હેઠળ ૪૫ સ્થળો પર ૧,૨૧૦ સહભાગીઓએ ૧૬,૩૦૮ ચોરસ મીટર વિસ્તારની સફાઈ કરી હતી અને ૫.૮૭૦ મેટ્રિક ટન કચરો એકત્ર કર્યો હતો.સમગ્ર અભિયાન દરમિયાન કુલ ૧૭.૨૪૫ મેટ્રિક ટન કચરો એકત્રિત કરવામાં આવ્યો હતો, જેમાં ૮.૭૪૧ મેટ્રિક ટન સૂકો કચરો, ૮.૪૯૨ મેટ્રિક ટન ભીનો કચરો અને ૦.૦૧૨ મેટ્રિક ટન સેનિટરી કચરો સામેલ છે. DRM ગિરિરાજ કુમાર મીનાએ જણાવ્યું હતું કે, "રાજકોટ ડિવિઝનમાં સ્વચ્છતા હી સેવા૨૦૨૬ થકી સ્વચ્છતાને જનભાગીદારી સાથે જોડીને વ્યાપક પ્રયાસો કરવામાં આવ્યા છે.



# એફિલ ટાવર તપાસના તારણો પર BAPSનું નિવેદન

સિટી ન્યૂઝ@રાજકોટ

"એફિલ ટાવર ખાતે અમારા પ્રતિનિધિ મંડળની મુલાકાત સંબંધિત સત્તાવાર તપાસના તારણો બહાર આવ્યા બાદ, BAPS સૌથી પહેલાં આ મુલાકાત સાથે જોડાયેલી ઘટનાઓથી પ્રભાવિત થયેલા કર્મચારીઓ પ્રત્યે પોતાની સંવેદના પુન વ્યક્ત કરવા માંગે છે.શરૂઆતથી જ BAPS એ સતત સ્પષ્ટ કર્યું છે કે તેણે ક્યારેય મહિલા કર્મચારીઓને છુપાવવા, હટાવવા કે બાકાત રાખવા માટે જણાવ્યું નહોતું. તપાસથી આ હકીકત સ્થાપિત થાય છે કે મુલાકાતના માર્ગ પર મહિલાઓને બાકાત રાખવા માટે BAPSએ આવી કોઈ વિનંતી કરી નહોતી.અમને આશા છે કે આ સ્પષ્ટતા સંજોગોને વધુ સારી રીતે સમજવામાં મદદરૂપ થશે અને સંકળાયેલા સૌ માટે આદરપૂર્વક આગળ વધવાનો માર્ગ મોકળો કરશે."

> Following the publication of the official investigation findings concerning our delegation's visit to the Eiffel Tower, BAPS wishes first to reiterate its concern for the employees affected by the events surrounding the visit.
>
> From the outset, BAPS has consistently stated that it never asked for female employees to be hidden, removed or excluded. The investigation establishes this fact that BAPS made no such request for women to be excluded along the visitor route.
>
> We hope this clarification will contribute to a better understanding of the circumstances and allow everyone involved to move forward respectfully.
>
> **BAPS Paris**

# હર્બલ વ્યવસાયી જીતેન્દ્ર દેવાણીનો કાલે જન્મદિવસ

## 25 વર્ષથી હાથલા થોર, એલોવેરા જેલ સહિત હર્બલ ઉત્પાદનોનું કરે છે વેચાણ

સિટી ન્યૂઝ@રાજકોટ



રાજકોટના જાણીતા હર્બલ પ્રોડક્ટ્સના વ્યવસાયી (સ્વસ્તિક એજન્સી) અને સેવાભાવી વ્યક્તિત્વ ધરાવતા શ્રી જીતેન્દ્રભાઈ દેવાણીનો આજે ૩ ઓક્ટોબરે જન્મદિવસ છે. છેલ્લા ૨૫ વર્ષથી તેઓ હર્બલ ઉત્પાદનોના વેચાણ ક્ષેત્રે આગવી ઓળખ ધરાવે છે.તેઓ હાથલા થોરનું જ્યુસ, એલોવેરા જેલ, સરગવાનો પાવડર અને ઘઉંના જ્વારા જેવા આરોગ્ય વર્ધક ઉત્પાદનો લોકો સુધી પહોંચાડી રહ્યા છે. "સ્વદેશી અપનાવો, દેશ બચાવો" ના વિચારને સાર્થક કરવા સાથે જીવનના સંઘર્ષોનો મક્કમતાથી સામનો કરી પ્રેરણાદાયી ઉદાહરણ પૂરું પાડ્યું છે. આ પાવન અવસરે દેવાણી, મણિયાર અને સંઘાણી પરિવાર તેમજ સગા-સ્નેહીઓ અને મિત્રવર્તુળ તરફથી તેમને જન્મદિવસની ખૂબ ખૂબ શુભેચ્છાઓ પાઠવવામાં આવી છે.

# ટ્રેનોના સુરક્ષિત સંચાલન માટે રાજકોટ રેલવે ડિવિઝનની સરાહનીય કામગીરી

## » ભારે વરસાદ દરમિયાન રેલવે ટ્રેકનું ધોવાણ અટકાવવામાં મળશે મોટી સહાય

## » નવનિર્મિત પાણી નિકાલ માર્ગની લંબાઈ 15 મીટર અને પહોળાઈ 3 મીટર છે

**સિટી ન્યૂઝ@રાજકોટ**

પશ્ચિમ રેલવેના રાજકોટ ડિવિઝન દ્વારા ચોમાસાની સિઝન દરમિયાન ભારે વરસાદને કારણે સર્જાતી પાણીના નિકાલની સમસ્યાને કાયમ માટે હલ કરવા અને રેલ સંચાલનની સુરક્ષાને વધુ મજબૂત કરવાના હેતુસર ઓખા-- ગોરિંજા સેક્શનમાં એક વધારાના પાણી નિકાલ માર્ગ (ડ્રેનેજ પાસવે) નું નિર્માણ કાર્ય સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવ્યું છે.

રાજકોટ ડિવિઝનના સીનિયર ડિવિઝનલ કોમર્શિયલ મેનેજર સુનીલ કુમાર મીનાના જણાવ્યા અનુસાર, આ વધારાના પાણી નિકાલ માર્ગના નિર્માણથી ભારે વરસાદ વખતે પાણીના સરળ પ્રવાહમાં ઘણી મદદ મળશે અને રેલવે ટ્રેકની આસપાસ પાણી ભરાવાની સમસ્યા ઓછી થશે. આનાથી અતિશય જળપ્રવાહને લીધે રેલવે ટ્રેકનું ધોવાણ થવા તેમજ તેના પાળા (તટબંધ) ને થતા સંભવિત નુકસાનને અસરકારક રીતે અટકાવી શકાશે.



આ નવનિર્મિત પાણી નિકાલ માર્ગની લંબાઈ ૧૫ મીટર, પહોળાઈ ૩ મીટર અને ઊંચાઈ ૧.૯ મીટર રાખવામાં આવી છે. અગાઉ ભારે વરસાદ દરમિયાન મોટા પ્રમાણમાં પાણી રેલવે ટ્રેકની જમણી બાજુએ એકત્રિત થઈ જતું હતું, જેના કારણે ટ્રેક ધોવાઈ જવાનું મોટું જોખમ રહેતું હતું. હવે આ નવા માર્ગ મારફતે પાણી રેલવે ટ્રેકની જમણી બાજુથી વહીને ડાબી બાજુ થઈને આગળ નેશનલ હાઈવે પર આવેલા પુલ દ્વારા બહાર નીકળી શકશે. આનાથી પાણીનો નિકાલ ખૂબ જ ઝડપી બનશે અને રેલવે ટ્રેકની સુરક્ષા કવચ મજબૂત થશે.

આ મહત્વપૂર્ણ અને તકનીકી કામગીરીને અંજામ આપવા માટે રાત્રે ૨૩:૦૦ વાગ્યાથી સવારે ૦૪:૦૦ વાગ્યા સુધીનો વિશેષ ટ્રાફિક બ્લોક લેવામાં આવ્યો હતો. રેલવે ઈજનેરો અને કર્મચારીઓએ નિર્ધારિત સમય મર્યાદામાં આ નિર્માણ કાર્ય સફળતાપૂર્વક પૂરું કરીને બ્લોક સમયસર પૂરો કર્યો હતો, જેથી ટ્રેનોનું સંચાલન સમયપત્રક મુજબ ફરીથી સુચારૂ રૂપે શરૂ થઈ શક્યું.

આ અંગે રાજકોટ ડિવિઝનના ડિવિઝનલ રેલવે મેનેજર ગિરિરાજ કુમાર મીનાએ જણાવ્યું હતું કે, “ચોમાસા દરમિયાન રેલવે સુરક્ષા અમારી સર્વોચ્ચ પ્રાથમિકતા છે. આ વધારાના પાણી નિકાલ માર્ગથી ભારે વરસાદમાં પાણીના નિકાલની વ્યવસ્થા સુધરશે અને રેલવે ટ્રેકને થતા નુકસાનનું જોખમ ઘટશે, જેનાથી મુસાફરોને વધુ સુરક્ષિત અને વિશ્વસનીય રેલ સેવા પૂરી પાડવામાં મદદ મળશે.”

# 4 ઓક્ટોબરે શ્રી મોઢવણિક જ્ઞાતિનો શાનદાર ‘વેલકમ નવરાત્રી મહોત્સવ’

## રાજકોટના ન્યારી ડેમ રોડ સ્થિત યુવીએમસી પાર્ટી લોન્સ ખાતે યોજાશે મહોત્સવ

**સિટી ન્યૂઝ@રાજકોટ**

વિશ્વના સૌથી મોટા નૃત્ય મહોત્સવ એવા નવરાત્રીના પાવન પર્વે આદ્યશક્તિની આરાધના કરવાના અલૌકિક અવસરના વધામણા કરવા માટે શ્રી મોઢવણિક મહાજન, શ્રી મોઢવણિક સમાજ અને શ્રી મોઢવણિક યુવા ગ્રુપ દ્વારા સંયુક્તપણે 'વેલકમ નવરાત્રી મહોત્સવ - ૨૦૨૬' નું ભવ્યાતિભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. આગામી તા. ૪ ઓક્ટોબરને રવિવારે સાંજે ૬:30 કલાકથી શહેરના ન્યારી ડેમ રોડ સ્થિત યુવીએમસી પાર્ટી લોન્સ ખાતે આ ધમાકેદાર રાસોત્સવ યોજાશે.



મોઢવણિક મહાજનના પ્રમુખ ભાગ્યેશ વોરા, સમાજના પ્રમુખ ધર્મેશ શેઠ તથા યુવા ગ્રુપના પ્રમુખ કિરેન છાપીયાના જણાવ્યા અનુસાર, ફક્ત મોઢવણિક જ્ઞાતિજનો માટે જ આ આયોજન સતત ચોથા વર્ષે કરવામાં આવ્યું છે. રાસોત્સવમાં ખેલૈયાઓનો ઉત્સાહ વધારવા માટે ઉંમર મુજબ ચાર અલગ અલગ ગ્રુપમાં કોન્ટેસ્ટ રાખવામાં આવી છે. જેમાં ૫ થી ૧૫ વર્ષ માટે ગ્રુપ A, ૧૬ થી 30 વર્ષ માટે ગ્રુપ B, ૩૧ થી ૪૫ વર્ષ માટે ગ્રુપ C અને ૪૬ વર્ષથી વધુ ઉંમરના જ્ઞાતિજનો માટે ગ્રુપ D રહેશે. જ્ઞાતિની બહારના નિષ્ણાત નિર્ણાયકો દ્વારા કોન્ટેસ્ટના વિજેતાઓને નક્કી કરવામાં આવશે અને તેમને લાખેણા ઈનામોથી સન્માનિત કરવામાં આવશે, તેમજ ગ્રુપ A ના તમામ ભૂલકાઓને શ્યોર ગિફ્ટ પણ આપવામાં આવશે.

# રાજકોટના બાલાજી હનુમાન મંદિરે આરોગ્ય રાજ્યમંત્રી પ્રફુલ પાનસેરિયાએ દર્શન કર્યાં

## ધારાસભ્ય રમેશ ટીલાળા સાથે વિશેષ પૂજા-અર્ચના કરી

**સિટી ન્યૂઝ@રાજકોટ**



રાજકોટના ભૂપેન્દ્ર રોડ પર આવેલી કરણસિંહજી હાઈસ્કૂલ નજીકના પ્રસિદ્ધ બાલાજી હનુમાનજી મંદિરે ગુજરાત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના રાજ્યમંત્રી પ્રફુલ પાનસેરિયા અને ધારાસભ્ય રમેશ ટીલાળાએ દર્શન કરી ધન્યતા અનુભવી હતી. બંને મહાનુભાવોએ બાલાજી દાદાના ચરણોમાં શીશ ઝુકાવી વિશેષ પૂજા-અર્ચનાનો લાભ લીધો હતો અને રાજ્યની સુખાકારી, નાગરિકોના સારા સ્વાસ્થ્ય તથા પ્રગતિ માટે પ્રાર્થના કરી હતી.

રાજકોટવાસીઓની આસ્થાના કેન્દ્ર સમાન બાલાજી હનુમાનજી મંદિરે બંને મહાનુભાવો ખાસ સમય ફાળવી દર્શનાર્થે પહોંચ્યા હતા. સરકારી કામગીરીની વ્યસ્તતા વચ્ચે તેમણે મંદિરમાં બાલાજી દાદાના દિવ્ય સ્વરૂપનાં દર્શન કરી ભક્તિભાવપૂર્વક પૂજા-અર્ચના કરી હતી.આ પ્રસંગે બંને અગ્રણીઓએ દાદાના આશીર્વાદ મેળવી સમગ્ર રાજ્યમાં સુખ, શાંતિ અને સમૃદ્ધિ જળવાઈ રહે તેવી પ્રાર્થના કરી હતી.મંદિરના મહંત વિવેકસાગરદાસજી સ્વામીએ રાજ્યમંત્રી પ્રફુલ પાનસેરિયા અને ધારાસભ્ય રમેશ ટીલાળાનું પુષ્પહારથી ઉષ્માભર્યું સ્વાગત કર્યું હતું. તેમણે બંને મહાનુભાવોને આશીર્વાદ પાઠવી જનસેવાનાં કાર્યોમાં ઉત્તરોત્તર સફળતા મળે અને બાલાજી દાદાની કૃપા હંમેશાં બની રહે તેવી શુભકામનાઓ વ્યક્ત કરી હતી.

મંદિરમાં યોજાયેલી આ વિશેષ મુલાકાત દરમિયાન ભક્તિમય વાતાવરણ વચ્ચે દર્શન અને પૂજા-અર્ચનાનો કાર્યક્રમ સંપન્ન થયો હતો.

# જેતપુર નાનીને મળવા પગપાળા નીકળેલા રૈયાના બંને ભાઈઓ શાપરથી મળી આવ્યા

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટના રૈયા ગામમાં રહેતા સગીર બે સગા ભાઈઓ બે દિવસ પહેલા ઘરેથી બકરીનું બચ્ચું લઈ નીકળી ગયા બાદ લાપતા બન્યા હતા. જે અંગે બાળકના પિતા દ્વારા પોલીસને જાણ કરવામાં આવતા યુની. પોલીસે અપહરણનો ગુનો નોંધી બંને બાળકોની શોધખોળ શરૂ કરી હતી. દરમિયાન આ બંને બાળકો શાપરમાંથી હેમખેમ મળી આવ્યા હતા.બંને બાળકો રાજકોટથી જેતપુર રહેતા નાનીના ઘરે જવા માટે ભાગ્યા હતા. પગપાળા શાપર સુધી પહોંચ્યા ત્યાં પોલીસે તેમને શોધી કાઢી પરિવારને સોંપ્યા હતા. ગુમ થયેલા બાળકોને પોલીસે તાકીદે શોધી કાઢતા પરિવારે પોલીસનો આભાર માન્યો હતો. રૈયા ગામમાં રહેતા રવિભાઈ વિકાણી બે બાળકો સુરેશ(ઉ.વ.૧૦) અને દેવરાજ(ઉ.વ.૮) તા. ૨૯ ના ઘરેથી બકરીનું બચ્ચું લઈ નીકળી ગયા બાદ લાપતા બન્યા હતા.



**» યુનિવર્સીટી પોલીસે અપહરણનો ગુનો નોંધ્યો હતો : પરિવારે પોલીસનો આભાર માન્યો**

બાળકોના પિતાએ પ્રથમ ઓડશ પાડોશમાં અને સગા સંબંધીઓમાં તપાસ કરી હતી. પરંતુ બંને બાળકોનો કોઈ પતો ન લાગતા અંતે પોલીસને જાણ કરવામાં આવી હતી.બનાવની ગંભીરતાને ધ્યાને લઈ ઉચ્ચ પોલીસ અધિકારીઓના માર્ગદર્શન હેઠળ યુની. પોલીસ મથકના પીઆઇ કે.કે. ગોહિલની રાહબરીમાં પીએસઆઇ આઇ.એ. બેલીમ તથા ટીમે બાળકોને શોધી કાઢવા માટે ટેકનિકલ સોર્સ તથા હ્યુમન સોર્સની મદદથી તપાસ આગળ ધપાવી હતી. દરમિયાન બંને બાળકો શાપરમાંથી હેમખેમ મળી આવ્યા હતા.પોલીસે તપાસ કરતા જાણવા મળ્યું હતું કે, બંને ભાઈઓ જેતપુર રહેતા તેના નાનીને મળવા માટે ઘરેથી ભાગ્યા હતા. પગપાળા શાપર સુધી પહોંચી ગયા હતા. દરમિયાન સોશિયલ મીડિયા પર બાળકો ગુમ થયાના સમાચાર વાયરલ થતા શાપરના ગૌભક્ત ભરતભાઈએ બંનેને ઓળખી કાઢ્યા હતા અને બંનેને બેસાડી નાસ્તો કરાવી પોલીસને જાણ કરી હતી. બંને ભાઈઓ વગર બકરીનું બચ્ચું રહેતું ન હોવાથી ઘરેથી નીકળ્યા ત્યારે તેને પણ સાથે લઈ ગયા હતા. આખો દિવસ પગપાળા શહેરમાં રખડતા રહ્યા હતા. બાદમાં જેતપુર તરફ જવા નીકળ્યા હતા. પોલીસે ગુમ થયેલા બંને બાળકોનુ પરિવાર સાથે મિલન કરાવતા પરિવાર પોલીસનો આભાર વ્યક્ત કર્યો હતો.



# ગાંધી જયંતી નિમિત્તે ગાંધીજીના જીવનના 'સુવર્ણ અવસરો'ની પ્રસ્તુતિ

## અશ્વિનભાઈ પટેલ દ્વારા ગાંધીજીની જીવનયાત્રાનું ઐતિહાસિક સંકલન

**સિટી ન્યૂઝ@રાજકોટ**



૨જી ઓક્ટોબર એટલે કે 'ગાંધી જયંતી' ના પવિત્ર દિવસે રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીના જીવનના અગત્યના પ્રસંગોને યાદ કરી શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી રહી છે. રાજકોટના ગરેડીયા કુવા રોડ સ્થિત ગીતા એન્જીનીયરીંગ કોર્પોરેશનના અશ્વિનભાઈ ચંદુલાલ પટેલે અખબારના તંત્રીશ્રીને પત્ર પાઠવીને ગાંધીજીની ૮૦ વર્ષની જીવનયાત્રાની સંક્ષિપ્ત હાઈલાઈટ્સ પ્રકાશિત કરવા માટે વિશેષ વિનંતી કરી છે. આ ઐતિહાસિક માહિતી ૯૫ વર્ષથી ભાવનગરથી પ્રસિદ્ધ થતા 'મોઢ મહોદય' નામના માસિકમાંથી એકત્ર કરવામાં આવી છે.

અશ્વિનભાઈ પટેલનો આ કાર્ય પાછળનો મુખ્ય ઉદ્દેશ્ય કિશોરો, પુખ્ત વયના અને ઉંમરલાયક લોકોમાં ગાંધીજીના વિચારોનો પ્રસાર કરવાનો છે. 'મારું જીવન એ જ મારો સંદેશ' ની વિચારધારા આજની ઉગતી પેઢીમાં સદાય જીવંત રહે તે માટે ગાંધીજીના આ 'સુવર્ણ અવસરો' નું સંકલન સર્વજન હિતાર્થે વિનામુલ્યે પ્રસિદ્ધ કરવાની અપીલ કરવામાં આવી છે. પત્રમાં ઉલ્લેખ કરાયો છે કે મોઢ વણિક જ્ઞાતિના ગૌરવ સમાન અને એકલવીર મહાત્મા ગાંધીજીએ સમગ્ર ભારતનું નામ દુનિયાભરમાં રોશન કર્યું છે.

આ સંકલિત અહેવાલમાં ૨ ઓક્ટોબર ૧૮૬૯ ના રોજ પોરબંદરમાં ગાંધીજીના જન્મથી લઈને તેમના શિક્ષણ, ૧૮૯૩ માં આફ્રિકા ગમન, સત્યાગ્રહની શરૂઆત અને ૧૯૧૫ માં સ્વદેશ વાપસીની વિગતો આવરી લેવાઈ છે. આ ઉપરાંત મીઠાનો કાયદો તોડવા માટેની દાંડીકૂચ, આઝાદીની લડતના અનેક આંદોલનો અને છેલ્લે 30 જાન્યુઆરી ૧૯૪૮ ના રોજ દિલ્હીના બિરલાભવન ખાતે પ્રાર્થના સભામાં જતાં નથુરામ ગોડસે દ્વારા ગોળી મારીને કરાયેલી હત્યા સુધીની ૮૦ વર્ષની સંપૂર્ણ ઐતિહાસિક સફરને તવારીખ મુજબ સુંદર રીતે રજૂ કરવામાં આવી છે.